દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 13 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 January 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
ગુરુવાર, ૧૫ જાન્યુઆરી ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## મુંબઈ મહાનગરપાલિકાની આજે ચૂંટણીઃ ૧,૭૦૦ ઉમેદવારનાં ભાવિ મતપેટીમાં સીલ થશે

# બીએમસીની ચાવી બળવાખોરોના હાથમાં?

**આ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારોની સંખ્યા ૨૦૧૭ કરતા ઓછી છે**

**૧,૭૦૦** કુલ આટલા ઉમેદવાર

**૮૨૨** પુરુષ મતદાર

**૮૭૮** મહિલા ઉમેદવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લગભગ નવ વર્ષ બાદ મુંબઈ મહાનગરપાલિકાની આજે યોજાઈ રહેલી ચૂંટણીમાં મુંબઈના ૧,૦૩,૪૪,૩૧૫ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ૨૨૭ બેઠકો માટે પોતાના નગરસેવક ચૂંટશે. મોટા રાજકીય પક્ષો સહિત અપક્ષના કુલ ૧,૭૦૦ ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં છે. આ ઉમેદવારોનું ભવિષ્ય આજે મતપેટીમાં સીલ થશે. જોકે ૧,૭૦૦માંથી સ્વતંત્ર રીતે લડી રહેલા ૫૩૫ ઉમેદવારમાંથી અમુક બળવાખોરો તેમના પક્ષના સત્તાવાર ઉમેદવાર વિરુદ્ધ ચૂંટણીને પક્ષને જ પડકાર ફેંક્યો છે. અપક્ષ અને બળવાખોરોને કારણે મતોનું વિભાજન થવાથી મોટા પક્ષોના ઉમેદવારોને ફટકો પડવાની ભારોભર શક્યતા છે.

રાજકીય પક્ષના સત્તાવાર ઉમેદવારો સામે ચૂંટણી લડનારા પક્ષના બળવાખોરો મતોનું વિભાજન કરીને ચૂંટણીના રિઝલ્ટમાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. પાલિકાની ચૂંટણીમાં અનેક વખત અપક્ષ ઉમેદવારો નિર્ણાયક ખેલાડી બની જતા હોય છે. અપક્ષ ઉમેદવારો પાસે મોટા પક્ષની મશીનરીનો અભાવ હોય છે પણ તેઓ મજબૂત સ્થાનિક નેટવર્ક અને સ્થાનિક રહેવાસીઓ સાથે પાયાનું જોડાણ ધરાવતા હોય છે. મોટા પક્ષોથી ઉદાસિન અને નારાજ રહેલા મતદારો સાથે અપક્ષ ઉમેદવારો સીધા સંપર્કમાં પણ હોય છે. તેમની હાજરી અનેક વખત મુખ્ય પક્ષોને તેમની વ્યૂહરચનામાં સુધારો કરવા અને સ્થાનિક મુદ્દાઓને વધુ ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાને મજબૂર કરતા હોય છે.

મુંબઈ મહાનગરપાલિકાની ૨૦૧૭ બાદ (જુઓ પાનું ૨) ▸▸

**૧,૦૩,૪૪,૩૧૫** કુલ આટલા મતદાર


**૫૫,૧૬,૭૦૭** આટલા પુરુષ મતદાર

**૪૮,૨૬,૫૦૯** આટલા મહિલા મતદાર

**૧૦,૨૩૧** આટલા પોલિંગ બૂથ

**૨,૨૭૮** આટલા મતદાન કેન્દ્ર

## ૯૦ વર્ષના દાદા, દિવ્યાંગ યુવતી વ્હિલચૅર પર મતદાન કરવા જવાના છે...



**...ને તમે?**

**મતદાન કરવાનું પ્લીઝ ચૂકતા નહીં**

### મતાધિકારનો ઉપયોગ ચોક્કસ કરીશ

૯૦ વર્ષના લખમશી રાંભિયાનું કહેવું છે કે દરેક ભારતીય નાગરિકે મતદાન કરવું આવશ્યક છે. મત આપવો એ આપણો અધિકાર છે અને તેનો ઉપયોગ સમજી વિચારીને કરવો જોઈએ. એટલે આજે હું મારા પરિવાર સાથે મારા ઘરની પાસે આવેલા પોલિંગ બુથમાં જઈને મારા મતાધિકારનો ઉપયોગ ચોક્કસ કરીશ. મત આપવા પહેલા કયો ઉમેદવાર સક્ષમ છે અને નાગરિકો દ્વારા ચૂંટાઈ આવ્યા બાદ તે મુંબઈ મહાનગરપાલિકામાં કામ કરશે કે નહીં તે બાબતે સમજી વિચારીને નિર્ણય લેવો જરૂરી છે. જે ઉમેદવારો સારા હોય અને મુંબઈ માટે મુંબઈના નાગરિકો માટે કામ કરી શકે તેવા લોકોને ચૂંટી લાવવો આપણો અધિકાર છે.



### રસ્તા ભલે ખોદેલા છે હું તો વોટિંગ કરીશ જ

જયારથી મત આપવાની ઉંમર થઈ અને મારો વોટિંગ કાર્ડ આવ્યો ત્યારથી મેં એક પણ વખત મત આપ્યો ન હોય એવું બન્યું નથી. હું જન્મથી જ શારિરીક રીતે અક્ષમ છું અને બહાર નીકળવું હોય ત્યારે વ્હિલચેરની મદદ લેવી પડે છે. લોકશાહીમાં સિંગલ વોટનું પણ મહત્ત્વ હોય છે એ હું સારી રીતે જાણું છે એટલે આજે પણ વોટ આપવા જઈશ. જોકે આ વખતે વોટિંગ આપવું મારે માટે બહુ મુશ્કેલ બની રહેવાનો છે. મારા ઘરની બહારના તમામ રસ્તાઓ ખોદી નાખવામાં આવ્યા છે અને મારી વ્હીલચેર પર જાતે ઘરની બહાર નીકળવું

## ચાંદીની તેજી રોકી રોકાતી નથીઃ ૧૪,૪૮૦ રૂપિયાનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ, વધી રહેલી રાજકોષીય અનિશ્ચિતતાઓ અને અમેરિકી ફેડરલ રિઝર્વની સ્વાયત્તતા સામેના પ્રશ્નાર્થ જેવાં પરિબળોને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સોના અને ચાંદીમાં સલામતી માટેની માગ પ્રબળ રહેતાં ભાવ વિક્રમ સપાટીએ પહોંચ્યા હોવાથી સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે ખાસ કરીને ચાંદીમાં કિલોદીઠ ૧૪,૪૮૦ રૂપિયાનો ઝડપી ઉછાળો આવ્યો હતો અને ભાવ ૨.૭૭ લાખ રૂપિયાની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ ૧૭૨૪થી ૧૭૩૧ રૂપિયાની આગેકૂચ જળવાઈ રહી હતી.

આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ચાંદીમાં ઝડપી તેજીનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ ૧૪,૪૮૦ રૂપિયા ઉછળીને ૨,૭૭,૫૧૨ રૂપિયાના મથાળે પહોંચ્યા હતા. જોકે, તેજીના આ તોફાનમાં માત્ર ઔદ્યોગિક વપરાશકારોની જ ખપપૂરતી માગ જોવા મળી હતી. આ સિવાય જ્વેલરી ઉત્પાદકો અને સ્ટોકિસ્ટોની માગ નિરસ રહી હતી. વધુમાં આજે (જુઓ પાનું ૨) ▸▸

## ઓ, અમિતકાકા...



ગુજરાતનો લોકપ્રિય તહેવાર ઉત્તરાયણ રાજ્યભરમાં અનેરા ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. સવારથી જ આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું હતું અને 'કાઈપો છે'ના અવાજ ગલીઓ ગુંજી ઉઠ્યા હતા. સામાન્ય નાગરિકોની સાથે રાજ્યના મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પણ અમદાવાદમાં વિવિધ વિસ્તારોમાં જઈને બુધવારે જનતા સાથે આ પર્વની મજા માણી હતી. અમિત શાહે સવારે અમદાવાદમાં પરિવાર સાથે ઉત્તરાયણની ઉજવણી કરી હતી. તેમણે વહેલી સવારે જગન્નાથ મંદિરમાં દર્શન કર્યા બાદ નારણપુરામાં ગુજરાત હાઉસિંગ બોર્ડના ફ્લેટ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કર્યું હતું. ત્યારબાદ નારણપુરામાં લોકો સાથે પતંગ ચગાવી હતી. નારણપુરાથી શાહ થલતેજ ગુરુદ્વારા દર્શન માટે પહોંચ્યા હતા. બપોર બાદ અમિત શાહ પત્ની સાથે અખબારનગરના આસ્થા ઓપલ ફ્લેટમાં અને નવા વાડજના અભિષેક એપાર્ટમેન્ટના લોકો સાથે ઉત્તરાયણ મનાવવા પહોંચ્યા હતા. બાજુના ધાબા અને અગાશી પરના બાળકોએ તેમને 'ઓ અમિતકાકા...' કહીને બૂમો પાડી હતી.પતંગ ચગાવવાની સાથે શાહે બોર અને જામફળની લિજ્જત માણી હતી. અમિત શાહ સોસાયટીના નાનાં બાળકો સાથે હળવા મૂડમાં જોવા મળ્યા હતા. (એજન્સી)■

## થાઈલેન્ડમાં ક્રેન પડી ટ્રેન પરઃ ૨૯ મોત



બેંગકોકઃ થાઈલેન્ડમાં બુધવારે એક કન્સ્ટ્રક્શન ક્રેન ચાલતી ગાડી પર પડતાં ઓછામાં ઓછા ૨૯ જણનાં મોત થયાં હોવાના અહેવાલ છે.

ચાલતી ગાડી પર ક્રેન પડતાં ટ્રેન પાટા પરથી ખડી પડી હતી. આ દુર્ઘટનામાં ૨૯ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૬૪ જણ ઘાયલ થયા હતાં.

ઘટનાની જાણ થતાં જ બચાવ અને રાહત ટુકડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ તેમ જ રાહત કામગીરી હાથ ધરી હતી. બચાવકર્તાઓ કાટમાળ હેઠળથી શોધી કાઢી ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી રહ્યા છે. ચીન અને ઈશાન એશિયાને જોડતા મહત્ત્વાકાંક્ષી હાઈસ્પિડ રેલ પ્રોજેક્ટના રૂટ પર આ ઘટના બની હતી. રેલવેના એલિવેટેડ હિસ્સા પર કામ કરવા ગોઠવવામાં આવેલી ક્રેન બેંગકોકથી ઉબોન રાટચથાની પ્રોવિન્સ જઈ રહેલી પ્રવાસી ટ્રેન પર પડી હતી.

પરિવહન ખાતાના પ્રધાન પિફેટે કહ્યું હતું કે ઘટના બની તે સમયે ૧૯૫ લોકો ટ્રેનમાં પ્રવાસ કરી રહ્યા હતા. (એજન્સી)

## ઈરાન-અમેરિકા યુદ્ધની ગણાતી ઘડીઓ

### ઈરાનમાંના ભારતીયોને તત્કાળ સ્વદેશ પાછા બોલાવાયાઃ તહેરાન મધ્ય-પૂર્વમાંના અમેરિકી લશ્કરી બૅઝ પર ત્રાટકી શકે છેઃ કતારમાં ઈરાનના હુમલાની શક્યતાઃ અમેરિકાએ પોતાના અમુક સૈનિકોને કતારથી પાછા બોલાવ્યાઃ રશિયાએ વૉશિંગ્ટનને ગંભીર પરિણામની ચેતવણી આપી

નવી દિલ્હીઃ ઇરાન પર અમેરિકાના હુમલાના વધતા ભયને કારણે ભારતે પોતાના નાગરિકોને ઇરાન નહિ જવાની અને ત્યાં રહેતા ભારતીયોને જરૂર પડે તો સ્વદેશ આવતા રહેવાની સલાહ આપી છે. દરમિયાન, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઇરાનમાંના શાસકો વિરુદ્ધ દેખાવ કરી રહેલા લોકોને ઉશ્કેરતા જણાવ્યું હતું કે ઇરાનમાંની સરકારી સંસ્થાઓ પર કબજો લઇ લો. તમને જરૂરી મદદ મોકલીશું.

કતારમાંના અમેરિકી લશ્કરના મથક ખાતેથી અમુક સૈનિકોને ત્યાંથી નીકળી જવાની સૂચના આપી છે. આમ છતાં, અમેરિકાના કેટલા સૈનિકોને કતારમાંથી નીકળી જવાની સૂચના અપાઇ છે? તે અંગે સ્પષ્ટતા નહોતી કરાઇ.

આમ છતાં, રશિયાએ અમેરિકાને ઇરાન પરના સંભવિત હુમલા સામે ચેતવણી આપી હતી અને તેના ગંભીર પરિણામ ભોગવવા માટે તૈયાર રહેવાનું કહ્યું હતું.

ઇરાનના સંરક્ષણ પ્રધાન અઝીઝ નાસરઝાદેહે પણ અમેરિકાને ચીમકી આપી હતી કે ઇરાનની પાસે દુશ્મનોનો સામનો કરવા 'અનેક સરપ્રાઇઝ' છે.

તહેરાને પોતના સર્વોચ્ચ વડા (જુઓ પાનું ૨) ▸▸

## આખા ગ્રીનલૅન્ડથી ઓછું કાંઈ ખપતું નથીઃ ટ્રમ્પ

વોશિંગ્ટનઃ ગ્રીનલેન્ડના વડા પ્રધાન જેન્સ-ફ્રેડરિક નીલ્સને મંગળવારે ડેન્માર્કના વડા પ્રધાન સાથે સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ગ્રીનલેન્ડ અમેરિકાના બદલે ડેન્માર્ક સાથે રહેવાને પસંદ કરશે. જેના પર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નીલ્સનને ચેતવણી આપી હતી.

ટ્રમ્પે ચીપિયો પછાડીને કહ્યું હતું કે, આખા ગ્રીનલૅન્ડ પર નિયંત્રણથી ઓછું અમેરિકાને કશું ખપતું નથી.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગ્રીનલેન્ડના વડાપ્રધાન (પ્રીમિયર) જેન્સ-ફ્રેડરિક નીલ્સનના નિવેદનનો જવાબ આપ્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી હતી કે આ ગ્રીનલેન્ડ માટે મોટી સમસ્યા ઊભી કરી શકે છે. અગાઉ ગ્રીનલેન્ડના વડા પ્રધાને કહ્યું હતું કે સ્વ-શાસિત ડેનિશ પ્રદેશ અમેરિકામાં સામેલ થવાના બદલે ડેન્માર્કનો ભાગ

(જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાન-સઉદીના ઇસ્લામિક નાટોમાં તૂર્કી પણ જોડાશે?

નવી દિલ્હીઃ સઉદી અરેબિયા અને પરમાણુ ક્ષમતા ધરાવતા પાકિસ્તાન વચ્ચે થયેલા સંરક્ષણ કરાર સાથે તૂર્કી જોડાવા જઈ રહ્યું હોવાનાં અહેવાલ છે. આ કરાર મુજબ કોઈપણ એક દેશ પર કરવામાં આવેલા હુમલાને કરારબદ્ધ બાકીના અન્ય દેશ પરનો હુમલો ગણી લેવામાં આવશે. આ જોગવાઈ 'નાટો' કરારની યાદ અપાવે છે.

આ અંગેની વાટાઘાટ અંતિમ તબક્કામાં છે અને જલદી જ તૂર્કી આ સંરક્ષણ કરારનો હિસ્સો બને તેવી શક્યતા છે.

દક્ષિણ એશિયામાં સઉદી અરેબિયા અને પાકિસ્તાન સાથે તૂર્કીના વધી રહેલાં હિતોને જોતાં આ જોડાણ તર્કબદ્ધ હોવાનું અનેક લોકોનું માનવું છે.

સઉદી અને પાકિસ્તાને ગયા વર્ષના સપ્ટેમ્બરમાં આ કરાર પર સહી કરી હતી.

## અમેરિકામાં રશિયા સહિત ૭૫ દેશના નાગરિકોને નો એન્ટ્રી

નવી દિલ્હીઃ અમેરિકાના વિદેશ ખાતાએ ૭૫ દેશથી આવતા નાગરિકોની વિઝા પ્રક્રિયાને સંપૂર્ણપણે રોકી દીધી છે અને તેનું મુખ્ય કારણ એ અરજકર્તાઓ પર ચાંપતી નજર રાખવાનો છે જેમની અમેરિકામાં સરકારી સહાયતા પર નિર્ભર બનવાની શક્યતા વધુ છે.

અમેરિકાના કરદાતાઓના રૂપિયા અને કલ્યાણકારી યોજનાઓના દુરુપયોગને રોકવા આ પગલું લેવામાં આવ્યું છે. આ ૭૫ દેશમાં રશિયા, અફઘાનિસ્તાન, ઈરાન, ઈરાક, નાઈજીરિયા, સોમાલિયા, મિસ્ત્ર, થાઈલેન્ડ, યમન અને બ્રાઝિલ સહિતના દેશોના નામ સામેલ છે. આ નવો નિયમ ૨૧ જાન્યુઆરીથી અમલી બનશે.

તપાસમાં જાણવા મળ્યું હતું કે આ દેશમાંથી અમેરિકા આવેલા હજારો નાગરિકો બનાવટી દસ્તાવેજોની મદદથી સરકારી સહાયતા મેળવી રહ્યા છે.(એજન્સી)

## ઉત્તર ભારતમાં મહિલાઓને ઘરે બેસાડી રાખવામાં આવે છેઃ ડીએમકેના દયાનિધિ મારને વિવાદ છેડ્યો

ચેન્નઈ : ડીએમકેના સંસદસભ્ય દયાનિધિ મારને ઉત્તર ભારતની મહિલાઓના દરજ્જાની તમિળનાડુની મહિલાઓની સાથે સરખામણી કરીને રાજકીય અને સામાજિક વિવાદ ઊભો કર્યો હતો.

ચેન્નઈમાં કવૈદ-એ-મિલ્લત કૉલેજ ઑફ વીમેનમાં વિદ્યાર્થીઓને સંબોધન કરતા મારને દાવો કર્યો હતો કે ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં છોકરીઓને શિક્ષણ અને કારર્કિદી બનાવવામાં નિરુત્સાહી કરવામાં આવે છે અને તેઓ ઘરે રહીને ઘરેલુ કામ કરે એવી અપેક્ષા રાખવામાં આવે છે, જ્યારે તમિળનાડુ મહિલા શિક્ષણ અને તેમના સશક્તીકરણને પ્રોત્સાહિત કરે છે. આપણી વિદ્યાર્થીનીઓએ આનો ગર્વ લેવો જોઈએ. ઉત્તર ભારતના રાજ્યોમાં છોકરીઓને કામ પર ન જવાની અને ઘરે રહીન ઘરેલુ કામકાજ કરવાનું કહેવામાં આવે છે.

મારને આ પ્રસંગનો ઉપયોગ શાસક ડીએમકે સરકારની સરાહના કરવા માટે કર્યો હતો. મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિને તમિળનાડુને ભારતનું ઉત્તમ રાજ્ય ગણાવ્યું હતું. સ્ટાલિને કહ્યું હતું કે હાલનું વહીવટીતંત્ર સામાજિક ન્યાય અને મહિલાના શિક્ષણને દ્રાવિડોની ચળવળ વખતે દેવામાં આવેલું મહત્ત્વ આપે છે. સમાજસુધારક પેરિયારનો ઉલ્લેખ કરીને સ્ટાલિને કહ્યું હતું કે દ્રાવિડ વિચારસરણીએ રાજ્યમાં છોકરીના શિક્ષણનો પાયો નાખ્યો છે અને હાલની સરકાર એ સિદ્ધાંતનું અનુસરણ કરી રહી છે.

જોકે મારનની ટિપ્પણી જે બધા ઉત્તર ભારતના રાજ્યો માટે સામાન્ય હતી એનાથી સોશ્યલ મીડિયા પર અને રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલુ થઈ ગઈ હતી. ચર્ચા પ્રદેશની લાક્ષણિકતા અને આખા ભારતમાં મહિલા શિક્ષણની વાસ્તવિકતા પર પહોંચી હતી. આ કાર્યક્રમ ઉલગમ કૈયિલ (વિશ્વ તમારા હાથોમાં) યોજનાનો ભાગ હતો અને આ હેઠળ અંતિમ વર્ગની ૯૦૦ વિદ્યાર્થીનીઓને લેપટોપ આપવામાં આવ્યું હતું.

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પીઓકે હોય કે શક્સગામ ખીણ, પાછું લેવા મર્દાનગી બતાવવી પડે

ભાજપના નેતાઓએ ચાઈનીઝ કોમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી)ના પ્રતિનિધીમંડળને દિલ્લીમાં પોતાના હેડક્વાર્ટરમાં નોંતરીને પરોણાગત કરી તેના કારણે શક્સગામ ખીણનો વિવાદ પાછો ચર્ચામાં છે. સામ્યવાદી ચીન ભાજપના હેડક્વાર્ટરમાં બેસીને જમી રહ્યા હતા એ પહેલાં ચીને ગેરકાયદેસર રીતે પચાવી પાડેલો શક્સગામ ખીણ વિસ્તાર પોતાનો હોવાનો દાવો કરેલો. ભાજપના બેશરમ નેતા તો ચીનાઓ સામે કશું બોલ્યા નહીં પણ આપણા આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ શક્સગામ ખીણ વિસ્તાર ભારતનો જ છે અને ચીનનો તેના પર કોઈ અધિકાર નથી એ વાત દોહરાવી છે. ભારત સરકારે અઠવાડિયા પહેલાં જ શક્સગામ ખીણમાં ચીન દ્વારા કરાઈ રહેલા બાંધકામ સામે વાંધો લીધેલો. આર્મી ચીફે પણ એ જ વાંધાનું પુનરાવર્તન કર્યું છે.

ચીન શક્સગામ ખીણના વિસ્તારને બથાવીને બેસી ગયું તેના મૂળમાં ૧૯૬૩નો ચીન-પાકિસ્તાન સીમા કરાર છે. પાકિસ્તાનના સરમુખત્યાર અય્યુબખાને ચીનની સરકાર સાથે કરેલા કરાર હેઠળ કાશ્મીરમાં પાકિસ્તાન અને ચીન વચ્ચેની સરહદ નક્કી કરાઈ છે અને આ વિસ્તારમાં ક્યો પ્રદેશ કોનો એ પણ નક્કી કરાયું હતું. ૧૯૫૯માં ચીને બહાર પાડેલા નકશામાં પાકિસ્તાનના કેટલાક વિસ્તારોને પોતાના બતાવેલા. તેની સામે અય્યુબ ખાને વાંધો લીધેલો પણ ચીને તેમને ગણકાર્યા નહોતો. ૧૯૬૦માં પાકિસ્તાને યુનાઈટેડ નેશન્સમાં ચીનની તરફેણમાં મતદાન કર્યું પછી ચીનને હેત ઉભરાયું તેથી પાકિસ્તાન સાથે કરાર કરી નાંખ્યો. આ કરાર ગેરકાયદે છે કેમ કે ચીન અને પાકિસ્તાન બંનેએ તેમનો કોઈ અધિકાર જ નથી એવા ભારતના વિસ્તારોની પણ ભાગબટાઈ આ કરાર હેઠળ કરી લીધી છે. જવાહરલાલ નહેરૂની સરકારે કરાર સામે વિરોધ કરેલો પણ નહેરૂ પાસે મર્દાના મિજાજ નહોતો તેથી વાંઝણા વિરોધ સિવાય કશું ના કર્યું.

દુનિયામાં બળિયાના બે ભાગ હોય છે. જે લડવા મેદાનમાં ઉતરે તેની સામે સૌ નમે પણ નહેરૂ પાસે એ મિજાજ જ નહોતો તેથી પાકિસ્તાન અને ચીને તેમના વિરોધને ઘોળીને પી જઈને ભારતનો હરામખોરી કરીને પચાવી પાડેલો લગભગ સવા લાખ ચોરસ કિલોમીટર જેટલો વિસ્તાર અંદરોઅંદર વહેંચી લીધો. તેમાં કાશ્મીરનો ૮૩ હજાર ચોરસ કિલોમીટરનો અને અક્સાઈ ચીનનો લગભગ ૪૦ હજાર ચોરસ કિલોમીટરનો વિસ્તાર આવી ગયો. એ વખતે પાકિસ્તાને શક્સગામ ખીણ વિસ્તાર તેના બાપનો માલ હોય એ રીતે ચીનને આપી દીધો હતો.

પાકિસ્તાને ૧૯૪૭માં જમ્મુ અને કાશ્મીરમાં આશરે ૮૩ હજાર ચોરસ કિલોમીટર ભારતીય પ્રદેશ પર ગેરકાયદે અને બળજબરીથી કબજો જમાવ્યો હતો. પીઓકે, ગિલગિટ-બાલ્ટિસ્તાન સહિતના વિસ્તારો બથાવીને બેઠેલા પાકિસ્તાને આ સીમા કરાર હેઠળ, શક્સગામ ખીણની ૫૧૮૦ ચોરસ કિલોમીટર જમીન ચીનને આપી દીધેલી જ્યારે બાકીની જમીન પોતાની પાસે રાખી.

ચીન અક્સાઈ ચીન તો બથાવીને બેઠેલું જ ને પાકિસ્તાને વધારાની જમીન આપી તેથી ભારતનો લગભગ ૪૨ હજાર ચોરસ કિલોમીટર વિસ્તાર ચીનના કબજામાં છે. આ પૈકી મોટો વિસ્તાર અક્સાઈ ચીનનો છે. ૧૯૪૭માં ભારત અસ્તિત્વમાં આવ્યું ત્યારે અક્સાઈ ચીનનો પ્રદેશ કોનો તેની કોઈ સ્પષ્ટતા નહોતી. અંગ્રેજોએ ભારત અને ચીન વચ્ચેની સરહદ નક્કી ના કરી તેના કારણે આ પ્રદેશ વિવાદાસ્પદ હતો. દેશ આઝાદ થયો ત્યારે ભારતે અક્સાઇ ચીન કાશ્મીર રાજ્યનો ભાગ હોવાનો દાવો કરેલો પણ ચીને અક્સાઈ ચીન પોતાના ઝિન્જીયાન્ગ પ્રાંતનો હિસ્સો હોવાનું જાહેર કરીને તેના પર કબજો કરી લીધો.

નહેરુ દમ વિનાના હતા તેથી ચીનને રોકી ના શક્યા તેમાં અક્સાઈ પણ આપણે ખોયું. ચીને પચાવી પાડેલા તિબેટ અને ઝિન્જીયાન્ગને જોડતા અક્કસાઈ ચીનમાં ચીને રસ્તો બનાવ્યો તેમાં ૧૯૬૨માં ભારત-ચીન યુદ્ધ થઈ ગયેલું. આ યુદ્ધમાં આપણે ખરાબ રીતે હાર્યા પછી અક્સાઈ ચીન પાછું લેવાની રહીસહી આશા પણ જતી રહી. અક્સાઈ ચીનના વિવાદમાં પાકિસ્તાન તો પહેલેથી ચિત્રમાં નહોતું છતાં ૧૯૬૫માં પાકિસ્તાને ચીન તરફ મિત્રતાનો દાવો કરીને આ વિસ્તાર પર ચીનના કબજાને માન્ય રાખ્યો છે.

ગિલગિટ-બાલ્ટિસ્તાનની નજીક આવેલો અક્સાઈ ચીન ૩૭,૨૪૪ ચોરસ કિલોમીટર વિસ્તાર ધરાવે છે. મીઠાની સપાટ ભૂમિનો વિશાળ રણપ્રદેશ ધરાવતું અક્સાઈ ચીન સમુદ્ર સપાટીથી આશરે ૫,૦૦૦ મીટરની ઊંચાઇએ છે. આ પ્રદેશમાં મોટા ભાગે આદિવાસીઓની વસતી છે. બર્ફીલી પહાડીઓ પરનો વિસ્તાર હોવાથી બહુ લોકો રહેતાં નથી અને છૂટાછવાયા સંખ્યાબંધ સ્થાનિક આદિવાસીઓના કબિલા છે. ચીને કબજો કર્યો પછી પોતાના સૈનિકો અને અધિકારીઓને ઠરીઠામ કર્યા છે પણ આદિવાસીઓ અને ચીનાઓની મળીને પણ માંડ દસ લાખની વસતી છે. આ વિસ્તાર વ્યૂહાત્મક રીતે મહત્ત્વનો છે તેથી ચીન ત્યાં મોટા પ્રમાણમાં બાંધકામ કર્યા જ કરે છે. આપણે શક્સગામની વાત કરીએ છીએ પણ અક્સાઈ ચીન વિશે તો કશું બોલતા જ નથી.

ચીને ભારતનો મોટો વિસ્તાર કબજો કર્યો તેમાં હાલની નરેન્દ્ર મોદી સરકારનો વાંક નથી. રાહુલ ગાંધી ચીને ભારતનો મોટો પ્રદેશ ૨૦૨૦ પછી કબજે કર્યો હોવાના દાવા કરે છે પણ સત્તાવાર રીતે આ વાતનો સ્વીકાર કરાતો નથી તેથી તેની વાત માંડવાનો મતલબ નથી. ચીને જે પ્રદેશ બથાવ્યો એ નહેરૂના સમયમાં બથાવેલો તેથી નહેરૂ જ તેના માટે દોષિત ગણાય પણ નહેરૂ પછી આવેલી સરકારોએ આ પ્રદેશો પાછો મેળવવા કશું ના કર્યું તેથી એ લોકો પણ નહેરૂની જમાતના જ કહેવાય. તેમાં ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, અટલ બિહારી વાજપેયી, ડો. મનમોહનસિંહ, નરેન્દ્ર મોદી સહિતના બધા વડા પ્રધાનો આવી ગયા. નહેરુ ચીનને કબજો કરતાં રોકી ના શક્યા ને તેમના પછીના વડા પ્રધાનો ચીને લુખ્ખાગીરી કરીને ચીને બથાવી પાડેલું એ પાછું ના મેળવી શક્યા.

આપણે અક્સાઈ ચીન, પીઓકે, શક્સગામ ખીણ સહિતના મુદ્દે સમયાંતરે નિવેદનો ફટકારીએ છીએ પણ તેનાથી આગળ કશું કરતા નથી કેમ કે આપણામાં ચીન સામે ભિડાવાની તાકાત નથી. આપણું આર્મી મરદની ભાષા બોલે છે પણ ખાલી આર્મીના મર્દાના મિજાજથી કશું ના થાય. શાસકો મરદ જોઈએ તો આપણો પ્રદેશ પાછો મળે. કમનસીબે અત્યાર લગી આ દેશને એવા મરદ કોઈ વડા પ્રધાન મળ્યા નથી. બલકે એવા વડા પ્રધાનો મળ્યા કે જેમની પાસે કમ સે કમ પાકિસ્તાન પાસેથી તો કાશ્મીરનો પ્રદેશ પાછો મેળવવાની તક હતી જ પણ એ તકને ના ઝડપી શક્યા. ૧૯૬૫, ૧૯૭૧ અને ૧૯૯૯ના યુદ્ધમાં આપણે પાકિસ્તાનને હરાવ્યું ત્યારે કાશ્મીરના કંકાસનો કાયમી નિવેડો લાવી દેવાની તક હતી જ પણ આપણા શાસકો દુનિયાના દાદા જેવા દેશો સામે ઝૂકી ગયેલા તેમાં કાશ્મીર પાછું ના આવ્યું. હમણાં ઓપરેશન સિંદૂર વખતે પણ આપણે પાકિસ્તાનને હરાવી રહ્યા હતા એવા દાવા કરાયા છે એ જોતાં તક હતી જ પણ આપણે અકારણ યુદ્ધવિરામ સ્વીકારીને એ તક રોળી નાંખી.

હવે ભવિષ્યમાં એવી તક આવશે એ ખબર નથી ને ચીનની વધી રહેલી તાકાતને જોતાં ચીનને તો આપણે પડકારી શકીએ એવી સ્થિતિમાં જ ક્યારેય આવી શકીશું કે કેમ તેમાં જ શંકા છે. આ સંજોગોમાં પીઓકે હોય કે શક્સગામ ખીણ, આપણે નિવેદનબાજીથી વધારે કશું કરી શકીએ એવું લાગતું નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, ગુરુવાર, તા. ૧૫-૧-૨૦૨૬, મકર સંક્રાંતિ કરિદિન

- ભારતીય દિનાંક ૨૫, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ વદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર,માહે ૬ઠ્ઠો શહેરેવર,સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ,માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૭મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૭ સુધી, પછી મૂળ
- ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૭ સુધી, પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૪, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતીઃ સવારે ક. ૦૯-૧૦, રાત્રે ક. ૨૨-૫૭
- ઓટઃ બપોરે ક. ૧૫-૪૩, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૨ (તા. ૧૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - દ્વાદશી. કરિદિન, મકર સંક્રાંતિ કરિદિન, મતુપોંગલ (દક્ષિણ ભારત), મંગળ મકરમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૬. વિંછુડો સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૭ (તા. ૧૬).
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, મકર સંક્રાંતિ કરિદીન હોઈ સાંસારિક, માંગલિક કાર્ય વર્જ્ય છે. બુધ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્રદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, હજામત, વાહન, યંત્ર પશુ લે-વેંચ, ખેતીવાડી, ઈત્યાદિ કાર્યો.
- આચમનઃ શુક્ર-હર્ષલ ત્રિકોણ લોકપ્રિયતા પ્રાપ્ત કરે.
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-હર્ષલ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-ધનુ/મકર, માર્ગી બુધ-ધનુ (બુધ અસ્ત), વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત), માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# યહ આંસુ મેરે દિલ કી ઝુબાં હૈઃ દુઃખને દૂર કરવાનો સેફ્ટી વાલ્વ

માનવંત હઝરત અલી સાહેબે ઈમાન, શ્રદ્ધા, આસ્થા લાવનાર એક સાથી - સંગાથી સહાબીને નસીહત, સલાહ - શિખામણ આપતા કહ્યું કે,

* ખૌફે ઈલાહી, અલ્લાહના ન્યાયના સત્ય ચુકાદામાં નીકળતા આંસુના એક એક બુંદ, ટીપાં જહન્નમ, દોઝખની આગના સમંદરને બુઝાવી દેશે.

* 'જો આજે તમે ખૌફે ખુદામાં રડ્યા તો કયામત, અલ્લાહના ન્યાય, ચુકાદાના દિવસે તમારી આંખો રોશન થશે...!'

- પવિત્ર કુરાનમાં રોવાનો ઉલ્લેખ છે

- આંખના એક ડૉક્ટરના જણાવ્યાનુસાર

* 'આંસુ નયનોની નાજુક આંતરત્વચાને સૂકી બનતા અટકાવે છે.'

* પ્રખ્યાત ડૉક્ટરોના સંશોધન મુજબ બાળક થોડીવાર આંસુ કાઢ્યા વગર રડે તો આંખ, કાન અને ગળાની આંતરત્વચા (મ્યુકસ મેમ્બ્રેન) સૂકી બની જાય છે અને તે ભાગ પર રોગના જીવાણુઓ સરળતાથી હુમલો કરી શકે છે.

એક સાયન્ટીસ્ટે ટેસ્ટ ટ્યુબમાં જીવતા રોગ જીવાણુઓ લાખોની સંખ્યામાં નાખ્યા અને પછી તેમાં ત્રણ ટીપાં આંસુનાં નાખ્યાં. તે બાદ તપાસતા જણાયું કે, બેક્ટેરિયા (જીવાણુઓ)નો નાશ થયો હતો. આમ આંસુઓમાં રોગોના જંતુઓને મારવાની અદ્ભુત ક્ષમતા છે, શક્તિ છે.

વિજ્ઞાને હજુ પગપેસારો પણ કર્યો નહોતો ત્યારે દીને ઈસ્લામે તેની ઈલાહી કિતામ કુરાન શરીમાં આંસુઓની જન્મજાત ફીત્રત (કુદરતી ટેવ)ની અગત્યતા વિશે ફરમાવી દીધું હતું. એટલે નયનો દ્વારા વહેતા અશ્રુઓને વહેવા દો, તેને ઈન્સાનની કમજોરી ન ગણો. બલકે રડવાથી, આંસુઓ વહાવવાથી મનનો મેલ ધોવાઈ જાય છે, દિલોદિમાગ પાક સાફ થાય છે. મન, હૃદય, દિમાગને અદ્ભુત સાંત્વના અને રાહત મળે છે તેની પાછળ રહેલા કુદરતી લાભાલાભનો અહેસાસ -અનુભૂતિ કરો.

છેલ્લા સંશોધન મુજબ તો દરેક માનવીની આંખમાંથી રોજેરોજ આંસુઓ નીકળે જ છે. ચોવીસ કલાકમાં દસ ઔંસ (એક ઔંસ ત્રીસ મિલીલિટર) અશ્રુ દરેક માનવીની આંખમાંથી નીકળે છે. કુદરતી આંસુ દર મિનિટે બે માઈક્રોલિટરના પ્રમાણમાં નીકળે છે એટલે કોઈ એમ કહે કે મને રડવું આવતું નથી. હું ગમે તેવા સંજોગોમાં પણ રડતો જ નથી તે સમજવું ભૂલ ભરેલું છે, પરંતુ વૈજ્ઞાનિકોના કહેવા મુજબ દરેક માનવી દરેક મિનિટે રડે છે, આ કુદરતે બક્ષેલી પ્રક્રિયા છે. આ કુદરતની કમાલ આંખમાં રહેલ અશ્રુગ્રંથિ (લેકરીમલ ગ્લેન્ડ કે ટીઅર ગ્લેન્ડ)ના લીધે થાય છે. સાયન્ટીસ્ટોની ગણતરી મુજબ જીવન દરમિયાન માણસ ૨૫ કરોડ વખત રડે છે.

* આપણે ત્યાં કોઈ દુઃખદ પ્રસંગે સંતૃપ્ત હૈયાનો ભાર હળવો કરવા માટે રૂદનને ઉત્તમ ઈલાજ ગણવામાં આવ્યો છે.

* સંસારમાં અનેક દુઃખ હસતા મુખે સહન કરતી બહેનો પણ દુઃખ હળવું કરવા માટે છાના ખૂણે કે જાહેરમાં રોઈ લેતી હોય છે.

* બાળકો તેમનું ધાર્યું ન થાય ત્યારે અથવા ધાર્યું કરાવવા માટે રડવાનો આશ્રય લે છે.

* રાજકારણીઓ પણ સમય આવ્યે આંસુ સારી લેવાનો કસબ અજમાવતા હોય છે.

- અમેરિકાના સંશોધકોએ વિવિધ પ્રકારના આંસુઓનું રસાયણિક સંશોધન કરીને જાહેર કર્યું છે કે લાગણીના આવેગથી નીકળતા સાચા આંસુથી માનસિક તાણ હળવી થાય છે અને આવું રડી લેવાથી રડનાર વ્યક્તિ અલ્સર, મધુપ્રમેહ અને જ્ઞાત તંતુના રોગોને દૂર રાખી શકે છે. આ વૈજ્ઞાનિકોએ કેટલાક સ્વંય સેવકોને ધુમાડાથી અને બીજાં રસાયણોથી આવેલા અશ્રુના નમૂના (સેમ્પલ) ચકાસ્યા હતા. આજ સ્વંય સેવકોને લાગણીના તાર ઝણઝણી ઊઠે અને માનવી કુદરતી રીતે જ રડી પડે તેવી ફિલ્મો બતાવીને રડાવવામાં આવ્યા હતા અને અશ્રુના સેમ્પલ (નમૂના) લેવામાં આવ્યા હતા. લાગણીના આવેગથી આવેલા આંસુમાં કેટલાક હોરમોન અને શરીરને નુકસાતકર્તા રસો જણાયા હતા. આ પદાર્થો અશ્રુવારે વહી જવાથી માનવી અમુક રોગોથી મુક્ત રહી શકે છે તેવું આ વૈજ્ઞાનિકોની ટુકડીએ જાહેર કર્યું હતું. આપણે ત્યાં અરેરાટીભર્યા પ્રસંગે પણ રોવું ખાળી શકતા માનવીઓને 'કઠણ કાળજા'ના કહેવામાં આવે છે, સાયન્ટીસ્ટોના સંશોધન પછી કઠણ કાળજાવાળાએ પણ રોતા શીખવાનું મન થાય તો નવાઈ નહીં. મુદ્દો એ છે કે એ આંસુ સાચા હોવા જોઈએ, બનાવટી નહીં.

- વહાલા જિજ્ઞાસુ વાચક મિત્રો!

- એક પ્રેરણાસ્રોત જે સનાતન સત્ય છે અને કદી મિથ્યા થતું નથી તે એ છે કે,

* દુનિયાના કોઈપણ ખૂણે જન્મતું બાળક પછી તે કાળો હોય કે ગોરો! કે પછી ઠીંગણો, લાંબો, ચપટો હોય કે સામાન્ય! જન્મતાની સાથે જ તેનો પહેલામાં પહેલો અમલ (વ્યવહાર, આચરણ) રડવાનો હોય છે અને જો તે રડતું નથી તો શ્વાસોશ્વાસ જેને અંગ્રેજીમાં 'રેસ્પીરેશન' કહેવામાં આવે છે તે ચાલુ થતાં નથી.

* યાદ રહે કે રડવાથી જ ફેફસાં કામ કરતા થાય છે અને જન્મતાની સાથે જ જો બાળક ના રડે તો તેને રડાવવાની સૌ પ્રથમ કોશિશ તબીબોની હોય છે.

વહાલા જિજ્ઞાસુ વાચક બિરાદરો! આજથી ૧૪૪૪-૧૪૪૫ વર્ષ પૂર્વે ઈસ્લામના પ્યારા પયગંબર હઝરત મુહંમ્મદ સાહેબે તેમના પર નાઝિલ થયેલ કુરાન મજીદમાં નબીઓના રડવાનો ઝીકર (ઉલ્લેખ) છે. ખુદ અલ્લાહના રસૂલ હઝરત મુહમ્મદ (સલ.) તેમના કાકા હઝરત હમઝાની શહાદત પર રડ્યા છે. મૌલા અલી અલૈયહિ સલ્લામ (અ.સ.) ભાઈ શહીદ જાફર બીન અબી તાલિબની શહાદત પર રડ્યા છે. રડવું એ તો પયગંબરોની સુન્નત (પવિત્ર આચરણ) છે.

ભાઈબંધ સમાજના એક જાણીતા શાયર જનાબ માથુર લખનવી સા'બે કેટલું સરસ કહ્યું છેઃ

રોના હય ગમે શાહ મેં
ફીત્રત કા તકાઝા,
બિદઅત ન કહો યહ હય
મોહમ્બત કા તકાઝા.
(બિદઅતઃ આશ્ચર્ય, કમજોરી, નિયમ વિરુદ્ધનું આચરણ)

ભારતમાં આયુર્વેદમાં જે તેર વેગો કહ્યા છે તેમાં આંસુનો પણ એક વેગ તરીકે ઉલ્લેખ છે. આ તેર વેગોને કદાપી રોકવા ન જોઈએ. રોકવાથી શરીરને અપાર નુકસાન થાય છે.

આધુનિક સંશોધન મુજબ પુરુષો કરતાં સ્ત્રીઓ જલદી રડે છે. અમેરિકન સાયકોલોજિસ્ટ વિલ્યમ બ્રિયાનના મત મુજબ અમેરિકન પુરુષો કરતાં ત્યાંની સ્ત્રીઓના લાંબા આયુષ્યનું રહસ્ય એ ત્યાંની સ્ત્રીઓમાં રડીને આંસુ વહેવા દેવાના ગુણનું પરિણામ છે.

- ડૉક્ટરોના કહેવા મુજબ જો પુરુષ પણ માનસિક આઘાતથી ત્રસ્ત થઈને રડીને આંસુને વહેવા દે તો તેઓને હૃદયરોગ, બ્લડપ્રેશર જેવી બીમારી ઘટી જાય છે. માનવીની દબાયેલી ભાવનાઓનો તનાવ (તાણ) દૂર થઈ જાય છે જેનાથી શારીરિક, માનસિક રાહતનો અનુભવ થાય છે.

* સ્ત્રીઓમાં રડવાનો ગુણ હોવાથી પુરુષોની અપેક્ષાએ સ્ત્રીઓને હાર્ટએટેક ઓછા આવે છે. રડવાથી હૃદય હળવું થઈ જાય છે, ટેન્શન ઓછું થઈ જાય છે.

* અમેરિકા અને જર્મનીમાં થયેલા સંશોધન મુજબ રડવાથી મન હલકું થઈ જાય છે.

* રડવાનું રોકી રાખવાથી માણસ કોઈવાર પાગલ થઈ જાય છે.

* રડવાનું રોકી રાખનારને માથાનો દુઃખાવો, હૃદયરોગ, ચક્કર આવવા, રોગપ્રતિકારશક્તિ ઘટવી વગેરે જેવી અનેક તકલીફો થાય છે.

- ટૂંકમાં મનોવૈજ્ઞાનિકોના મતે મુસીબતો અને માનસિક તાણની સ્થિતિમાં આંસુ સારવા એ દુઃખને હલકું કરવાનો 'સેફ્ટી વાલ્વ' હોઈને તેને વહેવા દો, રોકશો નહીં.

સાપ્તાહિક સંદેશઃ

'હે ઈન્સાન! તું સવારમાં ઉઠતાં અલ્લાહ પાસે દુઆ માગ કે તારાથી આજ કોઈ બુરાઈના કામ ન થાય, તેથી ખરેખર તારાથી બુરાઈના કામ છેટા થશે, કોશો દૂર રહેશે.

'ખરેખર અલ્લાહ બુરાઈથી બચાવનાર છે.

પયગંબર હઝરત મુહંમદ સલ.ના કથન, આચરણ - હદીસ

પહેલા પાનાનું ચાલુ

### રસ્તા ભલે ખોદેલા છે

રસ્તાઓ ખોદી નાખવામાં આવ્યા છે અને મારી વ્હીલચેર પર જાતે ઘરની બહાર નીકળવું મુશ્કેલ થવાનું છે. એટલે પોલિંગ બુથ સુધી જઈને મત આપવા જવા માટે મારે બીજા લોકોની મદદ લેવી પડવાની છે. છતાં હું મારી ફરજ જરૂરથી બજાવીશ. હું દિવ્યાંગો માટે કામ કરતી બિનસામાજિક સંસ્થા સાથે સંકળાયેલી છું. તેથી હું દરેક દિવ્યાંગોને અપીલ કરીશ કે બીજાની મદદ લઈને પણ બહાર નીકળજો અને તમારો અમૂલ્ય મત ચોક્કસ આપજો.

### બીએમસીની ચાવી

યોજાઈ રહેલી આ ચૂંટણીમાં ૫૩૫ અપક્ષ ઉમેદવાર છે, તેમાં રાજકીય પક્ષોએ તેમના પક્ષના કાર્યકર્તાઓને ટિકિટ નહીં આપતા પક્ષપલટો કરીને આવેલા લોકોને ટિકિટ આપી દેતા નારાજ થયેલા ઈચ્છુકોએ બળવાખોરીને અપક્ષ રીતે ચૂંટણી લડી રહ્યા છે. મુંબઈમાં આ વખતે ઘાટકોપર પૂર્વ વોર્ડ નંબર ૧૨૫ (રમાબાઈ નગર)માં સૌથી વધુ ૨૧ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે, જેમા અપક્ષ ઉમેદવારોની સંખ્યા જ ૧૧ છે. વોર્ડ નંબર ૧૪૩ મહારાષ્ટ્રનગરમાં પણ ૧૦ અપક્ષ ઉમેદવાર છે. તો બીજા વોર્ડમાં પણ આઠ અપક્ષ ઉમેદવાર મેદાનમાં છે. જોકે ૨૦૧૭ની પાલિકાની ચૂંટણીમાં ૭૧૦ અપક્ષ ઉમેદવાર મેદાનમાં હતા, તેના કરતા આ વખતે અપક્ષ ઉમેદવારોની સંખ્યા ઓછી છે. આ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારોની સંખ્યા ૨૦૧૭ કરતા ઓછી છે, છતાં અપક્ષ રીતે લડી રહેલા બળવાખોરો પક્ષના પરંપરાગત વોટ બેન્કને નુકસાન પહોંચાડી શકે છે, જેનાથી ચૂંટણી વધુ તીવ્ર સ્પર્ધા બની રહશે અને સત્તાવાર ઉમેદવાર માટે પણ જબરો પડકાર બની રહે એવી શક્યતા છે, જેમાં ઉદાહરણ તરીકે વોર્ડ નંબર ૯૫માં શિવસેના-મનસેના સત્તાવાર ઉમેદવારને બળવાખોર ઉમેદવારને કારણે ફટકો પડી શકે છે. વોર્ડ ૧૦૯ ભાંડુપમાં ભૂતપૂર્વ નગરસેવકે ભાજપે ટિકિટ નહીં આપતા બળવો કરીને સ્વતંત્ર રીતે ચૂંટણી લડતા ભાજપ-શિંદેની યુતિના ઉમેદવારને અસર થઈ શકે છે. આવા તો અનેક બળવાખોર ઉમેદવારોને ચૂંટણીના રિઝલ્ટને અસર કરી શકે છે.

### ચાંદીની તેજી

વિશ્વ બજાર પાછળ સોનામાં પણ તેજીની આગેકૂચ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ ૧૭૨૪ રૂપિયા વધીને ૧,૪૧,૪૪૬ રૂપિયાના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૭૩૧ રૂપિયા વધીને ૧,૪૨,૦૧૫ રૂપિયાના મથાળે રહ્યા હતા. તેમ જ ચાંદીની જેમ સોનામાં પણ ઊંચી સપાટીએથી સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહી હતી.

લંડન ખાતે આજે સત્રના આરંભે સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૪૬૨૭.૭૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, ગઈકાલે એક તબક્કે ઔંસદીઠ ૪૬૩૯.૪૩ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા હતા. તેમ જ આજે સોનાના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૪૬૩૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૯૧.૫૩ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ચાર ટકા વધીને ૯૦.૪૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

### ઈરાન-અમેરિકા યુદ્ધની

અલી ખામેનીના શાસનની વિરુદ્ધ દેખાવ કરી રહેલા લોકોને ફાંસી આપવાની ચેતવણી આપી હતી.

ઇરાનમાં શાસકો સામેના હિંસક દેખાવમાં અત્યાર સુધીમાં ૨,૦૦૦થી વધારે લોકો માર્યા ગયા હતા, સેંકડો ઘાયલ થયા છે અને અસંખ્ય લોકોની ધરપકડ કરાઇ છે.

ઇરાનના ચલણ રિયાલનું મૂલ્ય ઘણું જ ઘટી ગયું છે અને તેના દરેક પ્રાંતમાં શાસકોની વિરુદ્ધ આંદોલન થઇ રહ્યું હોવાનું કહેવાય છે. આ પ્રદર્શનને ડામવા સુરક્ષા દળો કડક કાર્યવાહી કરી રહ્યા છે. ઇરાનમાંથી વિદેશમાં ફોન કરવો મુશ્કેલ બન્યો હોવાથી અને ઇન્ટરનેટ સેવા લગભગ ઠપ હોવાથી આ દેશમાંની ઘણી વિગત બહાર નથી જતી.

ભારતના વિદેશ મંત્રાલયે ઇરાનમાંની મુશ્કેલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોતાના નાગરિકોને જરૂર ન હોય તો ઇરાન નહિ જવાની અને સ્વદેશ આવી જવાની સલાહ આપી છે.

રશિયાએ અમેરિકાને ચેતવણી આપી હતી કે અમેરિકા જો ઇરાન પર હુમલો કરશે, તો તે આખી દુનિયા માટે વિનાશક સાબિત થશે.

અગાઉ, ટ્રમ્પે ઇરાનની સાથે વેપાર કરનારા દેશો પર અમેરિકા સાથેના વેપારમાં પચીસ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી. ભારત, ચીન, સંયુક્ત આરબ અમીરાત (યુએઇ) દ્વારા ઇરાનની સાથે મોટા પાયે વેપાર કરાતો હોવાથી આ દેશો પર તેની સીધી માઠી અસર થશે. મોસ્કોએ પોતાના નાગરિકોને ઇરાનમાં ભીડવાળા સ્થળે નહિ જવાની સલાહ આપી હતી.

ઇરાનના એક ઉચ્ચ અધિકારીએ દાવો કર્યો હતો કે તહેરાને વૉશિંગ્ટન સાથેનો બધો સંદેશવ્યવહાર અટકાવી દીધો છે. (એજન્સી)

### આખા ગ્રીનલૅન્ડથી

રહેવા માંગે છે. એક મીડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે ટ્રમ્પ ટાપુ પર કબજો કરવા માટે સતત દબાણ કરી રહ્યા છે.

પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ વડા પ્રધાનના નિવેદન સાથે અસહમત છે અને કહ્યું હતું કે તેઓ તેમને ઓળખતા નથી. સારું છે, તે તેમની સમસ્યા છે. હું તેમની સાથે અસહમત છું. મને ખબર નથી કે તે કોણ છે. તેમના વિશે હું કાંઈ જાણતો નથી. પરંતુ તે તેમના માટે એક મોટી સમસ્યા બનવા જઈ રહી છે. કોપનહેગનમાં ડેન્માર્કના વડાપ્રધાન મેટ્ટે ફ્રેડરિકસન સાથે એક પત્રકાર પરિષદમાં બોલતા નીલ્સને કહ્યું કે સ્વાયત્ત આર્કટિક પ્રદેશ ડેનિશ રહેવાનું પસંદ કરશે. તેમણે કહ્યું હતું કે આપણે હવે ભૂરાજકીય કટોકટીનો સામનો કરી રહ્યા છીએ અને જો આપણે અહીં અને હાલમાં અમેરિકા અને ડેન્માર્ક વચ્ચે પસંદગી કરવી હોય તો અમે ડેન્માર્ક પસંદ કરીશું. ગ્રીનલેન્ડની ગઠબંધન સરકારે કહ્યું હતું કે અમેરિકા ફરી એકવાર ગ્રીનલેન્ડ પર કબજો કરવાની પોતાની ઇચ્છા જણાવી છે. આ એવી બાબત છે જેને ગ્રીનલેન્ડમાં શાસક ગઠબંધન કોઈપણ સંજોગોમાં સ્વીકારી શકે નહીં. ડેન્માર્ક કોમનવેલ્થના ભાગ રૂપે ગ્રીનલેન્ડ નાટોનું સભ્ય છે અને તેથી ગ્રીનલેન્ડનું સંરક્ષણ નાટો દ્વારા થવું જોઈએ. અમેરિકાના ઉપ પ્રમુખ જેડી વેન્સ અને વિદેશમંત્રી માર્કો રુબિયો ડેન્માર્ક અને ગ્રીનલેન્ડના વિદેશ પ્રધાનો સાથે વ્હાઇટ હાઉસ ખાતે બેઠક કરશે.

વિશ્વનો સૌથી મોટો ટાપુ ગ્રીનલેન્ડ ડેન્માર્કની અંદર એક સ્વ-શાસિત પ્રદેશ છે અને અમેરિકા નાટો ભાગીદાર છે. ડેનિશ અને ગ્રીનલેન્ડ બંને નેતાઓએ વારંવાર એવા કોઈપણ સૂચનને નકારી કાઢ્યું છે કે આ ટાપુ વેચી શકાય છે અથવા તેના પર કબજો કરી શકાય છે. તેમણે ભાર મૂક્યો છે કે ગ્રીનલેન્ડનું ભવિષ્ય તેના પોતાના લોકો દ્વારા નક્કી થવું જોઈએ.

# સુરત સહિત ગુજરાતભરમાં લોકો કરોડોનું ઊંધિયું ઝાપટી ગયા

અમદાવાદ: ગુજરાતમાં દરેક તહેવાર સાથે ખાણીપીણી જોડાયેલી છે. શિયાળામાં આવતા ઉતરાયણના તહેવારમાં ખાસ સુરત, અમદાવાદ, વડોદરામાં ઊંધીયું-જલેબી ખાવાની પ્રથા છે. લોકો આ સાથે તલસાંકડી, ચિક્કીની પણ જયાફતો ઉડાવે છે.

ખાવાપીવાના શોખિન એવા સુરતવાસીઓ બુધવારે વહેલી સવારથી ઊંધિયાની લાઈનમાં ઊભેલા જોવા મળ્યા હતા. શહેરના મોટા ભાગના વિસ્તારોમાં ઊંધિયાનો ભાવ ૫૦૦-૬૦૦ રહ્યો હતો. ગયા વર્ષની સરખામણીમાં લગભગ રૂ. ૧૦૦ વધુ હોવાનું લોકો કહેતા હતા. એક આંકડા પ્રમાણે એકલા સુરતમાં લગભગ રૂ. ૪૫ કરોડના ઊંધિયાનું વેચાણ થયું હોવાનું કહેવાય છે. જોકે શાકભાજી સહિતના ભાવને લીધે ઊંધિયું મોંઘું હોવાની ફરિયાદ પણ લોકો કરે છે.

માત્ર સુરત શહેર જ નહીં, પણ આસપાસના કામરેજ, પલસાણા અને ઓલપાડ જેવા વિસ્તારોમાં પણ ઊંધિયાના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં શાકભાજી સીધા ખેતરમાંથી આવે છે, ત્યાં પણ મજૂરી અને મસાલાના ભાવ વધતા ઊંધિયું મોંઘા ભાવે વેચાયું હતું. સુરતના પ્રખ્યાત 'માટલા ઊંધિયા' (ઉબાડિયું)ની માગ પણ આ વર્ષે ભારે રહી છે. મોટી હોટેલોથી માંડી એક દિવસ માટે ખોલવામાં આવેલી હાટડીઓમાં પણ ઊંધિયું ખરીદવા લોકોની લાઈન લાગી હતી.

માત્ર સુરત જ નહીં અમદાવાદ, વડોદરા અને રાજકોટમાં પણ ઊંધિયું ખાવાનો ક્રેઝ વધતો જાય છે. આ તમામ શહેરોમાં વિવિધ પ્રકારના ઊંધિયાનું ધોમ વેચાણ થાય છે. અગાસી પર જઈ પતંગ ચગાવી ઊંધિયું-પુરીને જલેબીનો આનંદ લેવામાં આવે છે. ઘણી સોસાયટીઓ સાથે મળી તહેવારો ઉજવે છે, તો આજે પણ અમદાવાદ જેવા શહેરોમાં પોળ વિસ્તારમાં લોકો ખાસ પતંગ ચગાવવા આવે છે.

# પતંગે ગુજરાતમાં દસ વર્ષના બાળક સહિત ચારનો જીવ લીધો, અનેક ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉત્તરાયણની ઉજવણી ગુજરાતમાં ખૂબ જ રંગેચંગે થાય છે, પરંતુ દર વર્ષે પતંગની દોરી અથવા પતંગ પકડવા જતા પતંગરસિયાઓ ઈજાગ્રસ્ત થાય છે અને અમુક કિસ્સામાં જીવ પણ ગુમાવે છે. આવી જ અલગ અલગ ઘટનાઓમાં ગુજરાતમાં ચાર જણે જીવ ગુમાવ્યા હતા, જેમાં એક ૧૦ વર્ષના બાળકનો પણ સમાવેશ થાય છે. વડોદરાના વાઘોડિયા રોડ ખાતે પતંગની કપાયેલી દોરી પકડવામાં જતા એક ૩૩ વર્ષીય યુવાનનું મોત નિપજ્યું હતું. અહીં રહેતા શંકર રાઠવા નામનો યુવક વીજલાઈનમાં ફસાયેલી પોતાની પતંગ કાઢવા જતો હતો, ત્યારે દોરી પકડતા જ તેને કરંટ લાગ્યો હતો અને તે ઢળી પડ્યો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ તેણે સારવાર દરમિયાન દમ તોડી દેતા ઉજવણી માતમમાં ફેરવાઈ હતી. યુવક ત્રણ વર્ષના બાળકનો પિતા હતો અને પરિવારનો આધાર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તો વડોદરા જિલ્લાના કરજણ વિસ્તારમાં ૧૦ વર્ષના બાળક હિમાંશુ કશ્યપનું પણ પતંગને કારણે મોત નિપજ્યું હતું. બાળક પતંગ પકડવા દોડતો હતો ત્યારે ઝડપથી આવેલી કારની હડફેટે આવી જતા તેને ગંભીર ઈજા પહોંચી હતી, તેનું પણ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અન્ય કિસ્સાઓમાં ભરૂચ જિલ્લાના પિલુદરા ગામ, જંબુસર અને અરવલ્લીના બાયડ તાલુકામાં પતંગની તીક્ષ્ણ દોરીના કારણે ગળું કપાઈ જતા બે યુવકનાં મોત થયાં હતાં.

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ચોઇલા ગામમાં મોપેડ લઈને જતાં એક સગીર યુવકનું ચાઈના દોરીને કારણે ગળું કપાતાં મોત થયું છે. ૧૭ વર્ષીય તીર્થ પટેલ નામના યુવકના ગળામાં દોરી ભરાઈ જતાં તે પડી ગયો હતો. તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કરી દીધો હતો. ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના પીલુદરામાં પતંગની દોરીના કારણે એક યુવકનું મોત થયું હતું. રાહુલ પરમાર નામનો વ્યક્તિ બાઈક લઈને જતો હતો તે દરમિયાન દોરી ગળામાં આવી જતાં તેનું મોત થયું હતું.

આવી જ ઘટનાઓ આણંદ, બગોદરા-બાવળા, રાજકોટ અને અમદાવાદમાં પણ બની હતી, જેમાં પતંગની દોરીને કારણે ગંભીર ઈજા થતા દરદીઓ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. તો રાજકોટમાં એક મહિલા અગાસી પરથી પડી ગઈ હોવાથી તેને ઈજા થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવી હોવાની ઘટના ઘડી હતી.

# ત્રીજા એડમિશન રાઉન્ડમાં નીટ-પીજીના કટ ઓફ્ફ પર્સેન્ટાઈલમાં કર્યો ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં મેડિકલ કોલેજોમાં અનુસ્નાતક કક્ષાના કોર્સની બેઠક ખાલી પડી છે અને તેને ભરવા માટે હવે ત્રીજો રાઉન્ડ શરૂ થવાનો છે. આ માટે ગુજરાતની મેડિકલ કોર્સ માટેની એડમિશન કમિટીએ પાત્રતા માટેના પર્સન્ટાઈલમાં ઘટાડાની જાહેરાત કરી છે. બે રાઉન્ડ બાદ પણ બેઠકો ખાલી રહેતા હવે ત્રીજા રાઉન્ડની શરૂઆત કમિટી કરશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. મંગળવારે કમિટીએ જાહેરાત કરી હતી કે જનરલ કેટેગરીમાં સાત પર્સેન્ટાઈલ, વિકલાંગ વ્યક્તિઓમાં પાંચ પર્સેન્ટાઈલ અને અનામત શ્રેણીના વિદ્યાર્થીઓ માટે શૂન્ય પર્સેન્ટાઈલ (માઈનસ ૪૦ ગુણ) ધરાવતા અરજદારોને બુધવારે જાહેર થનારા ત્રીજા રાઉન્ડમાં લાયક ગણવામાં આવશે. એમડી-એમએસ જેવા અભ્યાસક્રમોમાં નીટના આધારે પીજી પ્રવેશ ફાળવવામાં આવે છે. પ્રવેશ માટે નોંધણી જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૫૦ પર્સેન્ટાઈલ, વિકલાંગ માટે ૪૫ અને અનામત શ્રેણીના વિદ્યાર્થીઓ માટે ૪૦ પર્સેન્ટાઈલ ફરજિયાત બનાવવામાં આવ્યા હતા. આ પર્સેન્ટાઈલ સાથે પ્રવેશ સમિતિ દ્વારા બે રાઉન્ડ પૂર્ણ કરવામાં આવ્યા છે, તેમ અધિકારીએ જણાવ્યું હતું.

બે રાઉન્ડ પછી દેશભરનાં વિવિધ રાજ્યોમાં ૨૦,૦૦૦ થી વધુ પીજી મેડિકલ બેઠક ખાલી છે.

# ઉત્તરાયણની મજા વચ્ચે ઈમર્જન્સી કેસ વધ્યા, સાંજ સુધીમાં ૩,૮૧૦ કેસ નોંધાયા

અમદાવાદ: ગુજરાતમાં ઉત્તરાયણની મજા કેટલાક લોકો માટે સજા બની હતી. પર્વ દરમિયાન રાજ્યમાં ઈમરજન્સી કેસ અચાનક વધ્યા હતા, સાંજે ૬ વાગ્યા સુધીમાં ૩૮૧૦ કેસ નોંધાયા હતા. રાજ્યમાં સાંજે છ વાગ્યા સુધીમાં ૪૯૨નો વધારો થયો હતો. ગત વર્ષના ૩,૩૧૮ની સામે ૩,૮૧૦ કેસ નોંધાયા હતા. શરૂઆતમાં તો ૧૪૦નો ઘટાડો થતાં રાહત અનુભવાઈ હતી, પરંતુ બપોર બાદ અચાનક ૪૯૨ કેસનો વધારો થયો હતો. જેથી આરોગ્ય તંત્ર દોડતું થયું હતું. ઉત્તરાયણના તહેવારને પગલે અકસ્માતોની સંખ્યાને પહોંચી વળવા માટે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરાયો હતો. ૧૦૮ સેવા દ્વારા અનુમાન લગાવાયું હતું કે, ઉત્તરાયણના દિવસે ૫૧૯૧ જેટલા ઈમરજન્સી કેસ નોંધાઈ શકે છે. સામાન્ય દિવસોમાં રોજ આશરે ૪૪૦૦ ઈમરજન્સી કેસ નોંધાતા હોય છે જેની સામે ઉત્તરાયણમાં તેમાં ૩૦ ટકા જેટલો વધારો થતો હોય છે. જેથી આ વખતે પણ આ કેસમાં વધારો થાય તેવું અનુમાન લગાવવામાં આવ્યું હતું. ઈમરજન્સી કેસોમાં ૧૪૦ જેટલો ઘટાડો થયા બાદ અચાનક ૪૯૨ કેસનો વધારો થયો હતો.

# અમદાવાદમાં ચાઈનીઝ દોરીથી ઈજાના કેસોમાં ૪૭ ટકાનો તોતિંગ ઉછાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ઉત્તરાયણ પૂર્વે જ ચાઈનીઝ દોરીએ લોહીની હોળી ખેલવાનું શરૂ કરી દીધું છે. બોપલ-શેલા અને નરોડા વિસ્તારમાં ટુ-વ્હિલર પર પસાર થઈ રહેલા બે નિર્દોષ નાગરિકો આ જીવલેણ દોરીનો શિકાર બન્યા હતા. હેલ્મેટ અને દુપટ્ટો બાંધ્યો હોવા છતાં નાયલોન દોરીએ બ્લેડની જેમ ચામડી ચીરી નાખતા બંનેને હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું. ચાઈનીઝ દોરીથી ઈજાગ્રસ્ત થનારા આંકડા પર એક નજર કરીએ તો ગત વર્ષની સરખામણીએ ઈજાના કિસ્સાઓમાં સીધો ૪૭ ટકાનો વધારો જોવા મળ્યો હતો. જે પોલીસની કામગીરી અને જનજાગૃતિ સામે મોટા સવાલ ઊભા કરે છે.

# ૪૦ કરોડના સ્ટોક માર્કેટ કૌભાંડનો પર્દાફાશ, નવ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ફરી ૪૦ કરોડના સ્ટોક માર્કેટ કૌભાંડનો પર્દાફાશ સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે કર્યો હતો. આ વખતે પણ મોડ્સ ઑપરેન્ડીમાં રોકાણકારોને મોટા વળતરની લાલચ આપી તેમના પૈસા પચાવી લેવાની જ રહી હતી. આરોપીઓએ ૪૦ કરોડ કરતા વધારે નાણાંની ઉચાપત કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ કૌભાંડ પકડાયાને એક મોટી કાર્યવાહી ગણી શકાય, પરંતુ હજુ સુધી ખૂબ જ ઓછાં નાણાં રિકવર થઈ શક્યાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ધરપકડ કરાયેલા લોકો મુખ્યત્વે બેંક ખાતાધારકો, ખાતા ભાડે રાખનારાઓ અને એન્ટ્રી ઓપરેટરો છે જેમણે છેતરપિંડી કરેલાં નાણાંના ટ્રાન્સફર અને લેયરિંગમાં મદદ કરી હતી.

માનવામાં આવે છે કે માસ્ટરમાઇન્ડ વિદેશથી કામ કરી રહ્યા છે, જેમને તાત્કાલિક પકડવા ભારતીય તપાસ એજન્સીઓ માટે અઘરું કામ છે. આ પીડિતોમાં ત્રણ સિનિયર સિટિઝન છે અને સાથે રાજકોટ, વડોદરા, વલસાડ અને અમદાવાદના બિઝનેસમેન પણ છે. આ લોકો સાયબર ફ્રોડ કરનારાઓની ઝપટમાં આવી ગયા હતા અને મોટી રકમ તેમના ખાતામાં ટ્રાન્સફર કરી હોવાનું જાણવા મળ્યું હતું.

તપાસ દરમિયાન એવું બહાર આવ્યું છે કે અત્યાર સુધી ધરપકડ કરાયેલા આરોપીઓ તેમના બેંક ખાતા ભાડે આપી રહ્યા હતા અથવા નાના કમિશનના બદલામાં તેમના ખાતાનો ઉપયોગ કરવાની મંજૂરી આપી રહ્યા હતા. તપાસકર્તાઓને પુરાવા મળ્યા છે કે સાયબર છેતરપિંડીના નાણાંની ઉચાપત કરવા માટે બોગસ કંપનીઓ શરૂ કરવામાં આવી રહી હતી. જોકે નેટવર્કનો પર્દાફાશ કર્યા બાદ નાણાં રિકવર થયાં ન હોવાથી ઘણા સવાલો ઊઠી રહ્યા છે. જોકે પોલીસ સૂત્રોના કહેવા અનુસાર તપાસ ચાલુ છે અને વિદેશી ઓપરેટર તેમ જ માસ્ટરમાઈન્ડને શોધવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

જોકે આ પહેલીવાર નથી કે ઊંચા વળતરની લાલચ આપી છેતરામણી થઈ હોય, આવા અનેક કિસ્સા પ્રકાશમાં આવ્યા છે.

# ગાંધીનગરમાં ટાઈફોઈડના ૨,૦૦૦થી વધુ કેસ હોવાનો કૉંગ્રેસનો દાવો, તંત્ર પર આંકડા છુપાવવાનો આક્ષેપ

અમદાવાદ: ગાંધીનગરમાં છેલ્લા ૧૫ દિવસથી ફાટી નીકળેલા ટાઈફોઈડના રોગચાળામાં હવે તંત્ર અને વિપક્ષ સામસામે આવી ગયા છે. એક તરફ મ્યુનિસિપલ કોર્પોરેશન એવો દાવો કરી રહ્યું છે કે, લિકેજ બંધ થતા હવે ટાઈફોઈડની ગતિ ધીમી પડી છે, ત્યારે બીજી તરફ કૉંગ્રેસે અસરગ્રસ્ત વિસ્તારોમાં રૂબરૂ સર્વે કરી મનપાના આંકડાઓને ખોટા ગણાવ્યા હતા. મનપાની સત્તાવાર યાદી મુજબ, ૨૯ ડિસેમ્બર પછી પ્રથમ વખત ૧૨ તારીખે નવા કેસનો આંકડો સિંગલ ડિજિટ એટલે કે ૭ પર પહોંચ્યો છે. તંત્રએ જણાવ્યું હતું કે,નવા લિકેજની સંખ્યા શૂન્ય થઈ છે અને ક્લોરિન ટેસ્ટમાં પાણી પીવાલાયક હોવાનું જણાયું છે. કૉંગ્રેસ દ્વારા આક્ષેપ કરાયો હતો કે, તંત્ર આંકડા છુપાવે છે ખરેખર વાસ્તવિકતા અલગ છે. કૉંગ્રેસના કાર્યકરો દ્વારા શહેરના અનેક વિસ્તારોમાં ડોર ટુ ડોર સર્વે કરવામાં આવ્યો હતો. જે દરમિયાન માત્ર સેક્ટર-૨૪માંથી જ ૨૫૦થી વધુ દર્દીઓ મળી આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. કૉંગ્રેસના કાર્યકરોએ લેબોરેટરી રિપોર્ટ અને હૉસ્પિટલના ડૉક્ટરોના પ્રિસ્ક્રિપ્શન સહિતના પુરાવા પણ રજૂ કર્યા છે. જે આ દર્દીઓને ટાઇફોઇડ હોવાની પુષ્ટી કરે છે. સમગ્ર શહેરમાં ટાઇફોઇડના ૨ હજારથી વધુ કેસ હોવાનો દાવો કૉંગ્રેસે આરોપ લગાવ્યો હતો.

કેટલાય દર્દીઓને સિવિલમાં યોગ્ય સારવાર ન મળતા તેઓ ખાનગી હૉસ્પિટલોમાં દાખલ થયા છે. કૉંગ્રેસે મ્યુનિસિપલ કમિશનરને પુરાવા સાથે આમને-સામને આવવા પડકાર ફેંક્યો હતો.

કૉંગ્રેસે ટાઈફોડમાં મૃત્યુ પામેલી બાળકીના પરિવારને ૪ લાખની સહાય આપવા, ખાનગીમાં સારવાર લેનાર દર્દીઓનો ખર્ચ મનપા ભોગવવા, પાઇપલાઇન નાખનાર ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવા અને ભ્રષ્ટ અધિકારીઓ સામે પગલાં ભરવા માંગણી કરી હતી. તે ઉપરાંત કૉંગ્રેસે ટાઈફોઈડના સાચા આંકડા જાહેર કરી જવાબદારો સામે 'માનવવધ'નો ગુનો દાખલ કરવાની પણ માગ કરી હતી. કૉંગ્રેસ ચીમકી ઉચ્ચારી હતી કે, આ માગણીઓ નહીં સંતોષાય તો મેયર, કમિશનર અને કોર્પોરેટરોના ઘરનો ઘેરાવો કરવામાં આવશે.

# ગાંધીનગરમાં ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીને મનપાએ ૪૦ હજારનો દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસમાં થયેલા વધારાએ મહાનગરપાલિકાને સફાળી જાગતી કરી દીધી છે. હાલમાં મનપા કોઈપણ પ્રકારનો નિયમભંગ સાંખી લે તેમ નથી ત્યારે એક ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીએ કરેલા કચરા અને ગંદકી બદલ તેને રૂ. ૪૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

હાલમાં પણ ટાઈફોઈડના નવા કેસ નોંધાઈ રહ્યા છે અને અમુક દરદીઓ સારવાર હેઠળ છે. ટાઈફોઈડનો વિસ્ફોટ થતા મનપાએ ગંદકી ફેલાવનારાઓ સામે લાલ આંખ કરી છે. પાણીના લીકેજને યુદ્ધના ધોરણે બંધ કરવામાં આવી રહ્યા છે. વિવિધ ટીમ શહેરમાં કોઈપણ પાણીજન્ય કે મચ્છરજન્ય રોગ ન ફેલાય તેની કાળજી લેવામાં આવી રહી છે.

આ દરમિયાન મહાત્મા મંદિર ખાતે આઈવી ઔરા નામની એક ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીએ ફૂલો સહિતના સુશોભનનો કચરો જાહેરમાં ફેંકી દીધો હતો. કચરાનો યોગ્ય નિકાલ ન કરતા જાહેરસ્થળે ગંદકી ફેલાવવા બદલ તેમને રૂ. ૪૦,૦૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

# સુપ્રીમ કોર્ટની સુનાવણી બાદ અમદાવાદ મનપાએ ત્રણ ડૉગ શેલ્ટર બનાવવાનો નિર્ણય કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુપ્રીમ કોર્ટે રખડતા શ્વાન મામલે ફરી લાલ આંખ કરી છે ત્યારે અમદાવાદ મહાનગરપાલિકાએ ત્રણ ઢોરના ડબ્બાને ડોગ શેલ્ટરમાં ફેરવવાનો નિર્ણય કર્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ સાથે મનપાએ શ્વાન ગણતરીનું ટેન્ડર ફરી બહાર પાડ્યું હતું. મંગળવારે સુપ્રીમ કોર્ટે શ્વાનના કરડવાથી થતા મૃત્યુ અથવા તો ઈજાઓનું ભારે વળતર રાજ્ય સરકારે આપવું પડશે તેવી ટકોર કરી હતી. સુપ્રીમ કોર્ટે રખડતા શ્વાન મામલે આપેલા નિર્દેશોએ સ્થાનિક તંત્રને ચિંતામાં મૂકી દીધું હોવાનું પણ એક અધિકારીએ જણાવ્યું હતું.

મનપાએ કરેલા નિર્ણય અનુસાર નરોડા, વસ્ત્રાલ અને લાંબામાં ત્રણ ઢોરના ડબ્બાને રખડતા શ્વાન માટે શેલ્ટર હોમમાં ફેરવવામાં આવશે. જેમાંથી એક પહેલી માર્ચ અને બીજા બે ૨૬ માર્ચથી કાર્યરત થશે. જોકે એક અંદાજ પ્રમાણે શહેરમાં ૨.૧૦ લાખ જેટલા શ્વાન છે અને આ ત્રણેય શેલ્ટર હોમમાં મળીને ૬૫૦ જેટલા શ્વાન જ રાખી શકાશે.

આથી આ વ્યવસ્થા પૂરતી નથી.

અમદાવાદમાં રખડતા શ્વાન કરડવાના કિસ્સાઓ જોતા સ્થિતિ કેટલી ગંભીર છે તે સમજી શકાય. વર્ષ ઓક્ટોબર ૨૦૨૫થી જાન્યુઆરી, ૨૦૨૬માં અત્યાર સુધીમાં શહેરમાં લગભગ ૬૬,૦૦૦ કરતા વધારે લોકોને શ્વાન કરડવાની ઘટના નોંધાઈ હતી એટલે કે દરરોજ ૧૮૧ શ્વાન કરડવાના કિસ્સા માત્ર અમદાવાદમાં બન્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# રાહુલ ગાંધીનો પતંગ ૨૦૨૭ તો શું, ૨૦૨૮માં પણ ઉડવાનો નથી: સી. જે. ચાવડાનો કૉંગ્રેસ પર કટાક્ષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં મકરસંક્રાંતિ એટલે કે ઉત્તરાયણના પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી થઈ હતી. સામાન્ય લોકોની સાથે સાથે નેતાઓએ પતંગબાજીની મજા માણી હતી. આ દરમિયાન ભાજપના નેતા સી. જે. ચાવડાએ કૉંગ્રેસની ફરકી લેવાની તક ઝડપી લીધી હતી. કૉંગ્રેસનો સાથ છોડીને ભાજપમાં જોડાયેલા વિજાપુરના ધારાસભ્ય સી. જે. ચાવડાએ પતંગ ચગાવતી વખતે પોતાના જૂના પક્ષ કૉંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા અને પોતાની વર્તમાન રાજકીય સ્થિતિ અંગે મહત્ત્વનું નિવેદન આપ્યું હતું.

તેમણે ઉત્તરાયણની મજા માણતાં માણતાં રાજકીય ભવિષ્યવાણી કરતા જણાવ્યું હતું કે, તેમને પૂરો વિશ્વાસ છે કે તેમનો રાજકીય પતંગ પણ ઊંચા આકાશમાં ઊડશે. તેમણે પોતાના ભૂતકાળને યાદ કરતા એક રૂપકનો ઉપયોગ કર્યો હતો અને કહ્યું હતું કે, અગાઉ તેમની પાસે દોરી સારી હતી અને પવન પણ સારો હતો, પરંતુ તેઓ જે જગ્યાએ (કૉંગ્રેસમાં) હતા તે જગ્યા જ સારી નહોતી, જેના કારણે પતંગ બરાબર ચગ્યો ન હતો. હવે યોગ્ય જગ્યા મળતા તેમનો વારો પણ આવશે અને પતંગ ચોક્કસ ચગશે.

ભાજપની આંતરિક કાર્યશૈલી અને શિસ્તના વખાણ કરતા ચાવડાએ કહ્યું હતું કે, ભારતીય જનતા પક્ષ (ઇઉંડ) માં એક ખાસિયત છે કે અહીં બધા વારાફરતી પતંગ ઉડાવે છે. અહીં કોઈ એકબીજાના પતંગ કાપવા માટે અંદરોઅંદર પેચ લડાવતું નથી, જે સંગઠનની મજબૂતી દર્શાવે છે.

તેમણે કટાક્ષ કરતા કહ્યું કે જ્યારે પક્ષે પતંગ ખરીદ્યા જ હોય, તો તેને ઉડાવવા તો પડે જ. બીજી તરફ તેમણે કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી પર નિશાન સાધતા તેમણે કહ્યું હતું કે વિરોધ પક્ષોમાં સ્થિતિ વિપરીત છે. ત્યાં મુખ્ય પતંગ કોણ બનશે તેની જ ખેંચતાણ ચાલી રહી છે અને દોરી હાથમાં આવે તે પહેલાં તો લૂંટફાટ થઈ જાય છે.રાહુલ ગાંધીને નિશાન બનાવતા સી. જે. ચાવડાએ મોટી આગાહી કરી હતી.

# અમદાવાદની કાતિલ ઠંડીમાં હવા વધુ ઝેરી બની, એક્યૂઆઈ ૨૫૦ જેટલો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર સહિત સમગ્ર રાજ્યમાં ૧૪મી જાન્યુઆરીએ ઉત્તરાયણનું પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવાયું હતું. પરંતુ અમદાવાદમાં હવા શહેરીજનો માટે ઘાતક બની હતી. બુધવારે વહેલી સવારથી જ રંગબેરંગી પતંગોની સાથે પ્રદૂષણની ઘેરી ચાદર શહેરમાં જોવા મળી હતી. શહેરનો એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) ૨૦૦થી ૨૫૦ની વચ્ચે નોંધાયો હતો, જે 'ખરાબ' શ્રેણીમાં ગણાય છે. તહેવારના માહોલ વચ્ચે હવામાં ભળેલા પ્રદૂષિત કણોએ અમદાવાદીઓના સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું કર્યું છે. બોડકદેવ ૨૧૩, ચાંદખેડા ૨૦૬, ચંદ્રનગર ૧૭૩,ઘૂમા ૨૦૮, ગોતા ૩૫૮, ગ્યાસપુર ૧૯૯, શાહીબાગ ૨૯, સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમ ૨૧૫, શાંતિગ્રામ ૨૫૦, સોનીની ચાલી ૨૨૧, સાઉથ બોપલ ૨૧૯, કઠવાડા ૧૯૮, મણિનગર ૨૦૩, નિકોલ ૨૭૯, એરપોર્ટ ૧૯૮, થલતેજ ૨૩૬, ઉસ્માનપુરા ૨૨૩, વસંતનગર ૨૩૪ જેટલો નોંધાયો હતો.

પ્રદૂષણના આંકડાઓ પર નજર કરીએ તો, અમદાવાદના પશ્ચિમ અને ઉત્તર વિસ્તારોમાં સ્થિતિ વધુ ગંભીર છે. ખાસ કરીને થલતેજ, બોપલ, ગોતા, શાંતિગ્રામ અને રખિયાલ જેવા વિસ્તારોમાં AQIનું સ્તર સૌથી વધુ નોંધાયું હતું. શિયાળાની ઠંડીને કારણે હવામાં જામતું ધુમ્મસ, વાહનોનો ધુમાડો અને પતંગબાજી દરમિયાન મોટા પ્રમાણમાં ફોડવામાં આવતા ફટાકડાને કારણે PM૨.૫ અને PM૧૦ નું પ્રમાણ ભયજનક રીતે વધ્યું છે. આ ઝેરી હવાને કારણે શહેરના અનેક વિસ્તારોમાં વિઝિબિલિટી પર પણ અસર પડી હતી.

# કિરીટ પટેલ કૉંગ્રેસમાં છે અને અડીખમ જ રહેશે: પક્ષપલટાની અફવા મુદ્દે પાટણના ધારાસભ્યની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ઉત્તરાયણ પર્વની ધામધૂમથી ઉજવણી થઈ હતી, વિવિધ પક્ષોના નેતાઓ પણ ધાબા પર ચઢીને પતંગ ચગાવવાની મજા માણવાની સાથે રાજકીય વ્યંગ પણ કર્યા હતા. પાટણના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે પોતાના પરિવાર અને કાર્યકર્તાઓ સાથે પતંગબાજીની મજા માણી હતી. જોકે, પતંગની પેચ લડાવતા લડાવતા તેમણે રાજકીય વિરોધીઓ પર આકરા પ્રહારો કર્યા હતા અને પક્ષપલટાની તમામ અટકળો પર પૂર્ણવિરામ મૂકી દીધું હતું.

ધારાસભ્ય કિરીટ પટેલે વર્તમાન રાજકીય સ્થિતિ પર કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, જેમ ઉત્તરાયણમાં આપણો પતંગ ઊંચે ચગે ત્યારે કેટલાક લોકો ઈર્ષ્યાથી લંગસિયા (પથ્થર કે વજન બાંધેલી દોરી) નાખીને પતંગ કાપવાનો પ્રયાસ કરે છે, તેમ રાજકારણમાં પણ આવું જ છે. તેમણે આત્મવિશ્વાસ સાથે કહ્યું હતું કે, જો તમારી દોરી અને પતંગ મજબૂત હોય, તો આવા લંગસિયા નાખનારાઓથી કોઈ ફરક પડતો નથી. મારો પતંગ ક્યારેય કપાવાનો નથી.

કિરીટ પટેલ કોંગ્રેસનો સાથ છોડીને ભાજપમાં જોડાશે તેવી અફવાઓ છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી છે, જો કે તેના પર પૂર્ણ વિરામ મૂકતા અને આ મુદ્દે સ્પષ્ટતા કરતા તેમણે કહ્યું હતું કે, જ્યારથી હું ધારાસભ્ય બન્યો છું, ત્યારથી મારા વિશે જાતજાતની વાતો કરવામાં આવે છે. પરંતુ કિરીટ પટેલ કોંગ્રેસમાં અડીખમ છે અને અડીખમ જ રહેશે. હું સ્પષ્ટ કરવા માગું છું કે ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણીમાં હું મારું 'ધાબું' (પક્ષ) બદલવાનો નથી. મારું ભવિષ્ય કૉંગ્રેસ સાથે જ જોડાયેલું છે.કિરીટ પટેલે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે પણ મહત્ત્વનું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, જેમ આપણે બજારમાં જઈને મજબૂત અને સારો પતંગ પસંદ કરીએ છીએ, તેવી જ રીતે આગામી ચૂંટણીમાં પ્રજાનો વિશ્વાસ જીતી શકે તેવા મજબૂત ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

# દાહોદમાં પ્લાસ્ટિક રોલની આડમાં લઈ જવાતો ₹ ૧.૩૫ કરોડની કિંમતનો વિદેશી દારૂ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના દરરોજ ધજાગરા ઉડી રહ્યા છે. દાહોદ એલ.સી.બી. અને કતવારા પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ૧.૩૫ કરોડથી વધુ કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. ઇન્દોર-ગોધરા નેશનલ હાઇવે પર ગરબાડા ચોકડી પાસે વાહન ચેકિંગ દરમિયાન પોલીસે બાતમીના આધારે એક કન્ટેનરમાંથી રૂ. ૧.૩૫ કરોડથી વધુની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે આ દારૂ પ્લાસ્ટિકના રોલની આડમાં છુપાવીને લઇ જવાતો હતો ત્યારે ઝડપ્યો હતો. LCB ને બાતમી મળી હતી કે એક બંધ બોડીના આઇસર ટ્રકમાં દારૂનો જથ્થો ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો છે. બાલાજી હોટલ સામે જ્યારે આઇસર ટ્રકને અટકાવી તલાશી લેવામાં આવી હતી, ત્યારે પોલીસ પણ ચોંકી ઊઠી હતી. ટ્રકમાં ઉપરના ભાગે પ્લાસ્ટિકના બબલ રોલ રાખવામાં આવ્યા હતા, જેની નીચે દારૂની પેટીઓ છુપાવેલી હતી. પોલીસે ૮૧૪ પેટીઓમાં કુલ ૩૩,૦૬૬ બોટલ વિદેશી દારૂ અને બિયર કિંમત રૂ. ૧,૩૫,૫૯,૨૯૮ અને ૨૦ લાખની કિંમતના આઇસર ટ્રક બે મોબાઈલ ફોન અને પ્લાસ્ટિકના બબલ રોલ સહિત કુલ રૂ. ૧,૫૫,૭૦,૭૯૮નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે ટ્રકના ડ્રાઇવર અને ક્લીનરની ધરપકડ કરી છે, દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ દારૂનો જથ્થો મધ્ય પ્રદેશમાં કોણે ભરાવી આપ્યો હતો? ગુજરાતના કયા શહેરમાં અને કયા બુટલેગરને આ માલ પહોંચાડવાનો હતો? સરહદી વિસ્તારમાં કઈઇની આ કાર્યવાહીથી દારૂની હેરાફેરી કરતા તત્ત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

# સુરેન્દ્રનગરના લીંબડીમાં ભરબજારે યુવાનની હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગરના લીંબડીમાં પ્રેમલગ્ન મુદ્દે ખૂની ખેલ ખેલાયો હતો. લીંબડીના લિયાદ ગામના હિતેષભાઈ હેમુભાઈ સુરેલા પરિવારના અન્ય બે સભ્યો સાથે લીંબડીમાં પતંગ અને દોરીની ખરીદી કરવા આવ્યા હતા તે સમયે પાંચથી છ અજાણ્યા શખ્સોએ શહેરના જૂના બસ સ્ટેન્ડ નજીક છરી અને લાકડી વડે હુમલો કરી ગણતરીની મિનિટોમાં યુવાનની કરપીણ હત્યા નીપજાવી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાના લાઇવ વીડિયો સોશ્યિલ મીડિયામાં ઘણા વાઈરલ થઈ રહ્યા છે. વીડિયોમાં પાંચથી છ લોકો લાકડી અને છરી વડે યુવક પર હુમલો કરતા નજરે પડી રહ્યા છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દીકરીને પોતાની સાથે રાખવા દંપતી વચ્ચે વિવાદ: પિતાએ દીકરીને જ પતાવી નાખી

નાગપુર: અલગ રહેતાં પતિ-પત્ની વચ્ચે આઠ વર્ષની દીકરીને પોતાની સાથે રાખવા મુદ્દે વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદનો કરુણ અંત ત્યારે આવ્યો, જ્યારે પિતાએ માસૂમ દીકરીને ચાકુ હુલાવી કથિત રીતે મારી નાખી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના બુધવારની વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ નાગપુરના વાથોડા વિસ્તારમાં બની હતી. બાળકી ધનશ્રી શેન્ડે તેના પિતા શેખર શેન્ડે (૪૬) અને દાદી કુસુમ શેન્ડે (૭૧) સાથે રહેતી હતી.

ધનશ્રીની માતા અલગ રહેતી હતી અને પતિ સાથે તેનો વારંવાર વિવાદ થતો હતો. બાળકી કોની પાસે રહેશે, એ મુદ્દે પતિ-પત્ની વચ્ચે વિવાદ હતો. શેખર પોતાની દીકરીથી અલગ રહેવા તૈયાર નહોતો.

પોલીસ ફરિયાદ અનુસાર વહેલી સવારે શેખરે ચાકુ મારતાં બાળકી મોટેથી રડવા લાગી હતી. તેનો અવાજ સાંભળી પરિવારના સભ્યો જાગી ગયા હતા અને તેને વાથોડા પોલીસ સ્ટેશને લઈ ગયા હતા. પોલીસ અધિકારીઓ તાત્કાલિક બાળકીને ગવર્નમેન્ટ મેડિકલ હૉસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. આ પ્રકરણે બાળકીની દાદીએ જ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે પોલીસે પિતા શેખર વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. (પીટીઆઈ)

# ખર્ચમાં વધારાને કારણે ૪૦,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ રદ: ફડણવીસ

## સરકાર શિંદેને ટાર્ગેટ બનાવી રહી છે: કૉંગ્રેસ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે ખર્ચમાં તીવ્ર વધારાને કારણે લગભગ ૪૦,૦૦૦ કરોડ રૂપિયાના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ રદ કરવામાં આવ્યા છે, જેને પગલે કૉંગ્રેસે એવી ટીકા કરી છે કે મુખ્ય પ્રધાન ફડણવીસ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના નગર વિકાસ વિભાગને નિશાન બનાવી રહ્યા છે.

કૉંગ્રેસે એવો આરોપ લગાવ્યો હતો કે આ કોઈ નાના આંતરિક મતભેદ નથી, પરંતુ મહાયુતિ સરકારમાં મોટો મતભેદ હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

એક મરાઠી અખબારને ફડણવીસે જણાવ્યું હતું કે ખર્ચમાં ભારે વધારા અને પરિસ્થિતિઓમાં ફેરફારને કારણે અગાઉ મંજૂર કરાયેલા ઘણા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ નાણાકીય રીતે અવ્યવહારુ બની ગયા હતા.

નખર્ચમાં વધારાને કારણે, લગભગ ૪૦,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ રદ કરવા પડ્યા હતા. આ નિર્ણયો યોગ્ય વિચારણા પછી લેવામાં આવ્યા હતા અને સંપૂર્ણપણે સાચા હતા,થ એમ પણ તેમણે કહ્યું હતું. ફડણવીસે કહ્યું હતું કે સરકારે પાછલા કાર્યકાળ દરમિયાન નગર વિકાસ વિભાગ હેઠળ મંજૂર કરાયેલા ઘણા પ્રસ્તાવોની સમીક્ષા કરી હતી અને જાણવા મળ્યું કે સુધારેલા ધોરણો અને નાણાકીય અસરોને ધ્યાનમાં રાખીને ઘણા પર ફેરવિચારની જરૂર હતી.

યુનિફાઇડ ડેવલપમેન્ટ કંટ્રોલ એન્ડ પ્રમોશન રેગ્યુલેશન્સનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે વિસંગતિઓ દૂર કરવા અને સુનિયોજિત નગર વિકાસ સુનિશ્ચિત કરવા માટે સુધારા જરૂરી છે.

ફડણવીસે કહ્યું હતું કે જાહેર ભંડોળનો વિવેકપૂર્ણ ઉપયોગ અને લાંબા ગાળાના આયોજન સાથે પ્રોજેક્ટ્સનું પ્લાનિંગ સુનિશ્ચિત કરવાની જવાબદારી તેમની છે, તેમણે ઉમેર્યું હતું કે જ્યાં નાણાકીય તાણ અથવા કાનૂની ગૂંચવણોનું જોખમ હોય ત્યાં નિર્ણયોની સમીક્ષા કરવામાં આવે છે.

તેમણે ઉમેર્યું હતું કે સરકાર વિકાસ અને પર્યાવરણ સંબંધિત બાબતોમાં કોર્ટના નિર્દેશોનું પાલન કર્યું છે, પ્રોજેક્ટ્સ મનસ્વી રીતે અટકી ગયા હોવાના આરોપોને નકારી કાઢ્યા છે.

ઉલ્લેખનીય છે કે, એકનાથ શિંદેના કટ્ટર હરીફ, ભાજપના પ્રધાન ગણેશ નાઈકે તાજેતરમાં યુડીસીપીઆરની ટીકા કરતા કહ્યું હતું કે તેમાં કેટલીક વાહિયાત જોગવાઈઓ છે જે શહેરોના આયોજિત વિકાસને અસર કરે છે. કૉંગ્રેસે મુંબઈ અને ૨૮ અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે મતદાનની પૂર્વસંધ્યાએ મુખ્ય પ્રધાન દ્વારા જાહેર કરાયેલા સમય પર પણ સવાલ ઉઠાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, સરકારમાં સાથી પક્ષ હોવા છતાં, ભાજપ અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના કેટલીક પાલિકાઓમાં એકબીજા સામે ચૂંટણી લડી રહ્યા છે.

કૉંગ્રેસના નેતા અને એઆઈસીસીના રાષ્ટ્રીય સચિવ સચિન સાવંતે બુધવારે એક્સ પર એક પોસ્ટમાં મુખ્ય પ્રધાનની ટિપ્પણીની ટીકા કરી હતી, જેમાં પ્રોજેક્ટ્સને રોકવા પાછળના તર્ક પર સવાલ ઉઠાવ્યા હતા. પ્રચારનો દિવસ પૂરો થાય છે તે દિવસે, મુખ્ય પ્રધાન નાયબ મુખ્ય પ્રધાનો પર ગેરવહીવટના આરોપો લગાવી રહ્યા છે. આ કોઈ નાના આંતરિક મતભેદ જેવું નથી પણ એક મોટો મતભેદ લાગે છે.

મુખ્ય પ્રધાન તપાસ વિના કેવી રીતે નક્કી કરી શકે કે તે બદનામી છે કે વાસ્તવિક? ૪૦,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ વધવો એ નાની વાત નથી, એમ સાવંતે પોતાની પોસ્ટમાં કહ્યું હતું. સાવંતે એવો પણ સવાલ કર્યો હતો કે શા માટે ફક્ત નગર વિકાસ વિભાગને જ નિશાન બનાવવામાં આવી રહ્યું છે અને સરકારને અટકેલા પ્રોજેક્ટ્સની વિગતો જાહેર કરવા કહ્યું.

# ડુપ્લિકેટ દારૂની ફેક્ટરીનો પર્દાફાશ: ૨૪ લાખનો સ્ટોક, અન્ય મતા જપ્ત

નાગપુર: નાગપુર જિલ્લામાં સ્ટેટ એક્સાઇઝ વિભાગે ભારતીય બનાવટના વિદેશી દારૂનું ઉત્પાદન કરી ફેક્ટરીનો પર્દાફાશ કરીને ૨૪.૬૭ લાખ રૂપિયાનો સ્ટોક તથા અન્ય સામગ્રી જપ્ત કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

એક્સાઇઝ વિભાગના અધિકારીઓએ મંગળવારે હિંગણા વિસ્તારમાં ગોંદવાના પિંપરી ખાતેના એક બંગલોમાં રેઇડ પાડી હતી, જ્યાં ગેરકાયદે યુનિટ કાર્યરત હતું.

અધિકારીઓએ રેઇડ દરમિયાન ૧,૦૯૦ લિટર ડુપ્લિકેટ દારૂનું મિશ્રણ, મહારાષ્ટ્રમાં વેચાણ માટે પ્રતિબંધિત દારૂની ૩૫૬ બોટલો અને ૯૦ લિટર અન્ય ડુપ્લિકેટ દારૂ જપ્ત કર્યો હતો.

ઇલેક્ટ્રોનિક બોટલ સીલિંગ મશીન, નકલી લેબલ, બોટલ કૅપ્સ, ખાલી બોટલો અને વાહન પણ જપ્ત કરવામાં આવ્યાં હતાં. આ પ્રકરણે સાત જણ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોઇ વધુ તપાસ ચાલી રહી છે, એમ અધિકારીએ કહ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં મહારાષ્ટ્રમાં મહાનગરપાલિકાની ચૂંટણી ચાલી રહી છે એવામાં આ બનાવટી દારૂની ફેકટરીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. (પીટીઆઇ)

# સગીરાના જાતીય શોષણના કેસમાં માછીમારને ૨૦ વર્ષની સખત કેદ

થાણે: પરિણીત હોવાની વાત છુપાવીને લગ્નની ખાતરી આપી ૧૫ વર્ષની સગીરાનું જાતીય શોષણ કરવાના કેસમાં વિશેષ પોક્સો કોર્ટે માછીમારને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી.

વિશેષ અદાલતનાં જજ રુબી યુ માલવણકરે મંગળવારે આપેલા ચુકાદામાં નોંધ્યું હતું કે પોક્સો ઍક્ટ બાળકોને જાતીય ગુનાઓથી બચાવવા માટે બનાવવામાં આવ્યો છે, જેનો હેતુ આ દૂષણને કાબૂમાં લેવા, આવા ગુનાઓને અસરકારક રીતે હાથ ધરવાનો છે.

ફરિયાદ પક્ષે કોર્ટમાં જણાવ્યું હતું કે ઘટના સમયે ૧૫ વર્ષની પીડિતા ભાયંદરમાં ઘરકામ અને માછલીની સફાઈનું કામ કરતી હતી. ઑગસ્ટ, ૨૦૨૨માં તેની ઓળખાણ આરોપી મનોજ નવાશા શાનવર સાથે થઈ હતી.

માછીમાર શાનવરે પ્રેમની વાતો કરી અને લગ્નનું વચન આપીને સગીરાનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. જોકે આરોપી પરિણીત હતો અને તેને બે સંતાનનો પિતા હતો. આ હકીકત તેણે ઇરાદાપૂર્વક સગીરાથી છુપાવી હતી.

આરોપીએ ઑગસ્ટ, ૨૦૨૨થી સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન વારંવાર સગીરાનું જાતીય શોષણ કર્યું હતું, જેને પગલે તે ગર્ભવતી બની હતી. આ વાતની જાણ પીડિતાએ આરોપીને કરી ત્યારે તેણે પોતે પરિણીત હોવાનું કહ્યું હતું. પીડિતાને સ્વીકારવાનો ઇનકાર કરી આરોપીએ ધમકી આપી હતી.

આ કેસમાં કોર્ટે આરોપીને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ અને ઈન્ડિયન પિનલ કોડની વિવિધ કલમો હેઠળ કસૂરવાર ઠેરવ્યો હતો.

કોર્ટે નોંધ કરી હતી કે આરોપીએ અગાઉ તે પરિણીત હોવાની જાણ પીડિતાને કરી નહોતી. જો આ વાતનો ખુલાસો થયો હોત તો કદાચ પીડિતા ક્યારેય તેની સાથે આવા સંબંધોમાં જોડાઈ ન હોત, એવું અવલોકન પણ કોર્ટે કર્યું હતું.

આરોપીને ૨૦ વર્ષની કેદ સાથે કોર્ટે છ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. આ રકમ આરોપી પાસેથી વસૂલીને પીડિતાને આપવાના નિર્દેશ કોર્ટે આપ્યા હતા. (પીટીઆઈ)

# થાણે કોર્ટે હત્યાના પ્રયાસના કેસમાં ૧૨ વર્ષ બાદ ચારને નિર્દોષ જાહેર કર્યા

થાણે: થાણે કોર્ટે હત્યાના પ્રયાસ અને દંગલના કેસમાં ૧૨ વર્ષ બાદ ચાર જણને નિર્દોષ જાહેર કર્યા હતા. કોર્ટે નોંધ્યું હતું કે તપાસકર્તા પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયો છે. ઍડિશનલ સેશન્સ કોર્ટે સોમવારે આ આદેશ આપ્યો હતો.

તપાસકર્તા પક્ષ અનુસાર થાણેના વાગલે એસ્ટેટ વિસ્તારમાં જૂની અદાવતને લઇ ગણેશ ગુપ્તા પર ૧ જુલાઇ, ૨૦૧૪ના રોજ તીક્ષ્ણ હથિયારથી હુમલો કરવામાં આવ્યો હતો. આરોપી સામે હત્યાનો પ્રયાસ, દંગલ અને ચોરીના આરોપ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

બચાવ વક્ષ અને તપાસકર્તા પક્ષની રજૂઆતો અને પીડિત તથા ફરિયાદીની જુબાની સાંભળ્યા બાદ જજ એ.એસ. ભાગવતને કેસમાં નોંધપાત્ર વિસંગતિઓ જોવા મળી હતી.

ઊલટતપાસમાં ખુલાસો થયો હતો કે ફરિયાદીએ તેના પ્રારંભિક નિવેદનમાં આરોપીના હથિયારો કે કપડાંનું વર્ણન કર્યુ નથી. વધુમાં બચાવ પક્ષે દલીલ કરી હતી કે પીડિત સામે ફોજદારી કેસ ચાલી રહ્યા છે અને આરોપો રાજકીય પ્રેરિત છે.

દરમિયાન કોર્ટે નોંધ્યું હતું કે આરોપી એકથી ચાર સામેના આરોપ સાબિત નથી થતા અને તેઓ આ કેસમાં નિર્દોષ છૂટવા માટે હકદાર છે. જુલાઇ, ૨૦૧૪માં ધરપકડ કરાયેલા અને બાદમાં જામીન પર મુક્ત થયેલા ચારેય આરોપીઓને ભારતીય દંડસંહિતા અને આર્મ્સ એક્ટ હેઠળના તમામ આરોપમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.

### મૃત્યુ પછી પણ દુ:ખનો અંત નહીં!

# અંતિમયાત્રા રેલવે પુલ પરથી લઈ જવી પડે છે

મુંબઈ: કુર્લાના મુસ્લિમ નાગરિકો ટકી રહેવા માટે તેમજ અંતિમ યાત્રા માટે સંઘર્ષ કરી રહ્યા છે. કુર્લા પશ્ચિમમાં કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય છે, તો તેના મૃતદેહને કુર્લા પૂર્વમાં કબ્રસ્તાનમાં લઈ જવા માટે કોઈ રસ્તો નથી. તેથી, અહીંના લોકોને તેમના પરિવારના સભ્યના મૃતદેહને સીધા રેલવે સ્ટેશનના પુલ પરથી અને પ્લેટફોર્મથી આગળ લઈ જવું પડે છે. આવી સ્થિતિમાં, આ ઘટનાને કારણે ફક્ત આ લોકોને જ તકલીફ પડતી નથી, પરંતુ રેલવે મુસાફરોને પણ બિનજરૂરી તકલીફ સહન કરવી પડે છે.

ગઈકાલે બપોરે, કુર્લા રેલ્વે સ્ટેશનના ફૂટ ઓવર બ્રિજ પર એક મુસ્લિમ નાગરિકની અંતિમયાત્રા નીકળી રહી હતી.

અંતિમયાત્રા લઈ જનારા લોકો રેલવે મુસાફરોની ભીડમાંથી રેલ્વે ઓવરબ્રિજ તરફ ચાલી રહ્યા હતા. પુલ પર લાંબા થાંભલાને કારણે, અંતિમયાત્રા લઈ જનારા નાગરિકોને ખૂબ જ મહેનત કરવી પડી હતી. પુલ પરના પગથિયાં ચઢતી વખતે, રેલવે મુસાફરોમાંથી પસાર થતી વખતે અને ભીડમાંથી પસાર થઈને કબ્રસ્તાન તરફ જતી વખતે દરેકને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. ઘણા લોકો આ રીતે તેમના સંબંધીઓના અંતિમ સંસ્કાર લે છે.

આ અંતિમયાત્રાને પ્લેટફોર્મ પરના ફૂટબ્રિજ પર ચઢીને લઈ જવી પડતી હોવાથી, પાલવનારાઓએ મૃતદેહને વાળીને આડી સ્થિતિમાં ઉપાડવો પડે છે. તેથી, ક્યારેક મૃતદેહ અંતિમયાત્રામાંથી પડી જવાનો ભય રહે છે. તેથી, જો કોઈ સમયે મૃતદેહ અંતિમયાત્રામાંથી પડી જાય, તો મોટી દુર્ઘટના થવાની સંભાવના રહે છે.

સેલ કોલોની, નહેરુ નગર, ઠક્કર બાપા કોલોની, કસાઈ વાડા, કુરેશી નગર અને ચુના ભટ્ટીના રહેવાસીઓ તેમના સંબંધીઓની નઅંતિમયાત્રાથ આટલી વિચિત્ર રીતે કાઢે છે.

# આજે મહાનગરપાલિકાની ચૂંટણીનું મતદાન: ક્યાંક રોકડ, તો ક્યાંક સોનું-ચાંદી પકડાયા

મુંબઈ: મહારાષ્ટ્રમાં ૨૯ મ્યુનિસિપલ ચૂંટણીઓ માટે આજે મતદાન થશે. તે અગાઉ રાજ્યના વિવિધ મતવિસ્તારોમાં નાણાંની વહેંચણીની શંકાને લઈને મુંબઈ, વસઈ અને ડોંબિવલીના રાજકીય પક્ષો એકબીજા સામે આવી ગયા હતા. આ સંઘર્ષ લડાઈ અને હત્યાના સીધા પ્રયાસ જેવા ગંભીર ગુનાઓમાં ફેરવાઈ ગયો હતો.

ડોમ્બિવલીના વોર્ડ નંબર ૨૯માં સૌથી ગંભીર સ્થિતિ જોવા મળી હતી. ડોમ્બિવલીમાં ભાજપ અને શિવસેના શિંદે જૂથો વચ્ચે મૈત્રીપૂર્ણ લડાઈ ચાલી હતી, ત્યારે પૈસાની વહેંચણીના આરોપોને લઈને બંને પક્ષોના કાર્યકરો સામ-સામે આવી ગયા હતા. જોતજોતામાં આ દલીલ મારામારીમાં ફેરવાઈ ગઈ, જેમાં ચાર કાર્યકર્તાઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

ભાજપના ઉમેદવારના પતિ સોમનાથ નાટેકરની ફરિયાદના આધારે, પોલીસે શિવસેનાના બે ઉમેદવારો સહિત પાંચ લોકો સામે કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ) હેઠળ કેસ નોંધ્યો હતો. મોડી રાત્રે પોલીસે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા શિવસેનાના ઉમેદવારો નીતિન પાટિલ અને રવિ પાટિલની અટકાયત કરી હતી. આ કાર્યવાહી બાદ શિવસેનાના ધારાસભ્ય રાજેશ મોરેએ ગુસ્સો વ્યક્ત કર્યો હતો અને તેને શાસનની દાદાગીરી ગણાવ્યું હતું.

**જળગાંવમાં ૨૯ લાખ જપ્ત:** ચૂંટણી પંચની સ્ટેટિક સર્વે ટીમે જળગાંવના મમુરાબાદ નાકા વિસ્તારમાં નાકાબંધી દરમ્યાન એક કારમાંથી ૨૯ લાખ રૂપિયાની રોકડ, ત્રણ કિલો ચાંદી અને આઠ તોલા સોનું જપ્ત કર્યું હતું.

**વસઈ-વિરારના ગાંગડીપાડામાં અરાજકતા:** વસઈ પૂર્વ વોર્ડ નંબર ૧૯ના વસઈ ફાટા અને ગાંગડીપાડા વિસ્તારમાં મધ્યરાત્રિએ લગભગ બે વાગ્યે હાઈ વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. બહુજન વિકાસ આઘાડી અને મનસે કાર્યકર્તાઓએ ભાજપ-શિવસેના ગઠબંધનના કાર્યકર્તાઓને બેગ સાથે પકડ્યા હોવાનો દાવો કર્યો હતો. આનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. કાર્યકરોએ પોલીસ સાથે પણ દલીલ કરી હતી. જોકે, પેલ્હાર પોલીસે સ્પષ્ટતા કરી છે કે રાત્રિ દરમિયાન આવી કોઈ રોકડ રકમ જપ્ત કરવામાં આવી નથી.

# ૨૨૭ વોર્ડ માટે મત ગણતરી પાંચ તબક્કામાં કરાશે

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની મતગણતરી અંગે આ વર્ષે એક મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે, જેણે સમગ્ર રાજ્યનું ધ્યાન ખેંચ્યું છે. ૧૬ જાન્યુઆરીએ મહાનગર-પાલિકાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવશે. પરંતુ આ પરિણામો શુક્રવારે સાંજ સુધી જાહેર થાય એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. ૨૦૧૭ની ચૂંટણીની જેમ આ વખતે શહેરના તમામ ૨૨૭ વોર્ડની મતગણતરી એકસાથે નહીં થાય તેવી માહિતી સામે આવી છે. આ વર્ષે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં મતગણતરી તબક્કાવાર કરવામાં આવશે. શુક્રવાર સવારથી મતગણતરી શરૂ થશે. શહેરના કુલ ૨૩ મતગણતરી કેન્દ્રો પર આ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જોકે દરેક કેન્દ્ર પર આશરે દસ વોર્ડ માટે એક મતગણતરી અધિકારી જવાબદાર રહેશે, પરંતુ એક સમયે ફક્ત બે વોર્ડમાં જ ગણતરી થશે. તેથી સમગ્ર મુંબઈમાં એક સમયે વધુમાં વધુ ૪૬ વોર્ડમાં મતગણતરી કરવામાં આવશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ પદ્ધતિ અપનાવવાથી મતગણતરી શિસ્તબદ્ધ અને સરળ રીતે પાર પાડવી શક્ય બનશે. જોકે, આ તબક્કાવાર પ્રક્રિયાને લીધે કેટલાક વોર્ડના પરિણામો સવારમાં જ જાહેર થઈ જશે, જ્યારે કેટલાક વોર્ડના પરિણામો બપોર પછી અથવા સાંજ સુધી જાહેર થવાની શક્યતા છે.

# હિન્દુ મરણ

મૂળ રાજકોટ, હાલ મુંબઈ, શ્રીમતી લક્ષ્મીબેન લાખાભાઈ માખેલા (ઉં.વ. ૮૬) સોમવારે તા. ૧૨-૧-૨૬ના સોમવારે શ્રીજીચરણ પામેલ છે. તે હરીશ, યોગેશ, દિનેશ, સંગીતાના માતૃશ્રી. મીના, શીતલ, હર્ષા તથા મહેન્દ્રભાઈ બલદાણિયાના સાસુ. જીવાભાઈ, દેવાભાઈ, બબીબેન, જાનાબેન, મણીબેનના ભાભી. પિયરપક્ષે સ્વ. જીવણભાઈ કાનાભાઈ આહીરના પુત્રી. સ્વ. અમૃતબેન, સ્વ. બચુભાઈ, સ્વ. સવિતાબેન, હસમુખ, પ્રકાશના બેન. પ્રાર્થનાસભા શુક્રવારે તા. ૧૬-૧-૨૬ના ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન હોલ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે.

**સારસ્વત બ્રાહ્મણ**

સ્વ. જોષી હરિલાલ મણીશંકર ધરાદેવ તે સ્વ. મોંઘાબેન ધરાદેવ કચ્છ ગામ ગઢશીશાવાળા હાલે ડોંબિવલીના પુત્રવધૂ. તે સ્વ. મહેન્દ્ર હરિલાલ ધરાદેવના ધર્મપત્ની. તે ગં. સ્વ. કુસુમબેન મહેન્દ્ર ધરાદેવ (ઉં.વ. ૬૮) રવિવાર તા. ૧૧.૧.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે મનિષ અને દિપેનના માતાશ્રી. તે નિકિતા અને તેજલના સાસુ. તે સ્વ. લીલાવતી બાબુભાઈ અને ગં. સ્વ. પ્રભાબેન નર્મદાશંકરના ભત્રીજાવહુ. તે સ્વ. કલ્પના, કિરણ, જ્યોત્સના, જયશ્રી, મેઘના, મમતાના ભાભી. વિનિતા અમીતના મોટા ભાભી. તે સ્વ. સરસ્વતીબેન દેવશંકર જાધવજી પુરખાની સુપુત્રી. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૫.૧.૨૬ના ગુરુવારે ૫થી ૭. ઠે. સારસ્વત વાડી, ૧લે માળે, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ તેજ દિવસે આવી જવું.

**ગોહીલવાડ દશાશ્રીમાળી વૈષ્ણવ**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર ગં. સ્વ. મંજુલાબેન કેશવલાલ મહેતાના સુપુત્ર હિતેનભાઈ (રાજુ) કેશવલાલ મહેતા (ઉં.વ. ૬૧) તે કાશ્મીરાબેનના પતિ. તે વિજુલ, ઉર્મી વિવેક પારેખ, નિરાલી ધ્રુવલ કોરડીયાના પિતા. તે કિન્નરીના સસરા. હીનાબેન મનિષભાઈ ખિમસીયા અને હેમંતભાઈના ભાઈ. તે સાવરકુંડલા નિવાસી હાલ બોરીવલી ગં. સ્વ. કુસુમબેન હિંમતલાલ મહેતાના જમાઈ તા. ૧૩.૧.૨૬ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૫.૧.૨૬ના ગુરુવારે ૪.૩૦થી ૬. ઠે. જાસ્મીન હોલ, ઘાટકોપર જોલી જીમખાના, વિદ્યાવિહાર વેસ્ટ.

**કપોળ**

રાજુલાવાળા, હાલ થાણા, સ્વ. નિર્મળાબેન બાબુભાઇ કળીદાસ સંઘવીના પુત્ર, જીતેન્દ્રભાઈ (ઉં.વ. ૭૬) તે સ્વ. ભારતીબેનના પતિ. અભય, દીપ્તિ અનીશ મોદીના પિતાશ્રી. મોના અને અનીશના સસરા. કીર્તિભાઇ - કૌશિકાબેન, તુષારભાઈ - બીનાબેન, સ્વ. નીલાબેન પ્રવીણભાઈ મોદી અને પ્રવિણાબેન કિશોરેભાઈ મોદીના મોટાભાઈ. સાવરકુંડલાવાળા સ્વ. મણિલાલ દામજી પારેખના જમાઈ. ૧૪-૧-૨૬ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૫-૧-૨૬, ગુરુવારના સાંજે ૫ થી ૭. જય મંગલભવન, રામ મારુતિ રોડ, ૧લી ક્રોસ લેન, થાણા- વે.

**કચ્છી લોહાણા**

ગામ લોડાઈ હાલે મુલુંડ સ્વ. મોંગીબાઈ મુલજી ગોપાલજી પોપટના પુત્રવધૂ ગં. સ્વ. મીનાબેન (હીરાબેન) તે સ્વ. મોહનલાલ મુલજી ગોપાલજી પોપટના ધર્મપત્ની (ઉં.વ. ૮૩) તા. ૧૩.૧.૨૬ને મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મુલાબેન રામજી જુઠાભાઈ ગણાત્રાના પુત્રી. તે સ્વેતાબેન જીગ્નેશભાઈ ઠક્કર, સ્વ. બીપીન, મીતેશ અને યોગેશના માતુશ્રી. તે અમીતા અને વૈશાલીના સાસુ. તે કામાક્ષી ધ્રુવ અને વ્યોમના નાનીમા-દાદીમા. તેમની પ્રાર્થનાસભા તા. ૧૫.૧.૨૬ના ૫.૩૦થી ૭. ઠે. પદ્માવતી બેન્કવેટ હોલ, પાંચમે માળે, પ્રણવ કમર્શિયલ પ્લાઝા, એમ.જી. રોડ, મુલુંડ (પ.). લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**ખંભાત દશા શ્રીમાળી વણિક**

બોરીવલી નિવાસી સ્વ. નટવરલાલ સાકરચંદ્ર શાહના ધર્મપત્ની ગં. સ્વ. વસુમતીબેન (ઉં.વ. ૯૫) તે માધવલાલ શાહની પુત્રી. તે સ્વ. રીટા-શંકરભાઈ હિમાંશુ-દિપ્તી, તુષાર-જૈનીતા, સ્વ. અતુલ-દીપાના માતુશ્રી. તે અમ્રીતા-મૃગેશ, ગૌરવ, હર્ષિત-માનસી, તન્વી, દીપા-ભરતના દાદી. સ્વ. શાંતિલાલ રમણલાલ, લીલાવતીબેન, કાંતાબેન, કંચનબેનના ભાભી. તે સ્વ. મનહરલાલ, બીપીનચંદ્ર તથા નવીનભાઈ, સ્વ. શારદાબેનના બહેન તા. ૧૩.૧.૨૬ના દેવલોક પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૬.૧.૨૬ના ૪થી ૬. ઠે. સનરાઈઝ પાર્ટી હોલ, નિયર આનંદીબાઈ કાલે કોલેજ, સાંઈબાબાનગર, બોરીવલી વેસ્ટ.

**કચ્છી ભાટિયા**

દેવાંશ સુતરીયા (ઉં.વ. ૩૩) નૈરોબી હાલ મુંબઈ સ્વ. ભરતના સુપુત્ર. તે સ્વ. ગોવિંદજી જીવણદાસ સુતરીયાના પૌત્ર. તે પ્રવિણકુમાર ડુંગરસી આશરના દોહિત્ર. તા. ૧૪.૧.૨૬ના વાશી મધ્યે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

થાણા નિવાસી, હાલ પુના પરેશ વસંતલાલ ઠક્કર (પાબારી), (ઉં.વ. ૬૨) તા. ૧૨.૧.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વસંતભાઈ તથા સ્વ. પદ્માબેનના સુપુત્ર. તે વિદ્યાબેનના પતિ. તે અભિષેકના પિતાશ્રી. તે કિશોરભાઈ, વર્ષાબેન હર્ષદભાઈ પોપટ અને બીનાબેન હરેશભાઈ હિરાણીના ભાઈ. તે રક્ષાબેનનાં દિયર. તે સ્વ. લીલાવતીબેન તથા સ્વ. બાબુલાલ પરમારના જમાઈ. ઠે. ફ્લેટ નંબર ૧, એ વિંગ, સિદ્ધિવિનાયક કૃપા કોથરુડ, પુના-૪૧૧૦૩૮. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

કરાંચીવાળા હાલમાં અંધેરી, ગં.સ્વ. હેમલતાબેન (ઉં.વ. ૯૩) તે સ્વ. લવજીભાઈ માધવજી ભંગદેના ધર્મપત્ની, મંગળવાર, તા. ૧૩-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે હેમંતભાઈના માતા. સૌ. હંશાબેનના સાસુ. સ્વ. કાનજીભાઇ મુળજીભાઈ સોમૈયાની દિકરી. થાણાવાલા સ્વ. તારાબેન લક્ષ્મીદાસ હરજીવન કારીયાના વેવાણ. સ્વ. અમરચંદભાઈ, સ્વ. જેષ્ટારામભાઈ, કિશોરભાઇ, સ્વ. નિર્મલાબેન વસંતરાય ગણાત્રા, સ્વ. સાવિત્રીબેન અનંતરાય ઠકકરના બેન. પ્રાર્થનાસભા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**મોઢ અગીયાસે બ્રાહ્મણ**

મુળ ગામ પાલડી, હાલ મુંબઈ, હરગોવિંદદાસ ત્રીવેદી (ઉં.વ. ૯૦) સ્વ. કંચનબેન મનસુખલાલના પુત્ર. તે પુષ્પા નિરંજન ઠાકર, કૃષ્ણ, રાજેશના પિતા. સ્વ. મનહરબેન નારણદાસ ભટ્ટના જમાઈ. જીગ્નના અને અલ્પાના સસરા. ખુશ્બુ સમીર શર્મા, મિત અને સાગરના દાદા. તા. ૧૧/૧/૨૬ના રવિવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬/૧/૨૬ના શુક્રવાર ૫ થી ૭. સ્થળ: હાલાઈ લોહાણા મહાજન વાડી, સી.પી. ટેન્ક, ઠાકુરદ્વાર, ગીરગાવ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ મહુવા હાલ અંધેરી, સ્વ. હિંમતલાલ લક્ષ્મીદાસ બોસમિયા (ઉં.વ. ૯૧) તા. ૧૨/૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જયાબેનના પતિ. કિરીટભાઈ, સ્વ. ભરતભાઈ, સ્વ. શૈલેષભાઈ, કુમુદબેન, જ્યોતિબેનના પિતા. નિરુપમાબેન, દક્ષાબેન, ગીતાબેન, કમલેશભાઈ મામતોરા અને હસિતભાઈ શાહના સસરા. ગોરધનદાસ આનંદજી નિર્મળના જમાઈ. અંબાલાલભાઈ પડિયાના ભાણેજ. પ્રાર્થનસભા તા. ૧૬/૧/૨૬ના ૫ થી ૭. સ્થળ: ગેટ ૧, શ્રી એન. ડી. ભૂતા હાઇ સ્કૂલ, ઓલ્ડ નાગરદાસ રોડ, અંધેરી ઈસ્ટ.

**ઔદીચ્ય ગોહિલવાડી બ્રાહ્મણ**

મૂળ ચાંદીગરના હાલ કાંદિવલી, ચંદ્રકાંત તુલજારામ વ્યાસ (ઉં.વ. ૭૯) તા. ૧૨ જાન્યુઆરીના સોમવારે કૈલાસવાસ પામ્યા છે. તે કંચનબેનના પતિ. ગિરીશ, તુષાર, જાસ્મીનાના પિતા. રમા ભરત જોષી, પદ્મા ભાઈશંકર જોષી, સુરેખા નરેન્દ્ર ભટ્ટ, મધુ ભરત જોષી, સુરેશ, અશોક, યોગેશના મોટાભાઈ, જાગૃતિ, નંદિનીના શ્વસુર. ડાહ્યાલાલ હિરજી મહેતા (નુનારડા)ના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૫ જાન્યુઆરી ગુરુવાર, ૪ થી ૬. ઠે.: શ્રી વર્ધમાન સ્થાનકવાસી શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી (પ.).

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ જામ સલાયા હાલ વસઈ, જયેશ શાંતિલાલ બદીયાણી (ઉં.વ. ૬૫) તે સ્વ. મંગળાબેન શાંતિલાલ બદીયાણીના સુપુત્ર. ચેતનાબેનના પતિ. ધવલ તથા દેવાંશુના પિતાશ્રી. ખુશી તથા જ્યોતિના સસરા. ગં.સ્વ. સવિતાબેન રશિકલાલ કરસનદાસ બાટવીયાના જમાઈ. ગં.સ્વ. જ્યોતિબેન કાંતિલાલ રુઘાણી તથા નરેન્દ્ર, જિતેન્દ્ર, (સ્વ. મીના જગદીશકુમાર ચંદારાણા)ના ભાઈ. તા. ૩/૧/૨૬ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૫/૧/૨૬ના ગુરુવાર ૫ થી ૭. સ્વામિનારાયણ મંદિર હોલ, ૬૦ ફીટ રોડ, વસઈ વેસ્ટ. લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**હલાઈ સારસ્વત બ્રાહ્મણ**

ગામ જામખંભાળિયા હાલ મલાડ ઈસ્ટ, ગં.સ્વ. કાંતાબેન રમણીકલાલ રિસ્કા (ઉં.વ. ૯૫) સ્વ. શાંતાબેન વલ્લભદાસ જોશીના સુપુત્રી. સ્વ. દિનુમતી મોહનલાલ બોડાના બહેન. સ્વ. નિરૂપમાબેન હેમંતભાઈ રિસ્કાના સાસુ. શીતલ વિશાલ રિસ્કાના દાદીસાસુ. સોનાલી અમિત વોરાના દાદી. યશસ્વીના પરનાની. તા. ૧૧/૧/૨૬ના રોજ સ્વર્ગલોક પામ્યા છે.

**ચારગામ દશા પોરવાડ વણીક**

સ્વ. શાંતાબેન હરિપ્રસાદ સબુરભાઈ દેસાઈના પુત્ર મહેશભાઈ (ઉં.વ. ૮૩) સ્વ. શોભનાબેનના પતિ. જસ્મીનભાઈ અને રૂપલબેનના પિતા. સરોજબેન, સુધીરભાઈ, યોગેશભાઈ, સ્વ. મીનાબેન તથા સ્વ. હિતેન્દ્રભાઈના મોટાભાઈ. રાકેશભાઈ તથા નમ્રતાબેનના સસરા. મહેક, વૃતાંશી, શ્રેયા, યશના દાદા, તા. ૧૩-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. બેસણું રાખેલ નથી.

**પરજીયા સોની**

ગામ નેસડી, હાલ કાશીમીરા ગાવઠણ મુંબઈ, સ્વ. સોનાબેન કેશુભાઈ સલ્લાના સુપુત્ર ઘનશ્યામ સલ્લા (ઉં.વ. ૭૩) તા. ૧૨/૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે માલતીબેનના પતિ. સ્વ. મંજુલાબેન ગીરધરલાલ જગડાના (જસદણ) જમાઈ. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર રાખેલ નથી.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

**ઝાલાવાડી સ્થાનકવાસી દશા શ્રીમાળી જૈન**

મૂળ વતન ધોલેરા હાલ ભાંડુપ તે સ્વ. ઝવેરબેન મનસુખલાલ ધોળકીયાના પુત્રવધૂ અ.સૌ. જોત્સનાબેન (ઉં.વ. ૮૦) તા. ૧૩.૧.૨૬ને મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે પ્રવિણચંદ્રના ધર્મપત્ની. તે નીતાબેન, ધર્મેશભાઈ, નંદીતા, નમ્રતા તથા હીરલના માતુશ્રી. તે ગં. સ્વ. કોકીલાબેન હર્ષદભાઈ બોટાદરા તથા રેખાબેન દિપકભાઈ શાહ તથા સ્વ. ભરતભાઈના મોટા ભાભી. તે પિયર પક્ષે સ્વ. લીલાવતી વલ્લભદાસ ગોસલીયાની દીકરી. તે તરલાબેન, સ્વ. ભાસ્કરભાઈ, અરૂણાબેન, રણમલભાઈ, રાજુલબેન, પારૂલબેનના બેન. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા ઓશવાળ જૈન**

મુંબઈ નિવાસી પ્રદીપભાઈ રસિકભાઈ ઝવેરીના ધર્મપત્ની શર્મિષ્ઠાબેન (ઉં.વ. ૮૩) તા. ૧૩.૧.૨૬ મંગળવારે અરિહંતશરણ પામ્યાં છે. તે કાંતાબેન લાલભાઈના સુપુત્રી. નીપા-સંદીપભાઈ, લોપા-સ્વ. નિલેશભાઈ મમતા-શોધનભાઈ, હર્ષ-રેશ્માનાં માતુશ્રી. તે જય-રીષીના દાદી. તે પાર્થ-ખુશાલી, સચી-આયુષ, રચિત, સનય-પલક, રોમલ-શાયનીના નાની. તે અંશના પરનાની. તેમની પ્રાર્થનાસભા તા. ૧૫.૧.૨૬ના ૪થી ૬. ઠે. એફ.પી.એચ. બિલ્ડિંગ, લાલા લજપતરાય માર્ગ, હાજીઅલી, એન.એસ.સી.આઈ.ની બાજુમાં રાખવામાં આવી છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

નિંગાળા નિવાસી હાલ કલકત્તા હસમુખભાઈ શાંતિલાલ શાહના ધર્મપત્ની હીનાબેન શાહ (ઉં.વ. ૭૬) તે સ્વ. કમલેશભાઈના ભાભી. સ્વ. નિશા ધર્મેશ શાહ, કેશ્મી વિપુલ શાહના માતુશ્રી. પિયરપક્ષે સ્વ. વનમાળી અમરશી રવાણીના દીકરી. સ્વ. કીર્તિભાઇ શરદભાઈના બહેન. ૧૧/૧/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૫/૧/૨૬ના રોજ ૩ થી ૫. પાવનધામ મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડા રોહાના કાંતિલાલ મુરજી વોરા (ઉં.વ. ૭૦) ૧૩/૧/૨૬ના અવસાન પામેલ છે. દેવકાબેન મુરજી પ્રેમજીના પુત્ર. હર્ષાના પતિ. પ્રિતેશના પિતા. હરીશ, રોહિત, ભારતીના ભાઇ. રતનબેન મણશી મારૂના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રિતેશ કાંતીલાલ વોરા, ૩/૩૦૧ ત્રિવેણીસંગમ, આયરે રોડ, ડોંબીવલી (ઇસ્ટ).

ટોડાના લક્ષ્મીબેન જયંતિલાલ સંગોઈ (ઉં.વ. ૭૨) તા. ૧૨-૧-૨૬ના અવસાન પામેલ છે. નાનબાઈ દેવજી માણેકના પુત્રવધૂ. સ્વ. જયંતીલાલના ધર્મપત્ની. હિતેશ શીતલના માતુશ્રી. ઉમરબાઈ રવજીના સુપુત્રી. ઝવેરબેન, પ્રભા, રમણીક, સુરેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હિતેશ જે. સંગોઈ, ૪૦૪, કસ્તુરીકુંજ,રામનગર, ટાટાપાવરલેન, ડોમ્બિવલી (ઈ).

નાની તુંબડીના અ.સૌ. ચંદનબેન ચંદ્રકાત સતિયા (ઉં.વ. ૬૭) તા. ૧૩-૧-૨૬ના અવસાન પામ્યા છે. મઠાબાઈ વેલજી મોનજીના પુત્રવધૂ. ચંદ્રકાંતના ધર્મપત્ની. અમીત, આરતી, ભાવિનીના માતુશ્રી. ભુજપુર મણીબેન હીરજી વેલજીના સુપુત્રી. મગનલાલ, પ્રવિણ, જયંતિ, બારોઈ જવેરબેન શાંતિલાલ, બેરાજા કલ્પના શાંતિલાલ, નવાવાસ રંજન હરખચંદ, વડાલા સરોજ હસમુખના બેન. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં.: કરશન લઘુ નિસર હોલ (દાદર), ટા. ૪ થી ૫.૩૦.

વિઢના માતુશ્રી તારાબેન વિસનજી માવજી હરીયા (ઉં.વ. ૭૯) તા. ૧૨-૧-૨૬ના અવસાન પામેલ છે. ખેતબાઈ માવજી લખમશીના પુત્રવધૂ. વિસનજીના પત્ની. વિપુલ, દીના, રશ્મીના માતુશ્રી. દેઢિયાના વેજબાઇ પ્રેમજી લાલજી પાસડના પુત્રી. લક્ષ્મીબેન, મુલચંદ, અમરચંદ, વિનોદના બેન. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન, ચક્ષુદાન કરેલ છે. નિ. દીના દેઢીયા, બી/૭૦૪, રૂનવાલ પ્રાઇડ, એલ.બી.એસ. રોડ, આર મોલની પાછળ, મુલુંડ (વે).

ડેપાના હેતા (ડીંકી) હર્ષ પ્રવિણ રાંભીયા (ઉં.વ. ૩૯) તા. ૧૩-૧-૨૬ના અવસાન પામેલ છે. કેસરબેન પ્રવિણના પુત્રવધૂ. હર્ષના પત્ની. જૈન્યના મમ્મી. ઉષાબેન રશ્મિન કેનીયાના પુત્રી. વિરાજના બેન. સ્થળ : સુમતિનાથ જિનાલય, નુતન આરાધના ભવન, નાથાલાલ પારેખ માર્ગ, કિંગ્ઝ સર્કલ. ટા. ૩.૩૦ થી ૫.

મોટા આસંબીયાના અ.સૌ. વનિતા (વેજબાઈ) વલ્લભજી સાવલા (ઉં.વ. ૮૩) તા. ૧૨/૧/૨૬નાં અવસાન પામેલ છે. મા. ભાણબાઈ રામજી પાંચારીયાના પુત્રવધૂ. વલ્લભજી રામજીના ધર્મપત્ની. ભાવના, પરેશ, રેખા, નિલેશના માતુશ્રી. કાંડાગરાનાં પાનબાઈ શામજી પાસુ છેડાનાં સુપુત્રી. ખીમજી, તલકશી, લખમશી, મો. ખાખરનાં વેલબાઈ શીવજી, ના. ખાખરનાં સુંદરબેન દેવરાજ, પત્રીનાં હાંસબાઈ (કંકુ) કાનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. નિલેશ સાવલા, એ/સી-૪૧, હીરામોતી નગર સોસાયટી, શીવાજી નગર, વાગલે ઈસ્ટેટ, થાણા-૪૦૦૬૦૪.

કોડાયના મણીલાલ ખેતશી દેઢિયા (ઉં.વ. ૭૯) તા. ૧૨-૧-૨૬ના અવસાન પામેલ છે. દેવકાબેન ખેતશીના પુત્ર. દમયંતીના પતિ. નેહા, જીગરના પિતા. નેમચંદ, દામજી, પ્રદીપ, નાગલપુરના સુશીલા જગશી, કુંદરોડીના ભારતી લક્ષ્મીચંદના ભાઈ. ગુંદાલાના દેવકાબેન કાનજી પત્તુના જમાઈ. પ્રા. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ - બોરીવલી, બોરીવલી (વે), મું - ૯૨. ટા.૩થી ૪.૩૦.

ભુજપુરના ચંપકલાલ નાનજી ગાલા (ઉં.વ. ૮૦) ૧૨/૧ના અવસાન પામ્યા છે. દેવકાબેન નાનજીના સુપુત્ર. પ્રભાબેનના પતિ. નિખીલ વૈશાલીના પિતા. સુશીલા પુષ્પા ચંદ્રકાન્ત, જયા અશ્વીન, જયવંતી કલ્યાણજી, નાના આસંબીયાના જયા બીપીનના ભાઇ. ભુજપુરના મણીબેન પ્રેમજી ટોકરશી છેડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રસ : નિખીલ ગાલા : એ/૧૪, રાધા સ્મૃતિ, શાન્તી નગર, ભાઇંદર (વેસ્ટ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ

# મેરી કોમ જેવા ખેલાડી પણ જ્યારે સ્ત્રી-પુરુષ સમાનતાના બેવડા ધોરણ રાખે ત્યારે...

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

**તાજેતરમાં** સોશિયલ મીડિયા પર ખેલ જગતની દિગ્ગજ ખેલાડી મેરી કોમની એક ટિપ્પણીએ મોટો વિવાદ છેડ્યો છે. મેરી કોમે એક ઈન્ટરવ્યૂમાં ગંભીરતાથી એવું નિવેદન આપ્યું કે તેનો પતિ એક પણ રૂપિયો કમાતો નથી અને આખો દિવસ ફૂટબોલ રમ્યા કરે છે. આ એક વાક્યએ ઇન્ટરનેટ પર ચર્ચાઓનું તોફાન ઊભું કરી દીધું છે.

સવાલ અહીં માત્ર એક ખેલાડીના અંગત જીવનનો નથી, પરંતુ સવાલ એ સામાજિક માનસિકતાનો છે, જે સ્ત્રી અને પુરુષ માટે સફળતા, કમાણી અને બલિદાનના માપદંડો અલગ-અલગ રાખે છે. આ ઘટનાએ એ કડવું સત્ય સપાટી પર લાવી દીધું છે કે આજે પણ આપણો સમાજ 'પુરુષ' હોવાની વ્યાખ્યાને માત્ર 'કમાણી' સાથે જોડીને જુએ છે અને જ્યારે કોઈ પત્ની તેના પતિની બેરોજગારી કે ઓછી કમાણી પર કટાક્ષ કરે છે. ત્યારે તે સમાજમાં સ્વીકાર્ય બની જાય છે, પણ શું આ જ વાત કોઈ પુરષ બોલી શકે ખરો?

અહીં વિચારવા જેવી વાત એ છે કે જો આ જ સ્થાને કોઈ પ્રખ્યાત પુરુષ ખેલાડી કે સેલિબ્રિટીએ જાહેરમાં એવું કહ્યું હોત કે ''મારી પત્ની કંઈ કમાતી નથી અને આખો દિવસ ઘરે બેસીને ટીવી જોયા કરે છે કે શોપિંગ કર્યા કરે છે,'' તો શું થાત?

ચોક્કસપણે, તે પુરુષને ક્ષણભરમાં 'સ્ત્રી વિરોધી', 'અહંકારી' અને 'પછાત વિચારધારાવાળો' જાહેર કરી દેવામાં આવ્યો હોત. તેના પર સ્ત્રીના અપમાનના આરોપ લાગત અને સોશિયલ મીડિયા પર તેને બાયકોટ કરવાની ઝુંબેશ શરૂ થઈ ગઈ હોત , પરંતુ જ્યારે મેરી કોમ જેવી વ્યક્તિ આવું બોલે છે ત્યારે તેને 'મજબૂત સ્ત્રીનો આત્મવિશ્વાસ' ગણીને જોવામાં આવે છે. આ તે બેવડા ધોરણ છે જે પુરુષકેન્દ્રી દૃષ્ટિકોણથી જોતા અન્યાયી લાગે છે. પુરુષ હંમેશાંથી એક 'પ્રોવાઈડર' એટલે કે ઘર ચલાવનારની ભૂમિકામાં રહ્યો છે. જો તે કમાય નહીં તો સમાજની નજરમાં તેની કોઈ કિંમત રહેતી નથી. મેરી કોમના કિસ્સામાં તેના પતિ ઓન્લર કોમે પોતાની કારકિર્દીનો ભોગ આપીને મેરી કોમને વિશ્વ ચેમ્પિયન બનાવવા માટે ઘર સંભાળ્યું છે. એક પુરુષ જ્યારે પોતાની પત્નીની સફળતા માટે પાછળ રહીને પાયાનો પથ્થર બને છે. ત્યારે તેની એ મહેનતને'કંઈ ન કમાવા' સાથે સરખાવવી એ તેના પુરુષત્વ અને તેના બલિદાનનું અપમાન છે. સમાજમાં આજે પણ એવી માનસિકતા ઘર કરી ગઈ છે કે પત્ની ભલે લાખો કમાતી હોય, પણ જો પતિ ન કમાતો હોય તો તેને 'નકામો' ગણવામાં આવે છે. કોઈ પુરુષ જ્યારે પત્નીની કમાણી પર નિર્ભર રહે છે, ત્યારે તેને 'ઘરજમાઈ' કે 'બાયલો' જેવા શબ્દોથી નવાજવામાં આવે છે, પરંતુ કોઈ સ્ત્રી પતિની કમાણી પર જીવે તો તેને 'સૌભાગ્યશાળી' માનવામાં આવે છે. આ તફાવત જ પુરુષ વર્ગ માટે માનસિક દબાણ ઊભું કરે છે. મેરી કોમની કમેન્ટ પર જે બબાલ મચી તે એ વાતનો પુરાવો છે કે હવે પુરુષો પણ પોતાના સન્માન માટે અવાજ ઉઠાવતા શીખ્યા છે. પુરુષો પૂછી રહ્યા છે કે શું અમારું કામ, અમારો ત્યાગ અને અમારો સમય માત્ર એટલા માટે શૂન્ય છે, કારણ કે અમે બેંક બેલેન્સમાં વધારો નથી કરી રહ્યા? જો એક સ્ત્રી ગૃહિણી (હાઉસવાઈફ) તરીકે માન સન્માનની હકદાર છે. તો એક પુરુષ 'હાઉસહસબન્ડ' તરીકે કેમ નહીં? શા માટે તેની મજાક ઉડાવવામાં આવે છે?


મેરી કોમ પતિ ઓન્લર કોમ સાથે

જો કોઈ પુરુષ જાહેરમાં પત્નીની કમાણી વિશે ટિપ્પણી કરે, તો સમાજ તેની એવી 'વલે' કરી નાખે કે... તેને સંસ્કાર વગરનો ગણવામાં આવે છે, પરંતુ સ્ત્રી જ્યારે આવું બોલે છે ત્યારે તેને 'મોઢા પર બોલનારી' (સ્ટ્રેટ ફોરવર્ડ) ગણીને છોડી દેવાય છે. આ અસમાનતા પુરુષને માનસિક રીતે તોડી નાખે છે. વાસ્તવમાં, લગ્ન એ એક ભાગીદારી છે જ્યાં બંનેના યોગદાનનું મૂલ્ય સરખું હોવું જોઈએ. જો ઓન્લર કોમે મેરી કોમના બાળકો ન સાચવ્યા હોત કે ઘરની જવાબદારી ન ઉપાડી હોત તો શું મેરી કોમ આટલા મેડલ જીતી શકી હોત? કદાચ ના. ..તો પછી કમાણીના આંકડા જોઈને કોઈના યોગદાનને ઓછું આંકવું એ કેટલી હદે યોગ્ય ગણાય ?

આ વિવાદે એ વાત સાબિત કરી છે કે સ્ત્રી સશક્તિકરણનો અર્થ પુરુષને નીચા દેખાડવાનો ક્યારેય ન હોઈ શકે. સાચું સશક્તિકરણ એ છે જ્યાં બંને લિંગ એકબીજાના પૂરક બને, નહીં કે હરીફ !

આ કિસ્સો એક ગંભીર પાઠ આપે છે. પુરુષો પરનું સામાજિક દબાણ કે 'તેણે જ કમાવવું પડશે' એ વિચારધારા હવે બદલવાની જરૂર છે. જો આપણે સ્ત્રીઓને ઓફિસમાં કામ કરતી જોવા માંગતા હોઈએ, તો આપણે પુરુષોને રસોડામાં કે મેદાનમાં બાળકો સાથે રમતા જોવાની પણ તૈયારી રાખવી પડશે અને તેમને તેટલું જ સન્માન આપવું પડશે. મેરી કોમ જેવી હસ્તીઓ જ્યારે આવું નિવેદન આપે છે ત્યારે તે લાખો યુવાનોને ખોટો સંદેશ આપે છે કે જો તમે કમાતા નથી તો તમારી કોઈ ઇજ્જત નથી. પુરુષનું મૌન તેમની નબળાઈ નથી, પણ તેની ગરિમા છે , પરંતુ જ્યારે આ ગરિમા પર પ્રહાર થાય છે ત્યારે સમાજે વિચારવું પડશે કે આપણે કેવા પ્રકારની સમાનતા તરફ આગળ વધી રહ્યા છીએ. શું આપણે ખરેખર સમાનતા ઈચ્છીએ છીએ કે પછી માત્ર સત્તાનું પરિવર્તન? પુરુષના બલિદાનની કદર કરવી એ પણ આધુનિક સમાજની પ્રાથમિકતા હોવી જોઈએ. ■



## ડિયર હની... તારો બન્ની

### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# પ્રસૂતિની પીડા... વિશ્વની સૌથી શક્તિશાળી ભાષા

*ડિયર હની,*

*મને બરાબર યાદ છે કે, આપણે ત્યાં દીકરી જન્મી ત્યારે તારી પીડા કેવી હતી. એકવાર લેબર પેઈન થયું અને હૉસ્પિટલ ગયા તો ડિલિવરી ના થઇ અને ઘેર પાછા ફરવું પડ્યું અને ફરી વેણ ઉપડ્યું ફરી હૉસ્પિટલ ગયા અને પછી દીકરીનો જન્મ થયો.*

*ગર્ભાવસ્થા દરમિયાન મેં તારી પીડા પણ જોઈ અને દીકરી જન્મી ત્યારે તારા ચહેરા પરની ખુશી પણ જોઈ. માતા બને પછી સ્ત્રી સંપૂર્ણ બને છે એવું જે કહેવાય છે એની મેં ત્યારે પ્રતીતિ જોઈ. મારા ય આનંદનો ક્યાં પાર હતો. મને તો દીકરી જ જોઈતી હતી અને એવું જ થયું. જોકે હું ક્યારેક વિચારું છે કે, માતા બનવાની જે પ્રક્રિયા છે એ કેટલી વેદનાસભર હોય છે. નવ માસ કોઈ જીવને ગર્ભમાં પાળવો અને પછી એ દુનિયામાં પ્રવેશ કરે ... શું એ સફર હશે? એ તો સ્ત્રી જ જાણે. સ્ત્રી જ આટલી પીડા સહન કરી શક્તિ હશે એટલે જ કુદરતે એને માતૃત્વનો અધિકાર આપ્યો છે, પુરુષને નહિ. કહેવાય છે ને, જન્મોજન્મની પીડા જ્યારે એક પળમાં એકઠી થાય, ત્યારે 'મા નો જન્મ થાય છે' આપણે સાહિત્યમાં આ વિષે ઘણું બધું લખાયું છે. 'પ્રસૂતિની પીડા એ કુદરતની સૌથી મોટી અને રહસ્યમય કવિતા છે. જ્યારે સ્ત્રી લેબર પેઈનમાંથી પસાર થાય છે, ત્યારે તે જીવન અને મૃત્યુની સીમારેખા પર ઊભી હોય છે. એ શારીરિક ભંગાણ નથી, પણ એક દિવ્ય સર્જનનું દ્વાર છે.*

*જે ક્ષણે બાળકની પહેલી મુલાકાત થાય છે, ત્યારે એ હજારો કિલોમીટરની મુસાફરીનો થાક અને હાડકાં ચીરતી પીડા એક સ્મિતમાં પરિવર્તિત થઈ જાય છે. દુનિયામાં આ એક જ એવી પીડા છે જેનો અંત સુખદ હોય છે.'*

*પુરુષ આ પીડા નથી અનુભવી શકતો. પણ આ સફરમાં પુરુષ સ્ત્રીનો સાથ આપે તો એ સફર થોડી ઓછી દર્દભરી બને છે. જોકે ભારતીય સમાજમાં એવું ઓછું બને છે એટલે સ્ત્રી માટે આ સફર વધુ મુશ્કેલ બને છે. હિન્દી સાહિત્યમાં એક નવો અવાજ છે એ અનામિકાએ સ્ત્રીની આ વેદના અને એની અભિવ્યક્તિ આબેહૂબ કરી છે. એની એક કવિતા 'સ્ત્રિયાં'માં એ લખે છે :*

***'બેજગહ હોતી હૈ સ્ત્રિયાં,***
***પર જબ વે જન્માતી હૈ કિસી કો,***
***તો પૂરી કાયનાત કો એક જગહ દેતી હૈમ***
***વે સહતી હૈ સબ કુછ***
***ચુપચાપ, કિસી પુરાની દીવાર કી તરહ,***
***જિસ પર લિખે હોતે હૈ સદીઓ કે દુખ***
***ઉનકી કોખ મેં સિર્ફ બચ્ચા નહીં પલતા,***
***પલતી હૈ વહ સભ્યતા,***
***જો કભી ઉન્હેં અપના નહીં માનતી***
***વહ દર્દ જો વહ પ્રસવ મેં પાતી હૈ,***
***વહી ઉસે દુનિયા કી સબસે તાકતવર ભાષા શિખાતા હૈ...'***

*આ અવસ્થા એ માત્ર પીડા જ નથી. વિશ્વનું એક પ્રકારે નિર્માણ છે. એક સંઘર્ષ અને એક વિજય છે. આપણે ત્યાં માતૃત્વને એક શક્તિનાં સ્વરૂપમાં જોવા મળે છે અને એટલે જ દીપ્તિ મિશ્રાએ લખ્યું છે:*

***'મા હોના કોઈ સમજૌતા નહીં, એક સાહસ હૈ,***
***વહ દર્દ ભી એક ઇબાદત હૈ, જિસકે બાદ 'મા' કા જન્મ હોતા હૈ...'***

*સંયુક્ત કુટુંબમાં સ્ત્રીની આ પીડા ઓછી રહે છે, કારણ કે અહીં અનુભવી લોકો છે. એ સમજે છે કે, આ અવસ્થામાં કેવી પીડા સહન કરવી પડે છે અને એનો ઉપાય શું હોય છે. નવ માસ દરમિયાન કેટકેટલું ધ્યાન રાખવું પડે છે. એ ડૉક્ટર તો કહે, પણ ઘરના અનુભવી લોકો પણ એનું ધ્યાન રાખે છે. મા બનવા સ્ત્રીએ કેટલું કોરાણે મૂકવું પડે છે. પોતાનો સ્વાદ બાજુએ મુકવો પડે છે. પોતાની પસંદ નાપસંદ ભૂલવી પડે છે. કેટલી ય રાતો દર્દમાં વિતાવવી પડે છે. અને એ પીડા એણે એકલા એ જ સહન કરવાનો હોય છે. એટલે જ સાહિત્યકાર લખે છે,*

*'દુનિયાની સૌથી જૂની લિપિ એટલે એક માતાનું દુઃખ, જે તે એકલી સહન કરે છે જ્યારે તે એક નવા જીવનું સર્જન કરી રહી હોય છે. આ લિપિ અક્ષરોમાં નથી લખાઈ, તે તેના પરસેવાના ટીપાંમાં, તેની શાંત ચીસોમાં અને તેના ઉખડતા શ્વાસમાં છુપાયેલી છે. જ્યારે તે બાળકને જન્મ આપે છે ત્યારે તે માત્ર એક શરીરને નહીં પણ એક નવી આશા અને નવી દુનિયાને જન્મ આપે છે, જેના માટે તેણે પોતાના પોતાનું અસ્તિત્વ પણ દાવ પર લગાવી દીધું હોય છે...'*

*– અને એટલે જ લેબર પેઈન એ માત્ર મેડિકલ ઘટના નથી, પણ એક સ્ત્રીનો 'આધ્યાત્મિક વિજય ' છે. સ્ત્રીનું શરીર જે ફેરફારોમાંથી પસાર થાય છે તે તેની નબળાઈ નથી પણ તેની સર્જનશક્તિના નિશાન છે, જેનું સન્માન થવું જોઈએ. દરેક સ્ત્રી માતા બને છે ત્યારે આ અનુભવમાંથી પસાર થાય છે. સ્ત્રી માતા બને અને પુરુષ પિતા બને એ બંનેમાં તફાવત છે, અંતર છે અનુભૂતિનું.*

*તારો બન્ની*

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

# આયુ કી ઐસી કૈસી... દિલમાં ઉમંગ હોવો જોઈએ!

***ઘટમાં ઘોડા થનગને આતમ વીંઝે પાંખ***
***અણદીઠેલ ભોમ પર યૌવન માંડે આંખ***

ના, ના ગેરસમજ ન કરતા. 'સંધ્યા છાયા' કોલમમાં આજે કોઈ યુવાન વિશે વાત નથી કરવાની. જેમની વાત કરવાની છે એ યુવાન નથી પણ યુવાનને શરમાવે એવા ૮૪ વર્ષના યુવાન છે. એમને જોઈને મને વર્ષો પહેલાં આવતી એક જાહેરખબર યાદ આવી જાય છે. કઈ પ્રોડક્ટની જાહેરખબર હતી તે તો યાદ નથી , પણ જાહેરખબર કાંઈક આવી હતી. એક ચાલતી બસમાં એક વૃદ્ધ અને એક યુવાન બંને ચઢે છે. બંને એક સીટ પર બેસી જાય છે. યુવાન હાંફતો હોય છે અને વૃદ્ધ આરામથી બેઠા છે.એ જાહેરખબરના વૃદ્ધ જેવાં જ એક ૮૪ વર્ષના યુવાનની વાત કરવી છે.

આ યુવાન વડીલને આપણે દીપકભાઈ કહીશું. આ ઉંમરે એમના ઘટમાં ઘોડા થનગને છે. તેમના મનમાં ઉમંગ અને તનમાં ભારે સ્ફૂર્તિ છે. આ ઉંમરે પણ યુવાનોની માફક કંઈકને કંઈક કરવાની ઈચ્છા ધરાવે છે. સમાજ માટે કંઈક કરી છૂટવાની એમને હોંશ છે.

યુવાવસ્થા જ દીપકભાઈને ફોટોગ્રાફીનો બહુ જ શોખ. સરસ મજાના ફોટા પાડે. દીપકભાઈને સૌથી વધુ ફોટો સૂર્યોદય અને સૂર્યાસ્તના પાડવા ગમે. પ્રાકૃતિક સૌંદર્યને પણ કેમેરામાં મઢી લેવાનો શોખ. એ ક્યાંય પણ જાય કેમેરો તેમની સાથે જ હોય. જે ચીજ કે દૃશ્ય આકર્ષે તેને કેમેરામાં કેદ કરી લે. તેમની ફોટોગ્રાફી સ્કીલ આજે પણ ગજબની છે. એમના કિલક કરેલા ફોટા જોનારનું મન મોહી લે. ધીરે ધીરે તેમના ફોટા અખબાર, મેગેઝિનમાં પ્રકાશિત થવા લાગ્યા. આવી રીતે મીડિયામાં પોતાના ફોટોગ્રાફ પ્રદર્શિત થવાને કારણે હંમેશાં ઉત્સાહમાં રહેતા દીપકભાઈના ઉત્સાહમાં ઓર વધારો થયો. પછી તો ઊંડી કલાસૂઝ ધરાવનાર દીપકભાઈએ ફોટોગ્રાફીને શોખ તરીકે અપનાવી લીધો. તેમનું ફોટોગ્રાફીનું કલેકશન વધતું ગયું તેમ તેમની આંખમાં એક સ્વપ્ન અંજાયું, આર્ટ ગેલેરીમાં પોતે ક્લિક કરેલા ફોટોગ્રાફસનું પ્રદર્શન યોજવાનું. પછી તો શોખ સાથે વ્યાપારમાં ધ્યાન આપવાનું થયું, લગ્ન થયાં, પરિવાર વધ્યો એટલે એમાં વ્યસ્ત થઈ ગયા. પણ એ વ્યસ્તતતા વચ્ચે પણ



પોતાના શોખને પોષતા રહ્યા. પોતાના શોખને કારણે એમને ઘણી સેલિબ્રિટિઝના ફોટોગ્રાફસ લેવાની તક પણ મળી. ભારતની પ્રથમ મિસ યુનિવર્સ રીતા ફારિયા, શશી કપૂર, હેમામાલિની, શંકર-જયકિસન, સિતાર વાદક પંડિત રવિશંકર જેવા દિગ્ગજોને મળવાનો મોકો પણ દીપકભાઈને પોતાના શોખને કારણે મળ્યો.

દીપકભાઈની જીવન વિષેની ફિલોસોફી ક્લિયર છે. એ માને છે કે પોતાની જાતને વ્યસ્ત રાખવાની, શોખને પોષવાનો. ગમતી પ્રવૃત્તિ કરવાની. પોતાના કામ સાથે અરે પરિવારની જવાબદારીઓ વચ્ચે પણ ફોટોગ્રાફી કરતા જ રહ્યા. ધીરે ધીરે કામમાંથી રિટાયર્ડ થયા. ફોટાનું મસમોટું કલેકશન હતું. યુવાનીમાં ફોટોગ્રાફીનું પ્રદર્શન યોજવાનું એ સ્વપ્ન જોયેલું તે ફરીથી સળવળવા માંડ્યું. મનમાં અજંપો હતો. ક્યારે પ્રદર્શન યોજાશે? પરિવારે સપોર્ટ કર્યો, દીકરાએ કહ્યું,'રાહ શેની જુઓ છો? હમણાં જ પ્રદર્શન યોજવાની વ્યવસ્થા કરી દઉં.' અને યુવાનીમાં જોયેલ સ્વપ્ન છેક ૮૨ વર્ષે સાકાર થયું. પરિવાર ને મિત્રોના સહકારથી જુહુ સ્કીમની એક આર્ટ ગેલેરીમાં દીપકભાઈએ પાડેલ સુંદર તસવીરોનું પ્રદર્શન યોજાયું. દીપકભાઈ ભાવવિભોર થઈ ગયા- આનંદનો પાર ન હતો. એક્ઝિબિશનમાં જે આવક થશે તસવીરોના વેચાણથી તે તેમણે સદ્‌કાર્યમાં વાપરવાનું નક્કી કર્યું. આ આવકમાંથી એક પણ પૈસા ઘરમાં નથી રાખવાનો. ઊલટાનું જે પૈસા આવે તેમાં યથાશક્તિ ઉમેરીને ચેરિટી કરવાનું નક્કી કર્યું. આમ તો દીપકભાઈ વર્ષોથી કોઈને કોઈ સમાજોપયોગી કાર્ય કરતા રહેતા હતા. આ એક્ઝિબિશનની આવક ગરીબ અને જરૂરિયાતમંદ કેન્સર રોગીઓને માટે કામ કરતી સંસ્થાને દાન કરી દેવી એવો સંકલ્પ દીપકભાઈએ કર્યો. આમ આ પ્રદર્શન કેવળ કલાની અભિવ્યક્તિ ન રહેતા જરૂરિયાતમંદ કેન્સર પેશન્ટસને મદદ કરાવનો એક સદ્ પ્રયત્ન પણ હતો જે સફળ થયો.

દીપકભાઈએ ૮૨ વર્ષની ઉંમરે ૮૨ ફોટોગ્રાફ પ્રદર્શિત કર્યા હતા. દીપકભાઈના જીવનના બે પાસાં પેસન અને પરપઝ. એક્ઝિબિશનને કારણે તેમના બંને મિશન સફળ થયાં. મિત્રો અને પરિવારજનોની મદદથી દીપકભાઈને ખાસ્સી એવી આવક થઈ. એ બધી જ તેમણે લીધેલા સંકલ્પ પ્રમાણે દાન કરી દીધી.

દીપકભાઈની વાત કરીને એજ કહેવું છે કે દિલમાં ઉમંગ રાખો તો સપના પૂર્ણ થશે. ઉંમર થાય એટલે લાચારી દર્શાવ્યા કરવાની, તબિયતના રોદણાં રડ્યા કરવાના - એવું બધું નહીં કરવાનું. જો તમારા જીવનમાં એકાદ શોખ હશે તો જીવન જીવવાની મજા આવશે. દીપકભાઈને તો ગાવાનો પણ શોખ છે. કરાઓકે ગ્રૂપમાં ગાવા માટે પણ જતા હોય છે. ઉંમર વધતા જિંદગી ખતમ નથી થઈ જતી. એ તો ખતમ થવાની હશે ત્યારે થશે પણ જ્યાં સુધી શ્વાસ છે ત્યાં સુધી જિંદાદિલીથી જીવોને, યાર! ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

## મારી પાસે રાજનીતિક વારસો હતો

(ભાગ: ૨)

નામ: શેખ હસીના વાઝેદ
સમય: ૨૦૨૫
સ્થળ: અજ્ઞાત સ્થળ, દિલ્હી, ભારત
ઉંમર: ૭૮ વર્ષ

૧૫ ઓગસ્ટ, ૧૯૭૫ની એ રાત. કુલ મળીને ૨૦ લોકો અમારા ધાનમંડીના ઘરમાં દાખલ થયા. એક એક રૂમમાં ઘૂસીને એમણે અમારા આખા પરિવારને મારી નાખ્યો. સત્તા પરિવર્તનના આ સૈન્ય ઓપરેશન પછી રાજનૈતિક પરિવર્તનની તૈયારી શરૂ થઈ. અનેક રાજનીતિક નેતાઓને ગિરફતાર કરી લેવામાં આવ્યા. સવારે સાડા પાંચથી સાડા છ દરમિયાન થયેલા આ નરસંહારમાં શેખ મુજીબુર રહેમાન, એમની પત્ની, દીકરાઓ, પુત્રવધૂઓ અને પૌત્રોને પણ મારી નાખવામાં આવ્યા... આ એવો ભયાનક આઘાત હતો જેનાથી ઢાકામાં કરફ્યુ જેવો માહોલ થઈ ગયો હતો. સાડા સાત વાગ્યે પહેલું રેડિયો પ્રસારણ કરવામાં આવ્યું જેમાં કહેવામાં આવ્યું નવું શાસન સ્થાપિત થઈ ચૂક્યું છે. મારા પિતાના સમર્થક અફસરોને હટાવી દેવામાં આવ્યા. ખોંદકર મુશ્તાક અહેમદને રાષ્ટ્રપતિ ઘોષિત કરવામાં આવ્યા. વારંવાર આપવામાં આવતા રેડિયો સંદેશમાં ક્યાંય મારા પિતાનું નામ પણ લેવામાં આવ્યું નહીં... ૧૯૭૫ના આ વર્ષ પછી મેં પહેલીવાર ભારતનો આશરો માંગ્યો. હું બીજે ક્યાંય જઈ શકું એમ હતી જ નહીં. કેટલાંય વર્ષો સુધી મેં કોઈ રાજનૈતિક પ્રવૃત્તિઓનો વિચાર પણ નથી કર્યો. શરૂઆતના વર્ષોમાં તો ફક્ત ટકી જવાનો પ્રયાસ જ એટલો ભયાનક હતો કે, હું બીજું કંઈ વિચારી શકું એમ હતી જ નહીં. મારી એક બહેનને છોડીને મારો આખો પરિવાર નષ્ટ થઈ ગયો હતો. મારા જીવ ઉપર પણ જોખમ હતું જ. હું એ ઘટના વિશે કંઈ પણ ઉચ્ચારું કે જાણતી હોવા છતાં હત્યારાઓના નામ જાહેર કરું તો ભારત આવીને પણ મને મારી નાખવામાં એમને સહેજેય વાર લાગે એમ નહોતી. ૧૯૭૫થી ૧૯૮૧ સુધી હું સાવ ગુમનામીમાં જીવતી રહી. એક પછી એક ઘર બદલ્યા અને સતત ભારતની સુરક્ષાના કવચ હેઠળ મેં મારી જાતને જીવિત રાખવાનો પ્રયાસ કર્યો. ૧૯૮૧માં અવામી લીગના કેટલાક નેતાઓએ મારો સંપર્ક કર્યો.


શેખ હસીના વાઝેદ

હું માનસિક રીતે બિલકુલ તૈયાર નહોતી, પણ અવામી લીગના નેતાઓનું કહેવું હતું કે, હું આખી જિંદગી ભારતમાં નહીં રહી શકું. વાત તો સાચી જ હતી! મારા પિતાના હત્યારાઓને સજા અપાવવા અને મારા પિતાની આવી કરપીણ હત્યાનો ન્યાય માગવા મારે બાંગ્લાદેશ પાછા જવું જ જોઈએ એ વાત સાથે હું સહમત થઈ. મારી પાસે રાજનીતિક વારસો હતો પણ બાંગ્લાદેશની રાજનીતિ કે રાજનીતિક ઊથલપાથલો વિશે મારી પાસે એવું કોઈ તૈયાર બેકગ્રાઉન્ડ નહોતું. ૧૯૭૫થી ૧૯૮૧ સુધી હું સાવ ચૂપ રહી હતી. મેં બદલો લેવાની કોઈ તૈયારી કરી હોય કે સતત બાંગ્લાદેશ પાછા ફરવા માટે ધીમે ધીમે લોકોને એકત્ર કર્યા હોય, એવું કંઈ મેં કર્યું નહોતું. હું અચકાતી હતી, સાચું કહું તો ડરતી હતી! મૃત્યુનો ભય ન હોય તો પણ મને એવો ભય લાગતો હતો કે, મારા પિતાના વિરોધીઓ મને બાંગ્લાદેશમાં શાંતિથી જીવવા નહીં દે, પરંતુ એ વખતે ઇન્દિરા ગાંધી ૧૯૮૧માં ભારતના વડાં પ્રધાન હતા. જાન્યુઆરી ૧૯૮૦ થી ઓક્ટોબર ૧૯૮૪માં તેમની હત્યા સુધી તેમનો ચોથો કાર્યકાળ ચાલતો હતો. એમણે મને સધિયારો આપ્યો. એમની મદદ અને હિંમતથી મેં બાંગ્લાદેશ પાછા ફરવાનું નક્કી કર્યું. અવામી લીગના નેતાઓ સાથે ઈન્દિરાજીએ બેઠક કરી અને સલાહ આપી કે, મને પોલિટિકલ શેલ્ટર મળવું જોઈએ. આવામી લીગના નેતાઓએ મને પક્ષની પ્રમુખ બનાવી. પાછા લાવવાની તૈયારી શરૂ કરી. ૧૭ મે, ૧૯૮૧ના દિવસે ઢાકા એરપોર્ટ પર લાખો સમર્થકોએ મારું સ્વાગત કર્યું. અવામી લીગના પક્ષ પ્રમુખ તરીકે બાંગ્લાદેશ પાછા ફરીને લગભગ ડૂબી ગયેલી પાર્ટી અવામી લીગને ફરીથી બેઠી કરવાની પ્રવૃત્તિ મેં શરૂ કરી. આ પુનઃ આગમન ફક્ત મારે માટે જ નહીં, બાંગ્લાદેશના ઈતિહાસમાં પણ એક નવું પૃષ્ઠ ઉમેરવાની શરૂઆત હતી...

આ બરાબર એવી જ વાત હતી. જેવું મારા પિતાએ ૧૯૭૦માં પાકિસ્તાની પીપલ્સ પાર્ટીને હરાવીને અવામી લીગની ૧૬૭ સીટ સાથે જીત હાંસલ કરી હતી. ૧૯૭૦ની એ ચૂંટણી આખા પાકિસ્તાન માટે એક નવો સંદેશ લઈને આવી હતી, પરંતુ સૈન્ય શાસક યાહ્યા ખાને સત્તા સોંપવાનો ઈનકાર કર્યો. અવામી લીગના સિક્સ પોઈન્ટ પ્રોગ્રામને અસ્વીકાર કર્યો અને એ વખતે ઝુલ્ફીકાર અલી ભુટ્ટો સાથે વાટાઘાટો કરવાના પૂરા પ્રયાસ છતાં યાહ્યા ખાને એ વાટાઘાટો સફળ થવા દીધી નહીં. મારા પિતાના સમર્થક, વિદ્યાર્થીઓ, બુદ્ધિજીવો અને રાજનીતિક નેતાઓને નિશાન બનાવીને સૌ પર અત્યાચાર કરવામાં આવ્યા. ૧૯૭૧નું એ પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલું ઓપરેશન સર્ચલાઈટ જનસંહાર હતો. ૩૦ લાખ લોકોને મારી નાખવામાં આવ્યા, જેમાં હિન્દુ અને મુસલમાન બંને હતા. મારા પિતાએ આ નરસંહારનો વિરોધ કર્યો અને પહેલી વખત અલગ વિસ્તારની માગણી કરી હતી જેમાં એમણે પૂર્વ પાકિસ્તાનને અલગ ઓળખ અને બાંગ્લા મુસલમાનોને થતો અન્યાય અટકાવવાની માગ મૂકી. આમ તો પૂર્વ પાકિસ્તાનની અધિકાંશ જનતા મુસલમાન હતી, પાકિસ્તાન મુસ્લિમ શાસક અને ધર્મનો દેશ છે તો પછી અત્યાચાર કેમ કરવામાં આવ્યો, આ સવાલ વિશ્વના ઘણા દેશોને થયો... પાકિસ્તાની સત્તા માનતી હતી કે ઈસ્લામ આપણને જોડે છે. ભાષા અને સંસ્કૃતિ અલગ હોવાને કારણે આપણે એક નથી થઈ શકતા. બાંગ્લાદેશી લોકો પોતાની જાતને પહેલાં પણ બંગાળી માનતા હતા. એમનું ભોજન, રહેનસહેન અને જીવન જુદું હતું. એ ઉપરાંત પાકિસ્તાનના પશ્ચિમી નેતૃત્વને કારણે ઉર્દૂને એક માત્ર રાષ્ટ્રભાષા ઘોષિત કરવામાં આવી. જૂટ અને દરિયાઈ ઉત્પાદનો પૂર્વ પાકિસ્તાનના મહેનતુ મજૂરોને કારણે મળતા, પરંતુ એનો ફાયદો પશ્ચિમી પાકિસ્તાનમાં ચાલી જતો. મારા પિતા બંગાળી હતા. એમણે ધર્મ નહીં, ભાષા અને સંસ્કૃતિના ધોરણ પર એક અલગ ઓળખની માગ કરી હતી. એમણે ૭ માર્ચ, ૧૯૭૧માં ઢાકાના રેસકોર્સ મેદાનમાં ભાષણ કર્યું. એમણે કહ્યું, 'આ સંઘર્ષ આપણી મુક્તિ અને સ્વતંત્રતા માટેનો સંઘર્ષ છે. સંઘર્ષ વિના આજ સુધી કોઈ મુક્તિ મળી નથી. સ્વતંત્રતા આપણા હાથમાં મૂકવામાં નહીં આવે. આપણે એને છીનવવી પડશે.' એ વખતે ઉશ્કેરાયેલા લોકો અને ઢાકા વિશ્વવિદ્યાલયના છાત્રોએ સાથે મળીને બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામની શરૂઆત કરી. ૨૫ માર્ચ, મોડી રાત્રે સૈન્ય ઢાકામાં દાખલ થયું. મારા પિતાને ગિરફતાર કરી લેવામાં આવ્યા, એમને પશ્ચિમી પાકિસ્તાન લઈ જવામાં આવ્યા.

એક મુસ્લિમ સત્તાએ એની જ મુસ્લિમ જનતાને આવી બેરહેમીથી કતલ કર્યું હોય એવું કદાચ પહેલીવાર બન્યું હતું. આ ધાર્મિક લડાઈ નહોતી, રાજકીય અને સત્તા પલટાની તીવ્ર માગ હતી. મારા પિતાની ગિરફતારી પછી પણ યાહ્યા ખાન અને એના સૈન્યનું દમન અટક્યું નહીં. ભારતે એમને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે ત્રીજી ડિસેમ્બર, ૧૯૭૧ના દિવસે ભારતના પશ્ચિમી હવાઈ એરપોર્ટ્સ પર હુમલો કરીને પાકિસ્તાને યુદ્ધ માટે મજબૂર કર્યા. ઈન્દિરા ગાંધી એ વખતે પણ વડાં પ્રધાન હતા. એમણે યુધ્ધનો પડકાર સ્વીકાર કર્યો. ભારતીય સેનાએ જબરજસ્ત અને નિર્ણાયક હુમલો કરીને પૂર્વી પાકિસ્તાનને દમનમાંથી ઉગારી લીધું. ફક્ત ૧૩ દિવસમાં યુદ્ધનો નિર્ણય આવી ગયો અને ૯૩ હજાર પાકિસ્તાની સૈનિકોએ સમર્પણ કરવું પડ્યું. ઈન્દિરા ગાંધીએ રશિયાની મદદ માંગી. પાકિસ્તાન પાસે અમેરિકાના હથિયાર અને મદદ હતા, પરંતુ ઈન્દિરાજીએ યુએનને સંદેશો મોકલીને કહ્યું, 'અમે યુદ્ધ ઈચ્છતા નથી. થઈ રહેલા નરસંહારને રોકવા સિવાય અમારો કોઈ ઉદ્દેશ નથી. પાકિસ્તાનને અપમાનિત કરવા માટેનું આ યુધ્ધ નથી. પૂર્વી પાકિસ્તાનના મુસલમાનોને જીવવાનો અધિકાર છે, ભારત એમની મદદ કરવા માગે છે.' જનરલ સેમ માણેકશોએ સેનાને પૂરી તૈયારીનો સમય આપ્યો. ઈન્દિરાજીની ઉતાવળ છતાં એમણે પાકિસ્તાનને પહેલો હુમલો કરવા દીધો. એ વખતે પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધી અને જનરલ માણેકશો વચ્ચે થયેલા સંવાદ પછીથી અનેક પુસ્તકોમાં અને સિનેમામાં પણ પ્રસિદ્ધ થયો. ઈન્દિરા ગાંધીએ પૂછ્યું હતું, જનરલ, શું આપણી સેના અત્યારે પાકિસ્તાન સામે યુદ્ધ માટે તૈયાર છે?'' સેમ માણેકશોએ સ્પષ્ટ કહ્યું, ''મેડમ, જો તમને મારી પાસેથી પ્રામાણિક જવાબ જોઈતો હોય, તો ના.'' રૂમમાં મૌન છવાઈ ગયું. માણેકશોએ આગળ કહ્યું, ''જો તમે મને આજે યુદ્ધમાં જવાનો આદેશ આપો, હું લડી શકું છું પણ હું જીતની ગેરંટી આપી શકતો નથી.'' એમણે કારણો સમજાવ્યા, ચોમાસું આવવાનું છે, પર્વતીય અને નદી કિનારાના વિસ્તારોમાં હિલચાલ મુશ્કેલ છે, એમની સેના સંપૂર્ણપણે તૈનાત છે અને આપણી લોજિસ્ટિક્સ અધૂરી છે, આંતરરાષ્ટ્રીય વાતાવરણ અત્યારે યુધ્ધ માટે તૈયાર નથી. ઇન્દિરા ગાંધીએ પૂછ્યું, જનરલ, તમને કેટલો સમય જોઈએ છે? સેમ માણેકશોએ કહ્યું, મને છ કે સાત મહિના આપો. પછી હું તમને વિજયની ખાતરી આપીશ. એ પછી પાકિસ્તાનને પહેલો હુમલો કરવાની તક આપવામાં આવી... ભારતે વળતો જવાબ આપીને યુનાઈટેડ નેશન્સમાં પોતાની પરિસ્થિતિ સ્પષ્ટ કરી એટલું જ નહીં, બલ્કે પૂરી તૈયારી સાથે હુમલો કરીને ૧૩ દિવસમાં યુદ્ધ જીતી લીધું.

પૂર્વ પાકિસ્તાન છૂટું પડ્યું અને બાંગ્લાદેશ તરીકે અલગ દેશનું નિર્માણ થયું... મારા પિતા શેખ મુજીબુર રહેમાન બાંગ્લાદેશના પહેલાં પ્રધાનમંત્રી બન્યા ત્યારે હું ૨૪ વર્ષની હતી. (ક્રમશઃ)■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## જિંદગીને પરફેક્ટ બનાવવી જરૂરી છે?



અનુશ્રી સમજણ ઉગે એ પહેલા જ શીખી ગયેલી કે ચોકસાઈ કોને કહેવાય. પ્લે સ્કૂલમાં પેન પકડતાંવેંત એ બીજા બાળકોની જેમ આડાંઅવળાં લીટોડીયા તાણવાને બદલે સીધી લીટી પાડતી. ત્યારે ટીચર ખુશાખુશાલ ચહેરે એને વ્હાલી કરતાં. પહેલા ધોરણમાં પગ મુકતાંવેંત એના સુંદર અને મરોડદાર અક્ષરો થકી એ શિક્ષકોની પ્રિય બની બેસેલી. પેરેન્ટ્સ- ટીચર મીટિંગ્સમાં એના ભરપૂર વખાણ થતાં. પાંચમાં ધોરણે પહોંચતા સુધીમાં તો એ શીખી ગયેલી કે શું કરવાથી પોતે હંમેશાં મમ્મી-પપ્પા અને ટીચર્સની ગુડ બૂકમાં રહેશે.

એની નોટબૂક્સ હંમેશાં ચોખ્ખી રહેતી અને સ્કુલ બેગ ગોઠવાયેલી. વ્યવસ્થિત ઓળેલા વાળ, ઈસ્ત્રી ટાઈટ યુનિફોર્મ, પોલિશ કરેલા શૂઝ. અનુશ્રીને જોતાં જ એનામાંથી ચોખ્ખાઈ અને ચોકસાઈ ઝળકવાં લાગતાં.

પરીક્ષામાં નીટ એન્ડ ક્લિન આન્સરશીટ જોઈ અનુશ્રી પર શિક્ષકો વારી ઉઠતાં. ધીરે-ધીરે સ્કૂલમાં એનાં ઉદાહરણ અપાવા લાગ્યાં .

અનુશ્રીના નામે 'પરફેક્ટ ગર્લ' નો સિક્કો લાગી ગયો. એનું એક સ્ટાન્ડર્ડ બંધાય ગયું. આઠમાં ધોરણમાં પહોંચતા સુધીમાં તો અનુશ્રી બધે છવાઈ ગઈ... નોટીસ બોર્ડ પર એના અક્ષરો હોય ને ક્લાસરૂમની બહાર ડ્રોઈંગ્સ. નોટબૂક્સ સ્ટાફરૂમમાં સચવાયેલી હોય અને ઓફિસવર્ક માટે અનુશ્રી ટીચર્સરૂમમાં. ક્લાસ મોનિટર બનાવવાની વાત આવે કે સ્કૂલમાં ડિસિપ્લિન કેપ્ટન. બધાં એનું નામ આગળ ધરી દેતાં. આસપડોશની આન્ટીઓ એમના સંતાનોને કહેતી રહેતી કે, 'તમે લોકો કેમ અનુશ્રી જેવા નથી બની શકતાં?!' મમ્મી-પપ્પા આવું સાંભળી એના પર ઓવારી જતાં. ધીમે ધીમે અનુશ્રીને લાગ્યું કે જો એણે દરેકને ખુશ રાખવા હશે તો પરફેક્ટ બની રહ્યાં વગર નહીં ચાલે.

એક રીતે અનુશ્રી આ બધામાં મોટપ અનુભવતી. નાનપણથી મળતી શાબાશી, પ્રશંસા, અગત્યતા, શિક્ષકોનું એના તરફનું નરમ વલણ, તરફેણ અને ફેવરિટીઝમ અનુશ્રી સતત જાળવી રાખવા માગતી હતી. એટલે હવે ક્યાંયપણ ચૂક રહે એ પોસાય એમ નહોતું.

આ વાતે એ જાતને એક દાયરામાં બાંધવા લાગી. અક્ષરો સારા જ કરવા પડે, ઝડપથી કરીએ તો કામ બગડી જાય, બેગ રાત્રે ગોઠવવી પડે, સ્કૂલ ડ્રેસ રોજ ઈસ્ત્રી કરવો પડે. આવા નાનાં નાનાં અગણિત કામ એ સતત કર્યા જ કરતી. એની પાસે બધું ચોખ્ખું, વ્યવસ્થિત રાખ્યા સિવાય જાણે કોઈ ટાસ્ક નહોતું, કોઈ સ્વપન નહોતું. કોઈ ધ્યેય નહીં, કોઈ ખેવના નહીં. ધીમે-ધીમે આ સતત પરફેક્ટ રહેવાની આદત બોજ બનવા લાગી. દેખીતી રીતે અતિ રૂપકડી લાગતી આ ટેવ અનુશ્રીને એક ખતરનાક લૂપમાં ફસાવી દીધેલી ...

અનુશ્રી માટે હવે આ કોઈ સામાન્ય આદત ના રહેતાં, સર્વાઈવલ મેટર હતી. એની આસપાસના લોકોને લાગતું કે એને ચોક્કસ રહેવું ગમે છે. એની અંદર આવી જન્મજાત સ્કીલ છે. અહોભાવમાં આવી સહુ કોઈ એનાથી અંજાય જતાં, ઓવારણા લેતાં, ઓછાંવાનાં થતાં....પણ કોઈએ સ્વપ્નેય નહોતું વિચાર્યું કે આનો કોઈ બોજ પણ હોઈ શકે. એનો દિવસ સૂરજ ઉગતા પહેલા શરૂ થતો. એકને એક ચેપ્ટર વારંવાર રિવાઇઝ કરવું. નોટબૂકના એકેક પેજ સરખાં લાગે એ રીતે માર્જિન સેટ કરવાં. એક જ પ્રકારની પેન વાપરવી, ઘરથી બહાર નીકળતા પાંચેક વખત બેગમાં આઇડી કાર્ડ, વોટર બોટલ, ટીફીન બોક્સ સરખા મુકેલા છે કે નહીં એ જોતાં રહેવું. સ્કૂલમાં કોઈપણ વસ્તુ એની જગ્યાથી સહેજ આઘી પાછી થાય તો એ અકળાઈ ઉઠતી. સ્માર્ટ બોર્ડ પર લખતી વખતે એક સીધી લાઈન બનાવવા એ પાંચ વાર લખેલું ભૂંસી નાખતી. પ્લાસ્ટિક બેગને ધોઈ તડકે સુકવતી, બોટલના ઢાંકણને દસ વાર સાફ કરતી. આવું બધું એ હદે વધતું ચાલ્યું કે, એક વખતની પરફેક્ટ ગર્લને આજકાલ લોકો 'ઓસીડી ક્વીન' કહી બોલાવવાં લાગ્યાં.

અનુશ્રી ક્યારેય સામે જવાબ ના આપતી. ક્યારેય પોતાની જાતને એક્સપ્લેન ના કરતી. એ વધારે મહેનત કરતી ચોક્કસ રહેવાની.

એના મગજમાં એ માન્યતા દ્રઢ થઈ ચૂકેલી કે જો પોતે પરફેક્ટ રહેશે તો કોઈ નુકસાન નહીં પહોંચાડી શકે....પણ અનુશ્રી ખોટી હતી.

એનું પરફેક્શન સ્પોટ લાઈટ બની ગયેલું. જરા અમસ્તી ગફલત ને લોકોનું ધ્યાન તુરંત એના તરફ ખેંચાતુ.

એક દિવસ કેમેસ્ટ્રીના પ્રેક્ટિકલ દરમિયાન એના રીડિંગ મેચ ના થયાં. ટીચરે માન્યામાં ના આવે એ રીતે એની સામે જોયું. 'અનુશ્રી ફરી ચેક કર જો... '.આ વાક્ય સાંભળી એના ક્લાસમેટ્સને નવાઈ લાગી. અમુક અંદરોઅંદર હસવા લાગ્યા. અનુશ્રીની આંગળીઓ ધ્રુજી ઉઠી. ફરીથી રીડિંગ લેતાં એને પરસેવા વળી ગયો. એવામાં કોઈએ પાછળથી કમેન્ટ મારી :

'અરે રોબોટ્સ પણ ક્યારેક માલફંક્શન કરે. આપણી પરફેક્ટ ગર્લ તો એને પણ આંટી જાય એમ છે...!'

બસ ત્યાં જ કંઈક એવું ખટક્યું કે વર્ષોથી સ્કૂલમાં શિસ્તની દેવી ગણાતી અનુશ્રી અચાનક વિફરી. 'હું ખોટી ના હોઉં... આ એક્સપરિમેન્ટ જ ખોટો છે !' એનો અવાજ પરફેક્ટ રહેવાની તમામ તાકાતને ભેદતો ગાજી ઉઠ્યો.

ટીચરે અવિશ્વાસ સાથે એની સામે જોયું. કંઈ જ વિચાર્યા વગર અનુશ્રી પ્રેક્ટિકલ ફાઇલ બંધ કરી, જોરથી દરવાજો પછાડતી બહાર નીકળી ગઈ. પાછળ લેબમાં માત્ર હેબતાઈ ગયેલો આખો ક્લાસ અને અપમાનની ભાવનાથી સળગી ઉઠેલા કેમેસ્ટ્રીના શિક્ષક જ નહોતા રહી ગયા. સાથોસાથ 'પરફેક્ટ ગર્લ'નું ટેગ ઓસિડીનો હાથ ઝાલી લબડી પડેલું. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

## વાસી ઉતરાણ આવી પણ હોય...



'તમે આમ ઘરમાં શું આંટા મારો છો? ઘડીકમાં ટી.વી. જોવા બેસો છો, ઘડીકમાં મોબાઇલ મચડો છો તો ઘડીકમાં એકનું એક છાપું વારંવાર વાંચો છો. તમને કોઈ બેચેની છે? ઘરનાં બારી બારણાં પણ બંધ કરી દીધાં છે. જાણે કે કોઈ આવીને તમને હેરાન કરવાનું હોય! ક્યાં તો કોઈ લેણદાર કંઈ દેવું વસૂલ કરવા આવવાનો છે?'

દર વર્ષે તમે સહુથી વહેલાં અગાસી ઉપર ચઢીને આખા ગામને ફોન કરી કરીને અગાસી ઉપર બોલાવતા, જમાડતા અને આસપાસની અગાસી ઉપરની ફૂદીઓ સાથે પેચ લગાવતા. તે આ વર્ષે તમે ન તો મકરસંક્રાંતિ મનાવી, ન તો ચીકી કે ઊંધિયું, ઊંબાડિયું કે પોંક બનાવડાવ્યો. નક્કી તમારે કોઈ પડોશી સાથે ઊંચનીચ થઈ લાગે છે.

મકરસંક્રાંતિ પછી વાસી મકરસંક્રાંતિમાં પેલા ઝાડ ઉપર લટકતા લૂલા પતંગોની જેમ મ્હોં લટકાવીને છેલ્લા ચાર દિવસથી ઘરમાં આંટા મારો છો. નક્કી, કંઈક તો એવી ઘટના બની હશે કે, જે તમને ભર દોરીએ કાપી ગઈ અને તમે ભર પવનમાં કપાઈને ઉપરથી નીચે પડ્યા.'

'મમ્મી, બારણું ખોલ.' એવી બૂમ સંભળાઈ એટલે રમાબહેને દોડીને બારણું ખોલ્યું અને વાવાઝોડાની જેમ પૌત્ર મોન્ટુ અને ફળિયાનાં અન્ય ટાબરિયાંની ટોળી ઘરમાં દોડતી આવી. એ સાથે જ રમેશભાઈ એમના બેડરૂમમાં ભરાઈ ગયા અને બેડરૂમ બંધ.

સી.આઇ.ડી. ઑફિસર જેવી બાજ નજરવાળાં રમાબહેનને હવે કોકડું ગૂંચવાયેલું લાગ્યું. એક પછી એક કડી પરોવવાની રમાબહેને શરૂ કરી દીધી. મોન્ટુને જોઈને હરખઘેલા રમેશભાઈ બેડરૂમમાં કેમ ભરાઈ ગયા? આ વર્ષે કોઈ છોકરા કે અડોશ પડોશની બહેનોને પતંગની કન્ના સુધ્ધાં કેમ ના બાંધી આપી? અઠવાડિયા પહેલાં પતંગ ચગાવવાનું પ્લાનિંગ, જમણવારનું પ્લાનિંગ અને કોને કોને ભેગા કરવાનું પ્લાનિંગ કરનાર બાહોશ આયોજક રમેશ કેમ રણમેદાન છોડીને ખૂણો પાળવા લાગ્યા છે, એ ગડ તો ઉકેલવી જ રહી.

રમાએ બાળકો પાસે જઈને થોડી કડી મેળવવાની શરૂ કરી.

'મોન્ટુ, આ વર્ષે બહુ મજા નહીં આવી. ખરું ને?'

'હા દાદી, દાદા વગર પતંગની કન્ના પણ બરાબર બંધાઈ નહીં અને દોરી પણ સારી નહીં આવી. મારી તો સારામાં સારી પતંગો કપાઈ ગઈ. પપ્પાને દાદા જેવી કન્ના બાંધતાં કે પૂંછડી લગાવતાં નથી આવડતી.'

તરત પડોશમાં રહેતો મુન્નો બોલ્યો, 'રમેશદાદા આવ્યા હોત તો સાંજે કેવું સરસ મ્યુઝિક મૂકીને ડાન્સ કરતે અને અમને પણ ડાન્સ કરાવતે.'

'તે તમારે આવીને દાદાને લઈ જવા હતા ને?'

'દાદી, અમે તો બે વાર બોલાવવા આવ્યા હતા. પણ દાદા આવે તો ને?'

તોફાની સમીર બોલ્યો, 'દાદાને હું પણ બોલાવવા આવેલો. પણ રમેશદાદા તો કહે તારી દાદીને પહેલાં અગાસી ઉપર લઈ આવ, પછી હું આવું.'

'એમ કહ્યું હતું રમેશદાદાએ? પછી તું તારી દાદીને લઈને આવ્યો હતો કે નહીં?'

'ના, મારી દાદીએ કહ્યું કે મારે બહુ કામ છે. હું કંઈ નવરી નથી.'

'ઓહ! સો સેડ... પછી સમીર...?'

'પછી શું? મેં રમેશદાદાને આવીને પાછલી બારીમાંથી મેસેજ આપ્યો. પછી...'

'પછી શું સમીર?'

'દાદાએ એક ચિઠ્ઠી લખીને મને આપી અને કહ્યું, 'આ તારી દાદીને જ આપજે.' મેં દાદીને દોડતાં જઈને આપી.'

'પછી.... પછી શું?'

'પછી દાદીએ ચિઠ્ઠી ફાડીને બારીની બહાર ફેંકી દીધી. પછી દાદી બોલી, 'અક્કલ વગરનો છે... કોઈ વખત મારી નાખશે.' આ પછી હું તો અગાસી ઉપર જઈને પતંગ ચગાવવા લાગ્યો.'

રમાબહેનને હવે આખી વાર્તા સમજમાં આવી ગઈ. અઠવાડિયા પહેલાં ઍપાર્ટમેન્ટવાળાના પતંગની કન્ના બાંધવા ગયેલ રમેશભાઈએ ક્યાં ક્યાં કન્ના બાંધી અને કોની કોની કન્ના છૂટી ગઈ એ વાત સમજમાં આવી ગઈ. એટલામાં મોટો પૌત્ર જમવા આવ્યો અને સીધો 'દાદી, ભૂખ લાગી છે.' કહેતો વળગી પડ્યો.

'મયંક બેટા, અઠવાડિયા પહેલાં કન્ના બાંધવા ભેગા થયેલા ત્યારે મજા આવેલી કે?'

'દાદી, બહુ મજા આવેલી. દાદાએ તો સમીરની દાદી છે ને એ મોનિકા દાદીને પતંગ કેમ ચગાવવા તે શીખવેલું અને એમનાં ઘરના બધા પતંગની કન્ના દાદાએ એકલાએ બાંધી આપેલી. પછી એમ પણ કીધેલું દાદાએ કે તમે પતંગ ચગાવજો, ને ફીરકી હું પકડીશ. પછી તમે જોજો, તમારો એક પણ પતંગ નહીં કપાય. ને જો કપાય તો મારે પતંગ નહીં ચગાવવો, બસ?'

'પછી બેટા શું થયું?'

'દાદી, પછી મોહનદાદાએ કહ્યું, 'આજે જ મોનિકાબહેન પતંગ ચગાવો. ફીરકી રમેશભાઈ પકડે અને હું મોનિકાબહેન સાથે પેચ લગાવું. પછી જોઈએ મોનિકાબહેન, રમેશ જીતે કે પછી હું...'

'પછી... પછી બેટા, શું થયું?'

'દાદી, પછી શું થાય... મોનિકાદાદીની ફીરકી આપણા દાદાએ પકડી ને ગાઇડ પણ કર્યાં. પણ મોનિકા દાદીની પતંગ એક જ ઝાટકે કપાઈ ગઈ! એટલે મોનિકા દાદી તરત ત્યાંથી પોતાની પતંગ ને ફીરકી અગાસીમાં જ છોડીને જતાં રહ્યાં. આપણા દાદા પણ પાછળ દોડેલા, પણ એ દાદી તો ચીડાઈને જતાં જ રહ્યાં. બોલ...'

ઓહ! તો પતંગ ચગાવે કોણ... ફીરકી પકડે કોણ... પછી રિસામણાં... મનામણાં... એકનું પત્તુ કપાયું અને એની ઇફેક્ટ ચારેકોર પ્રસરી ગઈ.

'ચાલ બેટા, તને ભૂખ લાગી છે ને? તું પહેલાં પેટપૂજા કરી લે. હું જરા તને પીરસીને તારા દાદાને પણ થોડો પ્રસાદ આપીને આવું.'

'દાદી, શેનો પ્રસાદ બનાવ્યો? મને પણ આપ ને.'

'બેટા, એ પ્રસાદ માત્ર દાદાથી જ ખવાય એવો છે. બેટા, એમાં હજી તમારે વાર છે.

'એમાં પહેલાં જરા દાદાને જ...'

- અને રમાબહેને એની દોરીને ટાઇટ કરીને પેચ કેમ લગાવવી એ વિચારીને રમેશભાઈના રૂમમાં પ્રવેશી દ્વાર બંધ કરી દીધું. તરત જ રમેશભાઈએ ક્રોધમાં પૂછ્યું,

'મારા રૂમમાં શા માટે આવી?'

રમાબહેને કહ્યું, 'મને જરા વાસી ઉતરાણ કરવાનું મન થયું, કારણ કે તમે તો ઉતરાણ દસ દિવસ પહેલાં જ મનાવી લીધેલી, નહીં? મને ઘરકામમાં પરોવી તમે તો કેવી સરસ મોનિકાબહેનની ફીરકી પકડેલી અને કેવી સરસ રીતે મોનિકાબહેનને પતંગ ચગાવતાં શીખવેલું. ખરું ને? અને છતાંય પહેલી જ પાંચ મિનિટમાં મોનિકાબહેનનો પતંગ કપાઈ ગયો હતો એવા લેટેસ્ટ ન્યૂઝ મળ્યા છે. તે હું તમને એ પૂછું કે તમારા જેવા સારથિ મોનિકાબહેનને મળ્યા છતાં પણ પતંગ કેવી રીતના કપાઈ ગઈ? આ તો બહુ ખરાબ થયું, નહીં? અને હા, પતંગ કપાય ત્યાં સુધી તો ઠીક છે, પણ આ તો તમારું મોનિકા સાથેનું પત્તું પણ કપાઈ ગયું કે શું? ના, ના, આ તો હું નથી કહેતી. આ આપણા ઍપાર્ટમેન્ટના લોકો જ કહે છે. બાકી મને તો ગમ્યું. હવે આવતા વર્ષે કોને કોને પતંગ ચગાવતાં શીખવશો અને કોને કોને કન્ના બાંધી આપશો? પણ હા, આવતા વર્ષે ધ્યાન રાખજો કે પત્તુ પાછું ન કપાઈ જાય અને જેની જેની કન્ના બાંધી આપો એમને ત્યાં જ ઊંધિયું, ઊંબાડિયું, મઠો, જલેબી, રબડી... જે કંઈ ખાવું હોય તે બધું ત્યાં જ ખાઈ લેજો હોં. અને હા, મને પણ આવતા વર્ષે ફીરકી પકડનાર બે - ચાર મિત્રો મળી ગયા છે અને આઈ એમ ઓલ્સો ઍન્જોય વિથ માય ફ્રેન્ડ. હવે કેટલા દિવસ આમ કોપભવનમાં ભરાઈ રહેવાના છો એ પણ કહી દો. એટલે હું મારી રીતે મારા કન્ના જ્યાં બાંધવા હોય ત્યાં બાંધવા લાગું. તો બાય બાય ડાર્લિંગ. હું મોહનભાઈના ઘરે એમનું બાંસુરીવાદન સાંભળવા જાઉં છું. સવારથી એમના ત્રણ ફોન આવી ગયા છે. મને અને એમને - બંનેને કલામાં રસ છે, એટલે જરા જીવન જીવવા જેવું લાગે અને મારો પતંગ પણ ચગતો રહે. ખરું ને?'

એ પછી તો આ સાંભળીને બેઉ વચ્ચે કેવી પેચ લાગી હશે, એ તમે જ વિચારી જોજો... ■

સ્પોર્ટ્સવુમન
સાશા
feedback.ladki@bombaysamachar.com

# વાહ વૈષ્ણવી વાહ!

## કારકિર્દીની પહેલી જ સિરીઝમાં પોતાના આદર્શ સમાન હરમનપ્રીત અને સ્મૃતિને પોતાની પ્રશંસક બનાવી દીધી

માત્ર એક પખવાડિયામાં જિંદગી કેવી બદલાઈ જતી હોય છે. વૈષ્ણવી શર્મા સાથે આવું જ બન્યું. તાજેતરમાં ભારતની મહિલા ક્રિકેટ ટીમ શ્રીલંકા સામે પાંચ ટી-૨૦ની જે સિરીઝ રમી હતી એમાં વિશાખાપટનમમાં શ્રેણીના આરંભ પહેલાં કૅપ્ટન હરમનપ્રીત કૌરે ૨૦ વર્ષીય વૈષ્ણવીને ઇન્ડિયા કૅપ ભેટ આપી તો દરેકના મનમાં એક જ સવાલ હતો કે કોણ છે આ વૈષ્ણવી? તે શેમાં નિપુણ છે? ત્યાર બાદ પંદર જ દિવસમાં બધાને જવાબ મળી ગયો. શ્રીલંકાનો ૫-૦થી વાઇટવૉશ કરવામાં લેફ્ટ-આર્મ સ્પિનર વૈષ્ણવીની અતિ મહત્ત્વપૂર્ણ ભૂમિકા હતી અને તેણે પોતાની કલા તથા પ્રતિભાથી સૌને પ્રભાવિત અને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

વૈષ્ણવીને જ્યારે ઇન્ડિયા કૅપ મળી ત્યારે તે ખૂબ જ ઉત્સાહિત હતી. તેને પોતાની આદર્શ ખેલાડીઓ હરમનપ્રીત કૌર તથા સ્મૃતિ મંધાનાને નજીકથી જોવાનો અને તેમની સાથે વાતચીત કરવાનો અવસર મળી રહ્યો હતો. જોકે તેને એ ખબર નહીં હોય કે તે પોતાના પર્ફોર્મન્સથી પોતાના જ આઇડલ્સને પોતાની પ્રશંસક બનાવી લેશે. ખુદ વૈષ્ણવીને જાણ નહોતી કે તેણે જે સપનાં જોયા હતા એ આટલા જલદી સાકાર થશે. વૈષ્ણવીએ સ્પૉટલાઇટમાં આવતાં જ સૌને પ્રભાવિત કરી દીધા હતા. કરીઅરની પ્રથમ આંતરરાષ્ટ્રીય મૅચમાં તો તેને ૧૬ રનમાં વિકેટ નહોતી મળી, પણ બે જ દિવસ બાદ બીજી મૅચમાં તેણે ૩૨ રનમાં બે વિકેટ લીધી હતી. ફરી ત્રીજી મૅચમાં તે વિકેટ વિનાની રહી હતી, પણ ચોથી મૅચમાં ફરી તેણે બે વિકેટ મેળવી હતી. સિરીઝમાં તેણે કુલ પાંચ વિકેટ લઈને પોતાના માટે અને ટીમ માટે સિરીઝને યાદગાર બનાવી દીધી હતી. તેણે શ્રીલંકાની બૅટર્સને ભ્રમમાં મૂકી દેતી ગતિથી બૉલ ફેંક્યા હતા, તેણે બૉલ સરેરાશ કલાકે ૮૦ કિલોમીટરની ઝડપે ફેંક્યા હતા. તે મોટા ભાગના બૉલમાં શાર્પ ટર્ન મેળવી શકી હતી અને તેની લાઇન ઍન્ડ લેન્ગ્થ પણ સચોટ હતી. તેણે લગભગ બધી મૅચોમાં શ્રીલંકન બૅટર્સને ક્રીઝમાં જમાવટ નહોતી કરવા દીધી. તેને ભલે કરીઅરની પ્રથમ મૅચમાં વિકેટ નહોતી મળી, પણ તેની ક્ષમતાથી સૌ કોઈ પરિચિત થઈ ગયું હતું.

વૈષ્ણવીનો જન્મ ૨૦૦૫માં મધ્ય પ્રદેશના ગ્વાલિયરમાં થયો હતો. તેના પિતા નરેન્દ્ર શર્મા સરકારી કર્મચારી છે. વૈષ્ણવીનો મોટો ભાઈ એન્જિનિયર છે. વૈષ્ણવી પાંચ વર્ષની હતી ત્યારથી જ તેણે ક્રિકેટની તાલીમ લેતી હતી.


હરમનપ્રીત - વૈષ્ણવી


વૈષ્ણવીએ તાજેતરમાં શ્રીલંકા સામે પાંચ મૅચમાં પાંચ વિકેટ ૬.૨૬ના ઇકોનોમી રેટ સાથે લીધી અને મહિલાઓની ટી-૨૦ જેવા બૅટર્સ ફૉર્મેટમાં આ રેટ બહુ સારો ગણાય છે. ભારતના ભૂતપૂર્વ સ્પિનર નૌશીન અલ ખદીર, જેમણે વૈષ્ણવીની કરીઅરને ખૂબ નજીકથી ફૉલો કરી છે, તેમણે તેની પ્રતિભાની પ્રશંસા કરતા કહ્યું છે, 'મેં વૈષ્ણવીની પ્રગતિ ખૂબ નજીકથી ફૉલો કરી છે. તેણે ડોમેસ્ટિક ક્રિકેટમાં તો સારું પર્ફોર્મ કર્યું જ હતું, અન્ડર-૧૯ વિશ્વ કપમાં તેણે હૅટ-ટ્રિક લેવા સહિત સૌથી વધુ વિકેટો પણ લીધી હતી. તે ભારત વતી હૅટ-ટ્રિક લેનાર પ્રથમ બોલર બની હતી. ત્યાર બાદ તે ચૅલેન્જર ટૂર્નામેન્ટમાં તેમ જ ડોમેસ્ટિક ટી-૨૦માં પણ સારું રમી હતી. આ જ કારણોસર મને તેના શ્રીલંકા સામેના આ મહિનાના પર્ફોર્મન્સથી કોઈ આશ્ચર્ય નથી થયું.'

ભારતને કોચ તરીકે બે અન્ડર-૧૯ વર્લ્ડ કપ ટ્રોફી અપાવનાર નૌશીને ઇન્ટરવ્યૂમાં એવું પણ કહ્યું છે કે 'વૈષ્ણવી સાવ અલગ પ્રકારની લેફ્ટ-આર્મ સ્પિનર છે. તે મૅચના પ્રવાહને બહુ સારી રીતે સમજી લે છે. પાવરપ્લેમાં, મિડલ ઓવર્સમાં તેમ જ ડેથ ઓવર્સમાં કેવી બોલિંગ કરવી જોઈએ એની તેનામાં બહુ સારી સમજ છે. તે ગેમના તબક્કા મુજબ લેન્ગ્થ બદલતી રહે છે. તેની જેમ ભારતની બીજી ઊભરતી લેફ્ટ-આર્મ સ્પિનર્સ પ્રુણિકા સિસોદિયા, સોનમ યાદવ, સુચી ઉપાધ્યાય અને મન્નત કશ્યપની બોલિંગ એકબીજાંથી ભિન્ન છે.'

શ્રીલંકા સામેની સિરીઝમાં વૈષ્ણવીએ ટીમની મુખ્ય સ્પિનર દીપ્તિ શર્મા જેટલી જ વિકેટો લીધી હતી. નવાઈ એ વાતની છે કે ડબ્લ્યૂપીએલની લિલામીમાં ૧૦ લાખ રૂપિયાની મામૂલી મૂળ કિંમત છતાં વૈષ્ણવીને કોઈ ટીમને નહોતી મેળવી. જોકે નૌશીન કહે છે, 'ઑક્શનમાં વૈષ્ણવીને એક પણ ટીમને નહોતી મેળવી એ મારા માટે શૉકિંગ જાણકારી હતી. એમ છતાં તેની અથાક મહેનત રંગ લાવી હતી અને તેને ઇન્ડિયા કૅપ મળી હતી.'

ભારતની મહિલા ટીમને તાજેતરમાં વર્લ્ડ કપ ટ્રોફી અપાવનાર હેડ-કોચ અમોલ મુઝુમદારે પણ વૈષ્ણવી શર્માની ભરપૂર પ્રશંસા કરી છે. અમોલે કહ્યું, 'અમે વૈષ્ણવીને જે કરવા કહ્યું એ તેણે બહુ સારી રીતે પાર પાડ્યું. તેણે અન્ડર-૧૯ અને ડોમેસ્ટિક ક્રિકેટમાં જે પર્ફોર્મ કર્યું એનું તેને ઇન્ડિયા કૅપના રૂપમાં ઇનામ મળ્યું છે. સિલેક્ટર્સની પણ પ્રશંસા થવી જોઈએ કે તેઓ ડોમેસ્ટિક ક્રિકેટને સમર્થન આપી રહ્યા છે.'

ભારતની હવે પછીની મહિલા સિરીઝ ઑસ્ટ્રેલિયા સામે રમાશે જે માટેની ટીમમાં પોતાની જગ્યા પાક્કી કરવાનો વૈષ્ણવીને સારો મોકો મળશે.



વૈષ્ણવી

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# ફોરએવર મીડી ડ્રેસ

મીડી ડ્રેસ એ એક વર્સેટાઇલ ડ્રેસ છે જે ક્યારેય પણ આઉટ ઓફ ફેશન થતો નથી. મીડી ડ્રેસની લેન્થ પગના ઘૂંટણથી લઈને એન્કલની વચ્ચે સુધી હોય છે. મોટેભાગે મીડીની લેન્થ કાફ સુધી હોય છે. મિડી ડ્રેસ નાના મિની ડ્રેસ અને લાંબા મેક્સી ગાઉન વચ્ચેનું સુંદર સંતુલન આપે છે, એટલે કે તે કેઝ્યુઅલથી લઈને ફોર્મલ પ્રસંગો સુધી માટે યોગ્ય હોય છે. મીડી ડ્રેસ અ-લાઇન, બોડીહગિંગ અથવા રેપ જેવા વિવિધ કટ્સમાં મળે છે અને અલગ- અલગ ફેબ્રિકમાં તૈયાર કરવામાં આવે છે જેમકે, કોટન પ્રિન્ટેડ ફેબ્રિકમાં, રેયોન, સ્પન સિલ્ક, હોઝિયરી વગેરે વગેરે. જે વિવિધ સ્ટાઇલ અને ઇવેન્ટ્સને અનુરૂપ હોય છે. મીડી સરેશનો એક મોટો પ્લસ પોઇન્ટ એ છે કે, તમે તમારી ઇવેન્ટ મુજબ મીડીની પસંદગી કરી શકો છો. આ કારણે મીડી ડ્રેસ દરેક વોર્ડરોબમાં હોવા જ જોઈએ.

રેયોન - રેયોન ફેબ્રિકના મીડી ડ્રેસ ખૂબ જ કોમન છે કોટન ફેબ્રિક હોવાને કારણે સુંવાળું હોય છે અને પહેરવામાં પણ આરામદાયક હોય છે. આમાં પ્રિન્ટને હિસાબે ઘણી પેટર્ન વેરિએશન આવે છે. જેમકે, યોક વાળા, ફ્રિલ વાળા,એ - લાઈન કે પછી થોડા ફલેરી. રેયોઉં ફેબ્રિક કોટન ફેબ્રિક છે અને ખૂબજ સોફ્ટ હોવાંને કારણે પહેર્યા પછી શરીરનો શેપ લઇ લે છે. તેથી કરી રેયોનના મીડી ડ્રેસ ઘરમાં પહેરવા માટે ખૂબ જ આરામદાયક લાગે છે. તમે તમારા બોડી ટાઇપને આધારે મીડીના પેટર્નની પસંદગી કરી શકો. જેમકે, જો તમારી કમર અને પેટનો ભાગ વધારે હોય તો તમારાએ યોક વાળા મીડી ડ્રેસ ના પહેરવા , આ પેટર્નથી તમારા પેટનો ભાગ વધારે હાઇલાઈટ થશે અને ખરાબ લાગશે.



કોટન પ્રિન્ટેડ - કોટન પ્રિન્ટેડ મીડી ડ્રેસ કીટી પાર્ટી ,કોફી ડેટ ,મુવી ડેટ કે હોલીડેસ પર પહેરી શકાય. કોટન પ્રિન્ટેડ મીડી ડ્રેસમાં પ્રિન્ટનું ઘણું ઓપશન અને વેરીશન આવે છે. પ્રિન્ટના વેરિએશન સાથે પેટર્નનું પણ વેરિએશન આવે છે. યન્ગ યુવતીથી લઈને પ્રૌઢ મહિલાઓ પહેરી શકે. તેટલી પેટર્ન અવેલેબલ હોય છે. જેમકે, સ્લીવલેસમાં પહોળી અને થીન સ્ટ્રાઈપ, હોલ્ટર, ઓફ શોલ્ડર, બટન અપ, એ- લાઈન, મેગીયા સ્લીવ્સ, બલૂન સ્લીવ્સ વગેરે વગેરે. તમને મન ગમતી પેટર્ન કોટન પ્રિન્ટેડ મીડી ડ્રેસમાં તમને મળી જ રહેશે. કોટન પ્રિન્ટેડ મીડી ડ્રેસ પહેરવામાં ખૂબ આરામદાયક લાગે છે અને દેખાવમાં પણ સુંદર લાગે છે. કોટન પ્રિન્ટેડ મીડી ડ્રેસ ક્યારેય પણ આઉટ ઓફ ફેશન થતા નથી. જેઓની હાઈટ ઓછી છે તેઓ ખાસ કરીને ઊભી સ્ટ્રાઈપ વાળા ડ્રેસ પહેરી શકો. અથવા તો રનિંગ પ્રિન્ટ વાળા ડ્રેસ પહેરી શકાય. જેઓનું શરીર ભરેલું છે તેઓએ ખાસ કરીને ઝીણી પ્રિન્ટ પસંદ કરવી અને ડાર્ક કલર પસંદ કરવા. જો તમારે ઓફિસ માટે મીડી ડ્રેસ પહેરવો હોય તો, બટન અપ ડ્રેસ પહેરી શકો. બટન અપ ડ્રેસ એટલે, કે જે ડ્રેસમાં ફ્રન્ટમાં બટન હોય અને કોલર હોય. આ પેટર્નમાં સ્લીવલેસ અને સ્લીવ્સ એમ બન્નેના ઓપશન હોય છે. તમે તમારી પસંદગી મુજબ બટન અપ ડ્રેસ વસાવી શકો. હોલીડે માટે તમે બ્રાઇટ કલરવાળા ફલેરી ડ્રેસ પહેરી શકો. હોલ્ટર ડ્રેસ પણ સારા લાગી શકે. તમારા સ્કિન ટોન અને બોડી ટાઈપ પ્રમાણે તમે કોટન પ્રિન્ટેડ ડ્રેસની પસંદગી કરી શકો.

ફોર્મલ મીડી ડ્રેસ - ફોર્મલ મીડી ડ્રેસ મોટે ભાગે લિનન કે સિલ્કમાં હોય છે. ફોર્મલ મીડી ડ્રેસની પેટર્ન એક સ્ટાઈલમાં હોય છે જેમકે, મીડી ડ્રેસ એ લાઈનમાં હોય છે અને કમર પર બેલ્ટ હોય છે. આ બેલ્ટ હાઈ વેસ્ટ પહેરવાનો હોય છે અથવા કમર પર જ પહેરવાનો હોય છે. આ બેલ્ટથી જ ઓવર ઓલ લુક આવે છે. ક્યારેક આ બેલ્ટ ફેબ્રિકનો હોય છે એટલે કે, જે ફેબ્રિકમાંથી મીડી બનેલું હોય તે ફેબ્રિકમાંથી જ બેલ્ટ બનેલો હોય છે. આ મીડી ડ્રેસમાં ખાસ કરીને કોઈ પેટર્ન નથી હોતી, પરંતુ સિમ્પલ હોવા છતાં ખૂબ જ એલિગન્ટ લુક આપે છે. જો તમને બેલ્ટવાળું મીડી ન પહેરવું હોય તો તમે યોકવાળું મીડી પણ પહેરી શકો. વધારે ફોર્મલ લુક માટે તમે રો સિલ્ક કે પછી લિનનનું મીડી પહેરી શકો. જો તમારે ફોર્મલ મીટિંગ હોય તો તમે સિલ્ક કે લિનનના ફેબ્રિકમાંથી બનેલા મીડી પહેરી શકો અને સેમી ફોર્મલ લૂક માટે ડેનિમ કે કોર્ડ્રોયનું મીડી પહેરી શકો. ઘણા મીડિમાં પ્લીટ્સ પણ આવે છે. આ પ્લીટ્સ વન સાઇડેડ હોય છે અથવા બોક્સ પ્લીટ હોય છે. બોક્સ પ્લીટ વાળા મીડી ડ્રેસ લાંબી પાતળી યુવતીઓને ખૂબ જ સુંદર લાગે છે. શર્ત માત્ર એટલી કે, આ ડ્રેસ કેરી કરતા આવડવા જોઈએ. અને તેને અનુરૂપ ઓવર ઓલ તૈયાર પણ થવું પડે. જેમકે, ફોર્મલ મીડી સાથે ઓપન હેર, હાઈ પોની કે લો બન વાળી શકાય. પગમાં હાઈ હિલ્સ કે ફ્લેટ્સ પહેરી શકાય અને ટોટ બેગ એક પરફેક્ટ ફોર્મલ લુક આપી શકે. ફોર્મલ મીડીમાં ઓપન અને કલોઝ એમ બન્ને નેકલાઇન આવે છે. તમારા બાંધાને અનુરૂપ તમે નેક્લાઈનની પસંદગી કરી શકો. જો કલોઝ નેક હશે તો તમે કાનમાં ટોપ્સ પહેરશો તો સારા લાગશે અને ઓપન નેકલાઇન હશે તો કાનમાં રિંગ અને ગાળામાં પાતળું નેક પીસ પણ સારું લાગશે.




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| चाचणी | ચતુર |
| चांच्या | ધનુષ્ય |
| चाणाक्ष | કસોટી |
| चालना | ચાંચિયો |
| चाप | ગતિ |

## જાણવા જેવું

ટેસ્ટ ક્રિકેટના બંને દાવમાં સેન્ચુરી ફટકારનારા ઘણા ખેલાડીઓ છે. જોકે, એ બધામાં વેસ્ટ ઇન્ડીઝનો લોરેન્સ રો અનોખી સિદ્ધિ ધરાવે છે. કારકિર્દીની પહેલી જ ટેસ્ટની બંને ઈનિંગ્સમાં તેણે ૨૧૪ અને ૧૦૦ (નોટ આઉટ) રન કર્યા હતા. પ્રથમ જ ટેસ્ટમાં બે સેન્ચુરી કરનારો એ વિશ્વનો પ્રથમ ખેલાડી છે.

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના સસરાના એકમાત્ર જમાઈના દાદાની એકમાત્ર પૌત્રવધૂ પુરુષને સગપણમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકી બ) ફોઈ
ક) મમ્મી ડ) દાદી

## નોંધી રાખો

દુર્જનોની દુર્જનતા કરતા સજ્જનોની નિષ્ક્રિયતા સમાજ અને એકંદરે દુનિયા માટે વધુ પીડાકારક સાબિત થતી હોય છે.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ |
| | | | ૭ | | | | | ૮ | |
| | ૯ | ૧૦ | | | | ૧૧ | | | |
| ૧૨ | | | | | ૧૩ | | | | ૧૪ |
| ૧૫ | ૧૬ | | | | | | ૧૭ | ૧૮ | |
| ૧૯ | | | | ૨૦ | | ૨૧ | | | |
| | | | ૨૨ | | | | | | |
| | ૨૩ | | | | ૨૪ | ૨૫ | | | |
| ૨૬ | | | ૨૭ | | | | | | ૨૮ |
| ૨૯ | | | | | ૩૦ | | | | |

## આડી ચાવી

૧. અદાલત, કચેરી (૫)
૪. શિક્ષણ (૪)
૭. નિરુપાય, લાચાર (૪)
૮. ઝીણી રેતી (૨)
૯. પસ્તાવો, દિલગીરી (૪)
૧૧. મુસલમાન વિધિથી લગ્ન (૩)
૧૩. ખેદ, દિલગીરી (૨)
૧૫. અતિશય, ખૂબ હોવું તે (૪)
૧૭. પુષ્કળ, ઘણું (૩)
૧૯. રાજા (૩)
૨૧. મુદત, સમય (૪)
૨૨. હથિયાર (૨)
૨૩. શાંત (૩)
૨૪. આમળું (૪)
૨૬. મોટું (૨)
૨૭. ધામધૂમવાળો ઉત્સવ (૪)
૨૯. સમશેર, ખડગ (૪)
૩૦. ભમતો ફરનાર (૫)

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | શ્વે | ૨ શ્વ | ૩ ર | | | ૪ શ્વે | તાં | ૫ બ | ૬ ર |
| ર | | ૭ શુ | મા | ૮ ર | | ત | | ૯ રો | જ |
| ૧૦ પ | ૧૧ ગા | ર | | ૧૨ મૂ | ૧૩ ક | | ૧૪ ધ | | ક |
| | ડ | | ૧૫ ઊ | જ | ડ | | ૧૬ ન | વા | ણ |
| ૧૭ પ | ર | ૧૮ ખ | | | ૧૯ પ | ર | વા | | |
| | | ૨૦ ડ | ચૂ | ૨૧ રો | | | ૨૨ ન | ૨૩ ક | લી |
| ૨૪ ક | મ | ત | | ૨૫ શ | ૨૬ શ | ક | | રે | |
| ર | | લ | | ૨૭ ની | ર | | ૨૮ જ | ણ | ૨૯ સ |
| ૩૦ ત | ૩૧ વ | | ૩૨ ચં | | ૩૩ દી | ૩૪ વા | ન | | હ |
| ૩૫ બ | હુ | રૂ | પી | | | ૩૬ રો | મ | હ | ર્ષ |

## ઊભી ચાવી

૧. નિરાળું, જુદું (૨)
૨. આશ્વાસન (૩)
૩. અમીર, જમીનદાર (૩)
૪. ભજન કરનાર (૪)
૫. રીત, પ્રકાર (૩)
૬. આસક્ત, લીન (૨)
૧૦. હુકમ (૪)
૧૨. મૂંઝવણ, ભય (૪)
૧૩. કોલાહલ, ઘોંઘાટ (૨)
૧૪. ઉપરચોટિયું, વધારાનું (૪)
૧૬. ઝીણી ધૂળ (૨)
૧૭. વૃત્તાંત, હેવાલ (૪)
૧૮. માતા (૨)
૨૦. કપડું (૨)
૨૨. પ્રસંગ, ટાણું (૪)
૨૩. ઝાકળ (૩)
૨૪. શરૂઆત (૩)
૨૫. અસ્પષ્ટ, મોઘમ (૩)
૨૬. અભિપ્રાય (૨)
૨૮. નવમી તિથિ (૨)

## ઓળખાણ પડી?



અનેક મહિલા એથ્લિટોએ સિદ્ધિ મેળવી છે. એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ મેળવનારી પ્રથમ ભારતીય ખેલાડીની ઓળખાણ પડી?

અ) આરતી સહા
બ) કંવલજીત સંધુ
ક) પાર્વતી બરુઆ
ડ) એસ. ભાસ્કરન

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

આપેલા વાક્યમાં ધૂળનો પર્યાય છુપાયો છે એ શોધી કાઢો
માણસે પોતાની ફરજ ન ભૂલવી જોઈએ.

## માઈન્ડ ગેમ

યુએસએના જાહેરનામા પર હસ્તાક્ષર કરનારા તેમજ અમેરિકાના પ્રથમ પોસ્ટમાસ્ટર જનરલ અને વૈજ્ઞાનિક તરીકે ખ્યાતિ કોણે મેળવી હતી?

અ) થોમસ જેફરસન બ) કાર્લ સેગન
ક) ફ્રેન્કલિન રૂઝવેલ્ટ ડ) બેન્જામિન ફ્રેન્કલિન

## સુડોકુ-૯૧૯૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | | ૭ | | | | | |
| | | ૨ | ૮ | ૫ | | | | ૧ |
| ૬ | ૮ | | | | | | | |
| ૫ | | ૮ | | | ૯ | | ૬ | |
| ૪ | | | | | | | | ૩ |
| | ૭ | | ૩ | | | ૨ | | ૮ |
| | | | | | | | ૯ | ૨ |
| ૭ | | | | ૯ | ૮ | ૧ | | |
| | | | | | ૬ | | ૮ | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૯૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૮ | ૩ | ૯ | ૭ | ૫ | ૪ | ૧ |
| ૩ | ૧ | ૯ | ૫ | ૮ | ૪ | ૭ | ૨ | ૬ |
| ૪ | ૭ | ૫ | ૧ | ૨ | ૬ | ૩ | ૮ | ૯ |
| ૯ | ૪ | ૭ | ૨ | ૬ | ૧ | ૮ | ૩ | ૫ |
| ૧ | ૮ | ૬ | ૭ | ૫ | ૩ | ૨ | ૯ | ૪ |
| ૫ | ૩ | ૨ | ૯ | ૪ | ૮ | ૧ | ૬ | ૭ |
| ૭ | ૨ | ૪ | ૮ | ૧ | ૯ | ૬ | ૫ | ૩ |
| ૮ | ૯ | ૧ | ૬ | ૩ | ૫ | ૪ | ૭ | ૨ |
| ૬ | ૫ | ૩ | ૪ | ૭ | ૨ | ૯ | ૧ | ૮ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| मावशी | માસી |
| आत्या | ફોઈ |
| आजोबा | દાદા |
| वहिनी | ભાભી |
| मेव्हणा | સાળો |

ગુજ્જરાત મોરી મોરી રે: મામાજી

ઓળખાણ પડી? ઝરખ

માઈન્ડ ગેમ : સતીશ ધવન

ચતુર આપો જવાબ માથું ખંજવાળો : વટાણા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) ભારતી બુચ (૬) શ્રદ્ધા આશર (૭) હર્ષા મહેતા (૮) વિપીન શાહ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) પુષ્પા પટેલ (૧૨) કિરીટ છેડા (૧૩) મીનળ કાપડિયા (૧૪) ચેતના છેડા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) ભાવના કર્વે (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) ભરત કજરિયા (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) અલકા વાણી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) અંજુ ટોલિયા (૨૭) વિણા સંપટ (૨૮) ડાયના સંતોકે (૨૯) કમલ માતલિયા (૩૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૧) પુષ્પા ખોના (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) નયના ગિરીશ મિસ્ત્રી (૩૪) દિપીકા દોશી (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) હિનાબેન દલાલ (૩૭) ઈનાક્ષીબેન દલાલ (૩૮) રમેશભાઈ દલાલ (૩૯) નિતીન જયંતિલાલ બજરિયા (૪૦) ડો. પ્રકાશ કટકિયા (૪૧) ધીરેન્દ્ર મુલરાજ (૪૨) મહેશ દોશી (૪૩) જયવંત પદમશી ચિખલ (૪૪) તાહેર ઔરંગાબાદવાલા (૪૫) શીરીન ઔરંગાબાદવાલા (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમે મતદાન કરીશું તો તમે કેમ નહીં?

*મુંબઈ મહાનગર પાલિકાની ચૂંટણી વર્ષો પછી આજે યોજવામાં આવી રહી છે, ત્યારે મુંબઈ સહિત થાણે નવી મુંબઈ મહાનગર પાલિકાની હદના મતદારોએ કહ્યું હતું કે અમે તો મતદાન કરીશું, પરંતુ તમે પણ તમારો અધિકાર રખે ભૂલતા નહીં. અમે એવા મતદારો સાથે વાત કરી છે, જેઓ દિવ્યાંગ, ફર્સ્ટ વોટર્સ અને સિનિયર સિટીઝન છે.*

## અલ્પા શાહ - થાણે વેસ્ટ



દર વખતની માફક અમે આ વખતે પણ મતદાન કરવાના છીએ, પરંતુ પહેલા કરતા અત્યારે વોટિંગની પ્રક્રિયા વધુ જટીલ બનતી જાય છે. પહેલાની વોટિંગ સિસ્ટમ અને અત્યારની વોટિંગ સિસ્ટમ વચ્ચે શું તફાવત છે તે જણાવતા થાણે વેસ્ટમાં રહેતા ૫૬ વર્ષીય અલ્પા શાહે કહ્યું હતું કે પહેલા લોકો સંબંધને ધ્યાનમાં રાખીને કામકાજ કરતા હતા અને હવે માત્ર પૈસા માટે જ કરે છે. ટૂંકમાં પહેલા વોટિંગ કરવાનું સરળ હતું હવે આ વખતે ચાર બટન સિલેક્ટ કરવાના છે એના અંગે કન્ફ્યુઝન છે. જોકે લોકોને વોટિંગ કરવું છે, પરંતુ એટલી સજાગતા નથી. જેથી કરી ઘણા ખરા વોટ નકામા જશે.

## ઉમા ઠક્કર થાણે-વેસ્ટ



હું થાણેમાંથી છેલ્લા ૪૮ વર્ષથી મતદાન કરું છું, પરંતુ પહેલાના જમાનામાં લોકો સેવા કરવા માટે રાજકારણમાં આવતા હતા, પરંતુ અત્યારનું રાજકારણ સારું નથી. લોકો અત્યારે પોતાનું ઘર ભરવા માટે રાજકારણમાં આવે છે. પહેલાની વોટિંગ સિસ્ટમ પણ સારી હતી, જેમાં પહેલા એક જગ્યાએ સહી કરીને મતદાન કરતા. અત્યારની બટન દબાવવાની સિસ્ટમ સારી નથી ભણેલા લોકોને પણ સમજાતી નથી. પોતાનો અધિકાર કરવા માટે મતદાન કરે છે. વોટિંગ સિસ્ટમમાં ફરક આવ્યો હોવાથી લોકો મતદાન કરવાનું ટાળે છે. નવી સિસ્ટમ તો લોકોને સમજાતી નથી, તેથી એટલું કહીશ કે મતદાનની સિસ્ટમ સરળ હશે તો લોકો વધુ મતદાન કરશે એ સ્પષ્ટ છે.

## મીનાક્ષીબેન ભગવાનદાસ પટેલ, ચારકોપ



તમને તમારા અધિકાર જોઈતા હોય, દેશમાં બદલાવ લાવવો હોય કે સમસ્યાઓનો હલ જોઈએ તો મતદાન ફરજિયાત કરવું જોઈએ, એવી સલાહ ચારકોપમાં રહેતાં ૭૬ વર્ષનાં મીનાક્ષીબેન આપે છે. તેમનું કહેવું છે કે નવજુવાનો પોતાનું ફ્યુચર બનાવવા જે રીતે ગંભીર બનીને મહેનત કરે છે તે રીતે મતદાન પણ જીવનનો એક મહત્ત્વનો ભાગ છે. મતદાનથી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે દ્વાર ખૂલી શકે છે. સિનિયર સિટીઝનોને જોઈ જુવાનિયાઓને પણ મતદાન કરવાની પ્રેરણા મળી શકે છે. લોકતંત્ર બચાવવા ક્યાં કેવી રીતે મહેનત કરવી જોઈએ એનું ભાન થઈ શકે છે. ચૂંટાનારા ઉમેદવારો ટ્રાફિકની સમસ્યા હલ કરે એવી તેમની ઇચ્છા છે. ગેરકાયદે ફેરિયાઓને કારણે સમસ્યા ઊભી થઈ છે, જેનું નિવારણ પાલિકાની જવાબદારી છે.

## કમુબેન જગદીશભાઈ પટેલ, મલાડ



મલાડના ઓર્લેમ ચર્ચ નજીક રહેતાં ૬૩ વર્ષનાં કમુબહેન કહે છે, ચૂંટણીમાં મત આપવો જરૂરી છે અને એ આપણો અધિકાર છે. એક-એક મત મહત્ત્વનો ઠરી શકે અને પરિવર્તન પણ લાવી શકે. યુવાનિયાઓએ તો ખાસ સમજીવિચારીને મત આપવો જોઈએ. પરિસરની સમસ્યા હલ કરી શકે અને જરૂરિયાતને સમયે મતદારોની પડખે ઊભા રહે એવા મતદાર પર પસંદગી ઉતારવી જોઈએ. કોઈના કહેવાથી દોરવાઈ જઈને મતદાન કરવું યોગ્ય નથી. વિકાસ કરી શકે એવા લાયક ઉમેદવારને યુવાનિયાઓએ મત આપવો જોઈએ.

## પ્રભાબેન હેમશંકર રાજગોર, ડોમ્બિવલી




ડોમ્બિવલી પશ્ચિમના વિષ્ણુનગર પરિસરમાં રહેતાં ૭૦ વર્ષનાં પ્રભાબેનનું કહેવું છે ચૂંટણીમાં દરેક નાગરિકે મત આપવો જોઈએ. જુવાનિયા ઘરમાં બેસી રહેશે તો વૉટ કોણ આપશે? અમુક લોકો ચૂંટણીને ગંભીરતાથી લેતા નથી અને મત આપવા જતા નથી, જે ખોટું છે. મતદારો સહકાર આપશે તો દેશ આગળ વધશે અને ઉમેદવારો પાસેથી કામની અપેક્ષા રાખી શકાશે. પાણી, સારા રસ્તા અને વીજળી મળે એ જ લોકપ્રતિનિધિ પાસેથી નાગરિકોની અપેક્ષા હોય છે. બન્ને પગનાં ઘૂંટણમાં દુખાવો છતાં મતદાન કરવાનો તેમનો નિશ્ચય અડગ છે.

## મીત યોગેશભાઇ કાનાબાર, ચીરાબજાર



ચીરાબજારમાં શંકરબારી લેન ખાતે રહેનારો ૨૧ વર્ષના મીત યોગેશભાઇ કાનાબાર પહેલી વખત મતદાન કરવા જવાનો હોવાથી ખૂબ ઉત્સુક છે. મીત કહે છે કે હું ગુરુવારે મારા પરિવારજનો સાથે મતદાન કરવા જવાનો છું. મતદાન કેન્દ્ર પર જઇને મતદાન કેવી રીતે કરવું એ વિશે મારા પેરેન્ટ્સે મને અગાઉથી બધું સમજાવી દીધું છે. અમારા વોર્ડના ઉમેદવારો પર મને ભરોસો છે અને જે પણ ઉમેદવાર ચૂંટાઇ આવશે એ વિસ્તારની સમસ્યાઓ હલ કરશે અને મતદારોની પડખે ઊભા રહેશે, એવી મને આશા છે.

## પર્લ મનીષ ઠક્કર, મુલુંડ પશ્ચિમ



મુંબઈ મહાનગરપાલિકાની યોજાઈ રહેલી ચૂંટણીમાં હું પહેલી વખત મતદાન કરવાનો છું અને તે માટે બહુ જ એક્સાઈટેડ છું. ડેમોક્રેસીમાં દરેક વ્યકિતે મતદાન કરવું જ જોઈએ. ચૂંટણીમાં મતદારોએ ફક્ત પાર્ટીને ધ્યાનમાં નહીં રાખતા ઉમેદવાર લોકોની સમસ્યાને વાચા આપી શકશે કે નહીં ? તેમ જ નાગરિકો માટે કામ કરશે કે નહીં અને તેની ક્લીન ઈમેજ છે કે નહીં અને તેનો ભૂતકાળ શું છે? તે બાબતોને ધ્યાન આપીને મતદાન કરવું જોઈએ એવી મારી માન્યતા છે. ડેમોક્રેસીમાં એક-એક મત કિંમતી હોય છે, તેથી મારી દરેક ફર્સ્ટ ટાઈમ વોટરને પણ સલાહ છે કે તેઓ આજે અચૂક મતદાન કરે.

## હેમશંકર નરભેરામ રાજગોર, ડોમ્બિવલી



૭૫ વર્ષના હેમશંકરભાઈએ આંખને લોહી પહોંચાડતી નસ સુકાઈ જવાને કારણે બન્ને આંખની દૃષ્ટિ ગુમાવી છે. આ શારીરિક ઉણપને પોતાની નબળાઈ બનાવીને ઘરે બેસી રહેવાને બદલે તે પત્ની અથવા દીકરી સાથે મત આપવા જરૂર જાય છે. ડોમ્બિવલીમાં રહેતા હેમશંકરભાઈ મહાપાલિકાની ચૂંટણીમાં મત આપવા જવાના છે અને હૃદયની આંખથી મત આપીશ, એવું તેમનું કહેવું છે. મતદાનની ફરજ બજાવવાનું તેમનું દૃઢ મનોબળ જ જુવાનિયાઓને શરમાવે એવું છે.

## નિધિ રસિકભાઇ વ્યાસ, ચીરાબજાર



ચીરાબજારની ગઝદર સ્ટ્રીટ ખાતે રહેતી પચીસ વર્ષની દિવ્યાંગ નિધિ રસિકભાઇ વ્યાસ કહે છે કે છેલ્લી ત્રણ ચૂંટણીમાં મેં ઘરેથી જ મતદાન કર્યું હતું અને આ વખતે પાલિકાની ચૂંટણીમાં મતદાન કરવા હું ખૂબ એક્સાઇટેડ છું. હું ચાલી નથી શકતી અને મને બીજા માળેથી વ્હીલચેર પર બેસાડીને નીચે લાવવું પડે એવું છે. એટલે આ વખતે ઘરેથી મતદાનની વ્યવસ્થા હોય તો સારું. અત્યારે તો અમારી બિલ્ડિંગ નજીક રસ્તા પર કામ ચાલી રહ્યું હોવાથી વ્હીલચેર ત્યાંથી લઇ જવી મુશ્કેલ છે.

# મતદાર યાદીમાં નામ મિનિટોમાં ચેક કરો

મુંબઈઃ મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં આજે મહાનગર પાલિકાની ચૂંટણીઓ યોજાઈ રહી છે. જ્યારે ૧૬મી જાન્યુઆરીના રોજ આ ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવશે. મતદાર યાદીમાં તમારું નામ છે કે નહીં, તમારું પોલિંગ બૂથ કયું છે એ જાણી લેવું ખૂબ જ જરૂરી છે.

ઘણી વખત એવું બને છે કે મતદાતા પાસે વોટર આઈડી હોવા છતાં પણ મતદાર યાદીમાં નામ ના હોવાને કારણે મતદાનથી વંચિત રહી જાય છે. આ સિવાય પોલિંગ બૂથ શોધવામાં પણ ખાસ્સી એવી મગજમારી કરવી પડે છે.

## આ રીતે તપાસો મતદાર યાદીમાં તમારું નામ

- ★ સૌથી પહેલાં તો ભારતીય ચૂંટણી પંચની ઓફિશિયલ વેબસાઈટ electoralsearch.eci.gov.in પર વિઝીટ કરો.
- ★ હવે તમને બે ઓપ્શન દેખાશે જેમાં તમે તમારા નામ કે પછી વોટર આઈડી નંબર પરથી નામ શોધવા માગો છો એવું પૂછવામાં આવશે.
- ★ તમે તમારું વોટર આઈડી પરનું નામ ટાઈપ કરીને તમારા વિધાનસભા મતદાર સંઘની માહિતી ભરીને તમારું નામ છે કે નહીં એ તપાસી શકો છો.
- ★ આ સિવાય તમે તમારા વોટર આઈડી નંબર પરથી પણ મતદાર યાદીમાં તમારું નામ છે કે નહીં એ તપાસી શકો છો
- ★ બંનેમાંથી જે પણ ઓપ્શન સિલેક્ટ કરો છો એની માહિતી ભર્યા બાદ કેપ્ચા ફીલ કરીને ડિટેઈલ્સ સબમિટ કરો
- ★ **મતાધિકાર એપ પણ છે કામનીઃ** રાજ્યના ચૂંટણી પંચ દ્વારા મતાધિકાર મોબાઈલ એપ બનાવવામાં આવી છે. ગૂગલ પ્લે સ્ટોર પરથી આ એપ ડાઉનલોડ કરીને તમે મતદાર યાદીમાં તમારું નામ છે કે નહીં એ તપાસી શકશો. આ એપમાં તમે તમારું નામ લખીને કે પછી ઈપીઆઈસી નંબર નાખીને મતદાર યાદીમાં તમારું નામ અને પોલિંગ બૂથની માહિતી જાણી શકો છો.
- ★ **આ પણ છે એક ઓપ્શનઃ** લાસ્ટ બટ મોસ્ટ ઈમ્પોર્ટન્ટ થિંગ એટલે કે તમે મતદાર યાદીમાં તમારું નામ છે કે નહીં એ શોધવા માટે https://mahasecvoterlist.in/ વેબસાઈટની મુલાકાત લઈ શકો છો. આ સાઈટ પર સર્ચ નેમ ઈન વોટર લિસ્ટ ઓપ્શન પર ક્લિક કરીને તમે એપની જેમ જ નામ કે ઈપીઆઈસી નંબર નાખીને ડિટેઈલ્સ તપાસી શકો છો.

## મતદાનના દિવસે એક્વાલાઇન સેવાઓનો સમય વધારવામાં આવ્યો

મુંબઈઃ આજે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (પાલિકા)ની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને આખા દિવસ દરમિયાન ચૂંટણી સંબંધી કામમાં જોતરાયેલા કર્મચારીઓ અને આવશ્યક કર્મચારીઓની અવરજવરને સરળ બનાવવા માટે અને અનુકૂળ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે એક્વાલાઇન મેટ્રો સેવાઓ વધુ સમય દોડશે.મતદાન કર્મચારીઓની સુવિધા માટે ચૂંટણીના દિવસે વધારાની ટ્રેન સેવાઓ ચલાવવામાં આવશે. આરે જેવીએલઆર અને કફ પરેડ ટર્મિનલ બંનેથી ટ્રેનો સવારે ૫:૦૦ થી મધ્યરાત્રિ ૧૨:૦૦ વાગ્યા સુધી દોડશે. છેલ્લી ટ્રેન આરે જેવીએલઆર અને કફ પરેડ ટર્મિનલ બંનેથી મધ્યરાત્રિ ૧૨:૦૦ વાગ્યે ઉપડશે.

## માસ્ક પહેરીને મતદાન કરવાની અપીલ

મુંબઈઃ મુંબઈ અને આસપાસમાં શહેરોમાં છેલ્લાં કેટલાક સમયથી વાયુ પ્રદૂષણની સમસ્યા સતાવી રહી છે અને એની અસર મહાપાલિકાની ચૂંટણીના મતદાન પર પણ જોવા મળી શકે છે. પરિણામે મુંબઈગરાને મતદાનની ફરજ બજાવવા જતાં સાવધાની રાખવાની સલાહ પણ આપવામાં આવી છે.

મુંબઈ શહેર અને ઉપનગરમાં વધતા જતા પ્રદૂષણને ધ્યાનમાં લઈને મતદાન કરવા જતી વખતે માસ્ક પહેરવાની સલાહ નિષ્ણાતો દ્વારા આપવામાં આવી છે. આ સિવાય મતદાન કરવા જનારા મતદાતાઓએ હાઈડ્રેટેડ રહેવા માટે મતદાતાઓને વધુમાં વધુ પાણી પીવાની સલાહ આપવામાં આવી છે.

# મુંબઈમાં મતદાન માટે ટ્રાફિકમાં મોટા ફેરફારો, આ રસ્તાઓ બંધ રહેશે

મુંબઈઃ રાજ્યની ૨૯ મહાનગર પાલિકાઓ માટે ગુરુવારે મતદાન યોજાશે. આ ચૂંટણીઓ બૃહન્મુંબઈ, થાણે, પુણે, કલ્યાણ-ડોમ્બિવલી, વસઈ-વિરાર સહિત ઘણા મોટા શહેરોમાં યોજાશે. મતદાનના આગલા દિવસથી ઘણા શહેરોમાં મહત્વપૂર્ણ સ્થળોએ ટ્રાફિક બંધ કરી દેવામાં આવ્યો છે. મુંબઈમાં પણ ઘણા મહત્વપૂર્ણ સ્થળોએ ટ્રાફિકમાં મોટા ફેરફારો કરવામાં આવશે. ઘણા રસ્તાઓ પર ટ્રાફિક બંધ કરવામાં આવ્યો છે અને વૈકલ્પિક માર્ગો પણ પૂરા પાડવામાં આવ્યા છે.

મુંબઈમાં ૧૫ જાન્યુઆરીએ યોજાનારી ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં મંગળવારથી ટ્રાફિક પર કેટલાક નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. જે રસ્તાઓ પર પ્રતિબંધ લાદવામાં આવ્યા છે તે રસ્તાઓ પર ટ્રાફિકને વૈકલ્પિક માર્ગો પર વાળવામાં આવ્યો છે. ૧૬ અને ૧૭ જાન્યુઆરીની મધ્યરાત્રિ સુધી ટ્રાફિક પ્રતિબંધો અમલમાં રહેશે. ૧૪ જાન્યુઆરીએ સવારે ૮ વાગ્યાથી શનિવાર, ૧૭ જાન્યુઆરીની મધ્યરાત્રિ સુધી ટ્રાફિક પ્રતિબંધો અમલમાં રહેશે. મુંબઈ પોલીસે દાદર પશ્ચિમ, વરલી અને પશ્ચિમ ઉપનગરોના કેટલાક વિસ્તારોમાં ટ્રાફિકને કામચલાઉ રીતે ડાયવર્ઝન કરવાનો આદેશ આપ્યો છે.

દાદર પશ્ચિમમાં, રાવ બહાદુર એસ.કે. બોલે માર્ગ, અશોક વૃક્ષ રોડ અને રાનડે રોડ પર પ્રવેશ અને પાર્કિંગ અન્ય નાગરિકો માટે ૧૪ જાન્યુઆરી, બુધવાર સવારે ૮ વાગ્યાથી શુક્રવાર, ૧૬ જાન્યુઆરી રાત્રે ૧૧ વાગ્યા સુધી પ્રતિબંધિત રહેશે. ફક્ત રહેવાસીઓ અને આવશ્યક સેવાના વાહનોને જ મંજૂરી આપવામાં આવશે. વર્લીના ડો. ઇ. મોસેસ રોડ પર પ્રવેશ અને પાર્કિંગ શુક્રવારે (૧૬ જાન્યુઆરી) સવારે ૫ વાગ્યાથી મધ્યરાત્રિ સુધી પ્રતિબંધિત રહેશે કારણ કે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના એન્જિનિયરિંગ સેન્ટરના સ્ટ્રોંગ રૂમમાં મત ગણતરી ચાલી રહી છે. તેથી, મુસાફરોને વૈકલ્પિક માર્ગો અપનાવવાની સલાહ આપવામાં આવી છે.

બુધવારે રાત્રે ૧૨:૦૧ વાગ્યાથી ગુરુવારે મધ્યરાત્રિ સુધી વરલીમાં ભોંસલે માર્ગ. સાંતાક્રુઝ સહિત પશ્ચિમી ઉપનગરોમાં પણ આવા જ પ્રતિબંધો લાગુ રહેશે. જાહેર રસ્તાઓ પાસે આવેલા અનેક મતદાન મથકોને કારણે ગુરુવારે એનએસ રોડ નંબર ૦૬ અને ટીપીએસ રોડ નંબર ૦૩ અસ્થાયી રૂપે બંધ રહેશે. શુક્રવારે મત ગણતરીને કારણે સાંતાક્રુઝમાં રિલીફ રોડ સંપૂર્ણપણે બંધ રહેશે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી ૨૦૨૬ના સલામત અને સુગમ સંચાલનને સુનિશ્ચિત કરવા માટે શહેરમાં ૨૮,૦૦૦ થી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવશે. આમાં ૩,૦૦૦ પોલીસ અધિકારીઓ અને ૨૫,૦૦૦ પોલીસ કર્મચારીઓનો સમાવેશ થાય છે.

રાજ્ય રિઝર્વ પોલીસ દળ (એસઆરપીએફ), ક્વિક રિસ્પોન્સ ટીમ્સ (ક્યુઆરટી), બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (બીડીડીએસ), રેપિડ કંટ્રોલ પોલીસ બટાલિયન અને હોમગાર્ડ્સ જેવા વિશેષ દળો પણ ચૂંટણીમાં સામેલ થશે. ચૂંટણી સમયગાળા દરમિયાન ફરજ પરના પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓને સહકાર આપવા મુંબઈકરોને વિનંતી કરવામાં આવી છે. કટોકટીની સ્થિતિમાં નાગરિકો ૧૦૦ અથવા ૧૧૨ પર કોલ કરી શકે છે.

# ચૂંટણી પ્રક્રિયામાં રહેલા વાહનો પર નજર રાખવા જિઓ ફેન્સિંગ સિસ્ટમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા ૨૦૨૫-૨૬ની આજે યોજાઈ રહેલી ચૂંટણી દરમ્યાન ચૂંટણી પ્રક્રિયામાં શામેલ રહેલા તમામ વાહનો પર કડક નજર રાખવા માટે પહેલી વખત જિઓ ફેન્સિંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવવાનો છે. આ સિસ્ટમની મદદથી ચૂંટણી પ્રક્રિયામાં શામેલ કુલ ૨,૮૬૫ વાહનોની અવરજવર પર સૂક્ષ્મ પદ્ધતિએ નજર રાખી શકાશે.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે મતદાન કેન્દ્ર પર મતદાન માટે વિવિધ સુવિધા ઉપલબ્ધ કરવાથી લઈને મનુષ્યબળનું આયોજન, સુરક્ષા, મતગણતરી દરમ્યાનની વ્યવસ્થા મા કરવામાં આવી છે. આ પાર્શ્વભૂમિ પર ચૂંટણી પ્રક્રિયામાં શામેલ રહેલા દરેક વાહનો પર બારીકાઈથી નજર રાખવા ખાસ વ્યવસ્થા કરવામાં આવી હોવાનું એડિશનલ કમિશનર અશ્વિની જોશીએ જણાવ્યું હતું.

વધુમાં માહિતી આપતા અશ્વિની જોશીએ જણાવ્યું હતું કે ચૂંટણી માટે ઈવીએમ મશીન, મતદાન પ્રક્રિયામાં શામેલ અધિકારી-કર્મચારીની અવરજવર માટે કુલ ૨,૮૬૫ વાહનોની વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં બેસ્ટની ૧,૦૨૩ બસ, મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશનની ૧૦૧ બસ, ખાનગી ૧,૧૬૦ બસ અને ૫૮૧ ટેક્સીનો સમાવેશ થાય છે. આ તમામ વાહનોનો પર નજર રાખવા પાલિકાના સ્યુએજ વેસ્ટ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટના ટ્રાફિક ડિપાર્ટમેન્ટ દ્વારા કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે. અહીંથી વાહનોનું લાઈવે ટ્રેકિંગ, પાસ્ટ હિસ્ટરી અને જિઓ ફેન્સિંગ અલર્ટ જેવી બાબતોની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ વાહનો પર ટ્રેકિંગ સિસ્ટમ બેસાડવામાં આવી હોઈ તે કંટ્રોલ રૂમ સાથે જોડાયેલા છે. તેથી કયા વાહનો કયા માર્ગે પ્રવાસ કરે છે અથવા કોણ કયા સ્થળે વગેરેની તમામ માહિતી ઉપલબ્ધ થશે.

વાહનોનું લાઈવે ટ્રેકિંગ જાણવા માટે દરેક ચૂંટણી અધિકારીની ઓફિસમાં ઓનલાઈન મૅપ પર જિઓ ફેન્સિંગ સિસ્ટમ પૂરી પાડવામાં આવી છે. નીમવામાં આવેલા વાહનો સંબંધિત ચૂંટણી અધિકારીના કાર્યક્ષેત્રની બહાર ગયા તો તાત્કાલિક કંટ્રોલ રૂમને અલર્ટ મળશે. તેના પરથી સંબંધિત વાહનોની સ્થિતી જાણી શકાશે.

# જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીની જાહેરાત થતાં જ કોંકણમાં શરદ પવારને મોટો ફટકો

રત્નાગિરીઃ જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીઓનો જંગ શરૂ થતા જ રાષ્ટ્રવાદી કોંગ્રેસ શરદચંદ્ર પવાર જૂથના પ્રદેશ ઉપાધ્યક્ષ અને ભૂતપૂર્વ વિધાનસભ્ય રમેશ કદમે રાષ્ટ્રવાદી શરદચંદ્ર પવાર પક્ષનો સાથ છોડી દીધો છે. કદમના રાજીનામાથી પક્ષને મોટો ફટકો પડ્યો છે. મુશ્કેલીના સમયમાં પક્ષને એકલે હાથે મદદ કરીને કોંકણમાં કામ કર્યું હતું, પરંતુ હવે પક્ષે મને જ એકલો પાડી દીધો છે. જ્યારે હું નગરપાલિકા પ્રમુખ પદ માટે ઊભો હતો, ત્યારે પક્ષે મને મદદ કરી નહોતી', તેવો આક્ષેપ રમેશ કદમે કર્યો હતો.

બદલાયેલા રાજકીય વાતાવરણમાં, પ્રામાણિકતા તેનું મૂલ્ય ગુમાવી ચૂકી છે. જ્યાં તમારી જરૂર નથી ત્યાં લાંબા સમય સુધી રહેવાનો કોઈ અર્થ નથી એમ કહીને, રમેશ કદમે પ્રદેશ પ્રમુખ શશિકાંત શિંદેને પોતાનું રાજીનામું મોકલી દીધુ હતું.

જેમાં અફસોસ વ્યક્ત કરતાં રમેશ કદમે કહ્યું હતું કે, હું ૧૯૮૪થી આદરણીય શરદચંદ્ર પવાર સાહેબનો વફાદાર કાર્યકર રહ્યો છું. પવાર સાહેબના નેતૃત્વ પર મને સંપૂર્ણ વિશ્વાસ છે. જ્યારે પણ પક્ષને જરૂર હોય, ત્યારે અમે પૂરી તાકાત લગાવીને કામ કરીએ છીએ, પરંતુ જ્યારે અમને સાથ આપવાનો સમય આવ્યો, ત્યારે પક્ષ અમારી પાછળ ઊભો નથી. હવે પ્રામાણિકતાની કોઈ કિંમત નથી, એમ તેમણે કહ્યું હતું.

# વિદેશી રોકાણ મેળવવા ફડણવીસ દાવોસ જશે

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ૧૭થી ૨૪ જાન્યુઆરી દરમિયાન વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (ડબલ્યુઈએફ) વાર્ષિક બેઠક - ૨૦૨૬માં ભાગ લેવા માટે સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં રાજ્ય સ્તરીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. ડબલ્યુઈએફ બેઠક વિશ્વાસ આધારિત જોડાણ મહત્ત્વની ચર્ચા અને જાહેર સંવાદ માટે વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડે છે. તેનો ઉદ્દેશ્ય રોકાણ અને આર્થિક સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.

બુધવારે જારી કરાયેલા સરકારી ઠરાવ (જીઆર)માં જણાવાયું છે કે સીએમ આ બેઠક માટે દાવોસ જશે અને મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમ પ્રતિનિધિમંડળની મુસાફરી અને રહેવાનો ખર્ચ ઉઠાવશે.

ભારત સરકારનો ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ દેશમાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે આ બેઠકમાં ભાગ લઈ રહ્યો છે, જ્યારે ભારતીય ઉદ્યોગ સંઘ (સીઆઈઆઈ)ને ભારત પેવેલિયન સંબંધિત પ્રવૃત્તિઓના સંકલન માટે નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે.

આ પ્રતિનિધિમંડળમાં ઉદ્યોગ પ્રધાન ઉદય સામંત, મુખ્ય પ્રધાનના અધિક મુખ્ય સચિવ અશ્વિની ભીડે અને અન્ય અધિકારીઓનો સમાવેશ હશે.

વિદેશ મંત્રાલયે મહારાષ્ટ્રના પ્રતિનિધિમંડળની સ્વિટ્ઝર્લેન્ડની મુલાકાતને મંજૂરી આપી દીધી છે. બધા સભ્યો નિર્ધારિત સરકારી ધોરણો મુજબ મુસાફરી ખર્ચ અને દૈનિક ભથ્થું મેળવવાના હકદાર રહેશે. આ સમય દરમિયાન તેઓ ઓન ડ્યુટી ગણવામાં આવશે એમ જીઆરમાં જણાવી ઉમેર્યું છે કે પ્રતિનિધિમંડળ પરત ફર્યાના એક મહિનાની અંદર પ્રવાસ અને તેના શું થયું એ અંગેનો વિગતવાર અહેવાલ સુપરત કરવાનો રહેશે.

ફડણવીસે ૨૦૨૫ માં દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમની બેઠક દરમિયાન કુલ ૧૫.૭ લાખ કરોડ રૂપિયાના રોકાણ પ્રતિબદ્ધતાની જાહેરાત કરી હતી. રોકાણનો નોંધપાત્ર હિસ્સો મહારાષ્ટ્રના ઓછા વિકસિત પ્રદેશોને લક્ષ્યમાં રાખીને કરવામાં આવ્યો હતો. ઘણા સોદા મરાઠવાડા, ઉત્તર મહારાષ્ટ્ર અને વિદર્ભને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યા હતા, જેમણે ભૂતકાળમાં મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તાર અને મુંબઈ-પુણે કોરિડોર કરતાં ઓછું રોકાણ મેળવ્યું છે.

એમઓયુ વાસ્તવિક રોકાણોમાં ફેરવાશે એવો વિશ્વાસ વ્યક્ત કરી ફડણવીસે નોંધ્યું હતું કે મહારાષ્ટ્રે ભૂતકાળમાં લગભગ ૬૫ થી ૭૦ ટકા એમઓયુને વાસ્તવિક પ્રોજેક્ટ્સમાં રૂપાંતરિત કર્યા છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૩૫ થી ૪૦ ટકા કરતા ઘણા વધારે છે. (પીટીઆઈ)

## વોટર આઈડી સિવાય આ ૧૨ દસ્તાવેજો છે માન્ય

મહાનગરપાલિકાનો મહાસંગ્રામ

- પાસપોર્ટ
- આધાર કાર્ડ
- ડ્રાઇવિંગ લાયસન્સ
- પેન કાર્ડ
- સરકારી ઓળખપત્રઃ કેન્દ્ર/રાજ્ય સરકાર અથવા જાહેર ક્ષેત્રના એકમો (PSU) દ્વારા કર્મચારીઓને આપવામાં આવેલા ફોટો આઈડી.
- બેંક/પોસ્ટ ઓફિસ પાસબુકઃ રાષ્ટ્રીયકૃત બેંક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા જારી કરાયેલ ફોટોગ્રાફ સાથેની પાસબુક.
- દિવ્યાંગ પ્રમાણપત્રઃ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલું ફોટોગ્રાફ સાથેનું પ્રમાણપત્ર.
- મનરેગા જોબ કાર્ડઃ મનરેગા યોજના હેઠળ અપાયેલું કાર્ડ.
- પેન્શન ડોક્યુમેન્ટ્સઃ નિવૃત્ત કર્મચારીઓ અથવા તેમના આશ્રિતોના ફોટોગ્રાફ સાથેના પેન્શન કાગળો.
- ઓફિશિયલ આઈડી કાર્ડઃ લોકસભા, રાજ્યસભા, વિધાનસભા કે વિધાનપરિષદ સચિવાલય દ્વારા જારી કરાયેલ કાર્ડ.
- સ્વાતંત્ર્ય સેનાની ઓળખપત્રઃ ફોટોગ્રાફ સાથેનું સત્તાવાર કાર્ડ.
- આરોગ્ય વીમા સ્માર્ટ કાર્ડઃ કેન્દ્ર સરકારના શ્રમ મંત્રાલય દ્વારા જારી કરાયેલ કાર્ડ.

# ઉદ્ધવ - રાજ ઠાકરેની અમને જરૂર જ નહીં પડેઃ મુખ્ય પ્રધાન

મુંબઈઃ વિધાનસભા ચૂંટણી પછી રાજ્યમાં ભાજપની આગેવાની હેઠળના મહાગઠબંધન વિશે ઝંઝાવાત જોવા મળી રહ્યો છે. હવે રાજ્યમાં નગરપાલિકાઓનો ગઢ કોણ સંભાળશે તે અંગે ખેંચતાણ ચાલી રહી છે. પુણે-પિંપરી-ચિંચવડ સિવાય અન્ય સ્થળોએ વિપક્ષ અને મહાગઠબંધન એકબીજાની સામે છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે દાવો કર્યો છે કે રાજ્યમાં ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીમાં મહાગઠબંધન જીતશે અને ૨૬ પાલિકામાં આ વખતે મહાગઠબંધનના મેયર ચૂંટાશે. આ વિધાન કર્યા બાદ પરિણામો પછી ઉદ્ધવ-રાજ ઠાકરેને પોતાની સાથે લેશે કે કેમ એવા સવાલનો તેમણે સજ્જડ જવાબ આપ્યો હતો.

ફડણવીસે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર વડા પ્રધાન મોદીનું સમર્થન કરે છે એ રાજ્યમાં મ્યુનિસિપલ ચૂંટણીના પરિણામો પછી ફરી એકવાર સ્પષ્ટ થશે. ભાજપ સૌથી મોટો પક્ષ હશે. નગરપાલિકાઓમાં તો મહાયુતિની જ સત્તા હશે. મહારાષ્ટ્ર કોની સાથે રહેશે એ જાણવા મળશે.

મુંબઈ મહાનગરપાલિકામાં જરૂર પડશે તો ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેને પોતાની સાથે લેશે કે કેમ એ સવાલના જવાબમાં મુખ્ય પ્રધાને કહ્યું હતું કે બિલકુલ જરૂર નહીં પડે. તેમણે દાવો કર્યો હતો કે અમે બહુમતી સાથે મહાનગરપાલિકામાં આવીશું. હવે રાજકીય ગઠબંધનની કોઈ શક્યતા નથી. હા, બંને સાથે વ્યક્તિગત સંબંધો સારા રહેશે.

# રાહુલની આઠમી સેન્ચુરીને મિચલની આઠમી સદીએ ઝાંખી પાડી, ભારત હારી ગયું

રાજકોટ: ન્યૂ ઝીલૅન્ડે અહીં નિરંજન શાહ સ્ટેડિયમમાં ભારતને ત્રણ મૅચવાળી સિરીઝની બીજી વન-ડેમાં ૧૫ બૉલ બાકી રાખીને સાત વિકેટના માર્જિનથી હરાવીને શ્રેણી ૧-૧ની બરાબરીમાં લાવી દીધી હતી. ડેરિલ મિચલ (૧૨૫ અણનમ, ૧૧૫ બૉલ, બે સિક્સર, દસ ફોર) આ મુકાબલાનો સુપરસ્ટાર હતો. તેની આ આઠમી વન-ડે સેન્ચુરી હતી અને એની સામે ભારતના વિકેટકીપર કે. એલ. રાહુલ (૧૧૨ અણનમ, ૯૨ બૉલ, એક સિક્સર, અગિયાર ફોર)ની આઠમી સદી ઝાંખી પડી ગઈ હતી. યોગાનુયોગ, રાહુલે ભારતની ઇનિંગ્સના છેલ્લા બૉલમાં ફોર ફટકારી હતી, જ્યારે મિચલ પણ મૅચમાં જે અંતિમ બૉલ બન્યો એમાં તેણે ચોગ્ગો જ માર્યો હતો.

ભારતના બે દિગ્ગજ રોહિત શર્મા (૨૪ રન) અને વિરાટ કોહલી (૨૩ રન)માંથી એક પણ ખેલાડી સારું ન રમી શક્યો એટલે રાજકોટના ૪૦,૦૦૦-પ્લસ પ્રેક્ષકોએ નિરાશ થવું પડ્યું અને છેવટે પરાજય પણ જોવો પડ્યો. ભારતે બૅટિંગ મળ્યા બાદ ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૮૪ રન કર્યા હતા. ન્યૂ ઝીલૅન્ડે ૪૭.૩ ઓવરમાં માત્ર ત્રણ વિકેટના ભોગે ૨૮૬ રન કરીને શાનથી વિજય મેળવ્યો હતો. હર્ષિત રાણા, પ્રસિદ્ધ ક્રિષ્ના અને કુલદીપ યાદવને એક-એક વિકેટ મળી હતી. રવીન્દ્ર જાડેજા, મોહમ્મદ સિરાજ અને નીતીશ રેડ્ડી વિકેટ નહોતા લઈ શક્યા.

### હવે રવિવારે નિર્ણાયક જંગ

ન્યૂ ઝીલૅન્ડ ક્યારેય ભારતમાં વન-ડે સિરીઝ નથી જીતી શક્યું એટલે હવે રવિવાર, ૧૮મી જાન્યુઆરીની ઇન્દોરની નિર્ણાયક મૅચ (બપોરે ૧.૩૦ વાગ્યાથી) અત્યંત રસાકસીભરી બની રહેશે. એ મૅચ માટે ભારતીય ટીમમાં કયા ફેરફાર થશે એ જોવું રહ્યું.

### મિચલની બે મોટી ભાગીદારી

બુધવારે ડેરિલ મિચલે પહેલાં તો વિલ યંગ (૮૭ રન, ૯૮ બૉલ, સાત ફોર) સાથે ત્રીજી વિકેટ માટે ૧૫૨ બૉલમાં ૧૬૨ રનની બહુમૂલ્ય ભાગીદારી કરી હતી અને વિલ યંગની વિકેટ પડ્યા બાદ મિચલે ગ્લેન ફિલિપ્સ (૩૨ અણનમ, પચીસ બૉલ, એક સિક્સર, બે ફોર) સાથે ચોથી વિકેટ માટે ૭૮ રનની અતૂટ પાર્ટનરશિપ કરી હતી.

### ગિલ-રાહુલ સામે મિચલ-યંગ સફળ

એ પહેલાં, ભારતે કૅપ્ટન શુભમન ગિલ (૫૬ રન, ૫૩ બૉલ, એક સિક્સર, નવ ફોર) ઉપરાંત મિડલ-ઑર્ડરની બૅટિંગની મદદથી અને એમાં પણ વિકેટકીપર કે. એલ. રાહુલના સુપર પર્ફોર્મન્સની મદદથી ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૮૪ રન કર્યા હતા અને કિવીઓને ૨૮૫ રનનો પડકારરૂપ લક્ષ્યાંક મળ્યો હતો જેને ડેરિલ મિચલે વિલ યંગ સાથેની જોડીમાં આસાન બનાવી દીધો અને છેવટે ભારતને પરાજિત કરાવીને બુધવારે જ ૨-૦થી સિરીઝની ટ્રોફી પર કબજો કરતું રોક્યું હતું.

### રાહુલે સિક્સર સાથે પૂરી કરી સેન્ચુરી

રાહુલે આઠમી વન-ડે સેન્ચુરી પૂરી કરી હતી અને છેક સુધી ક્રીઝમાં ટકી રહ્યો હતો. તેણે પોતાના ૮૭મા બૉલ પર છગ્ગો ફટકારીને સદી પૂરી કરી હતી અને ઇનિંગ્સના અંતિમ બૉલમાં ચોગ્ગો માર્યો હતો. તેની આઠમાંથી આ સર્વશ્રેષ્ઠ સદી ગણાય છે. તેની સાથે મોહમ્મદ સિરાજ બે રને અણનમ રહ્યો હતો.

### કલાર્કની ત્રણ વિકેટ

બીજી જ વન-ડે રમી રહેલા ૨૪ વર્ષીય કિવી પેસ બોલર ક્રિસ્ટિયન ક્લાર્કે ત્રણ વિકેટ (રોહિત, વિરાટ, શ્રેયસ) લીધી હતી, પણ રાહુલને તે નમાવી નહોતો શક્યો. વાઇસ-કૅપ્ટન શ્રેયસ ઐયર રાહુલ સાથેની ટૂંકી ભાગીદારીમાં આઠ રન કરીને પૅવિલિયનમાં પાછો આવી ગયો હતો.



**રાહુલની નજર સામે મિચલ મૅજિક:** કે. એલ. રાહુલના અણનમ ૧૧૨ રનને ડેરિલ મિચલના અણનમ ૧૩૧ રને ઝાંખા પાડી દીધા હતા. જોકે હવે રવિવારે ફરી આ બે બૅટ્સમેન વચ્ચે વધુ એક હરીફાઈ જોવા મળી શકે. (પીટીઆઇ)

### રાહુલને મળ્યો નીતીશનો ટૂંકો સાથ

સ્ટાર બૅટ્સમેનો રોહિત શર્મા (૨૪ રન), વિરાટ કોહલી (૨૩ રન) અને રવીન્દ્ર જાડેજા (૨૭ રન) મોટી ઇનિંગ્સ નહોતા રમી શક્યા અને ચર્ચાસ્પદ ઑલરાઉન્ડર નીતીશકુમાર રેડ્ડી પણ માત્ર ૨૭ રન કરી શક્યો હતો. જોકે તેણે ૫૮ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને ૪૪ બૉલની ઇનિંગ્સ રમીને રાહુલને સારો સાથ આપ્યો હતો. તેની અને રાહુલ વચ્ચે ૫૭ રનની ભાગીદારી થઈ હતી.

### ગિલ ફરી ૫૬ રન કરીને આઉટ

એ પહેલાં, રોહિત અને શુભમન ગિલે ખૂબ ધીમી શરૂઆત કરી હતી. પહેલી પાંચ ઓવરમાં ભારતના ફક્ત નવ રન હતા. જોકે પછીથી બન્નેએ રનમશીનને વેગ આપ્યો હતો અને છેક ૭૦મા રને રોહિતની વિકેટ સાથે તેમની ભાગીદારી તૂટી હતી. જોકે ગિલ સતત બીજી મૅચમાં પણ હાફ સેન્ચુરી પૂરી કરવામાં સફળ થયો હતો. તે લાગલગાટ બીજી મૅચમાં ૫૬ રન કરીને આઉટ થયો. ભારતે ૭૦ રનથી ૧૧૮ રનની વચ્ચે (૪૮ રનમાં) ઉપરાઉપરી ચાર વિકેટ ગુમાવી ત્યાર પછી હોમટાઉન હીરો બાપુ રવીન્દ્ર જાડેજા અને વિકેટકીપર કે. એલ. રાહુલે બાજી સંભાળી લીધી હતી અને ધબડકો રોક્યો હતો. જોકે છેવટે ન્યૂ ઝીલૅન્ડની બૅટિંગ લાઇન-અપે ભારતને પરાજયનો જોરદાર ઝટકો આપ્યો હતો. ■

## આજથી ટી-૨૦ અન્ડર-૧૯ વર્લ્ડ કપ



સૌની નજર ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશી પર રહેશે.

બુલવૅયો: ઝિમ્બાબ્વે અને નામિબિયામાં આજથી ટી-૨૦ ફૉર્મેટમાં અન્ડર-૧૯ વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે જેમાં આજે પ્રથમ મૅચ (બપોરે ૧.૦૦ વાગ્યાથી) ભારત અને યુએસએ વચ્ચે રમાશે. આયુષ મ્હાત્રે ભારતનો અને ભારતીય મૂળનો ઉત્કર્ષ શ્રીવાસ્તવ યુએસએનો કૅપ્ટન છે. ભારતીય ટીમમાં ગુજરાત રાજ્યના ત્રણ ખેલાડી વેદાંત ત્રિવેદી તેમ જ હેનિલ પટેલ અને ખિલન પટેલનો સમાવેશ છે. અમેરિકાની ટીમમાં તમામ ભારતીય મૂળના પ્લેયર્સ છે. ભારતના ગ્રૂપમાં બાંગ્લાદેશ અને ન્યૂ ઝીલૅન્ડ પણ છે. કુલ મળીને ૧૬ દેશની ટીમ આ વિશ્વ કપમાં ભાગ લેશે.

# કોહલી વન-ડેમાં શા માટે હંમેશાં રોહિતથી એક ડગલું આગળ રહેતો હોય છે?: મોહમ્મદ કૈફે બારીકાઈથી કર્યું વર્ણન

રાજકોટ: સમગ્ર આંતરરાષ્ટ્રીય વન-ડે ક્રિકેટમાં રોહિત શર્માના ૨૬૪ રનનો વ્યક્તિગત સ્કોર સર્વશ્રેષ્ઠ છે અને આ ફૉર્મેટમાં તેની જેમ ત્રણ-ત્રણ ડબલ સેન્ચુરી પણ કોઈ નથી ફટકારી શક્યું એમ છતાં વિરાટ કોહલીને હંમેશાં વન-ડે ક્રિકેટમાં રોહિતથી એક ડગલું આગળ ગણવામાં આવે છે.



રોહિતે વન-ડે ક્રિકેટની ૨૮૧ મૅચમાં કુલ ૪૯.૦૦ની સરેરાશે ૧૧,૫૬૬ રન કર્યા છે. બીજી તરફ, કોહલીના ૩૧૦ મૅચમાં ૫૮.૪૫ની ઍવરેજે કુલ ૧૪,૬૭૩ રન છે. રોહિતની ૩૩ સેન્ચુરી સામે કોહલીની ૫૩ સદી છે.

આ તો થઈ આંકડાની સરખામણી જેમાં રોહિતથી કોહલી ઘણો આગળ છે જ, પણ ભૂતપૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફનું કહેવું કંઈક જુદું છે. તે કહે છે, 'કોહલી વન-ડેમાં મોટા ભાગે ઇનિંગ્સને એવી માનસિકતા અને કાબેલિયતથી શરૂ કરે છે જેમાં તે ઘણી વખત મૅચ-વિનિંગ ઇનિંગ્સમાં ફેરવવામાં સફળ રહે છે.'

મોહમ્મદ કૈફ પોતાની યુટ્યૂબ ચૅનલ પર કહે છે, 'કોહલી શરૂઆતને મોટી ઇનિંગ્સમાં સારી રીતે કન્વર્ટ કરી શકે છે. મોટા ભાગે એવું બને છે કે તે ૩૦-૪૦ રન કરે એટલે છેક સુધી ક્રીઝમાં ટકી જ રહેતો હોય છે અને વિજય અપાવે છે. જો તે ફૉર્મમાં હોય તો સતતપણે આવી ઇનિંગ્સ રમે છે. એટલે જ મને લાગે છે કે વન-ડેમાં રોહિત કરતાં કોહલી ચડિયાતો છે. કોહલી સતતપણે રન કરે છે અને લાંબી ઇનિંગ્સ રમે છે.'

કોહલી પોતાની બૅટિંગ પ્રત્યે કેટલી બધી તીવ્રતા ધરાવે છે અને પોતાના પર્ફોર્મન્સ વિશે સતત જાગૃત પણ રહેતો હોય છે. તેણે ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ વન-ડેમાં ૯૩ રન કર્યા હતા અને કાઇલ જૅમીસનના બૉલમાં બૅટને વર્ટિકલ પૉઝિશનમાં રાખીને બૉલને એક્સ્ટ્રા કવર તરફ મોકલવા ગયો ત્યારે કૅપ્ટન માઇકલ બ્રેસવેલના હાથમાં કૅચઆઉટ થયો હતો. કૈફ કહે છે, 'કોહલી ૯૩ રન પર આઉટ થઈને જે રીતે માથું ધુણાવતો પાછો આવ્યો એના પરથી ખ્યાલ આવી જાય છે કે તે પોતાની ભૂલ પર પસ્તાવો કરી રહ્યો હતો.'

### હવે કોહલી નંબર-વન, રોહિત ત્રીજે

હમણાં સુધી રોહિત શર્મા વન-ડે ક્રિકેટના રૅન્કિંગમાં નંબર-વન હતો અને કોહલી બીજા નંબરે હતો, પણ બુધવારે જાહેર કરવામાં આવેલા નવા આઇસીસી રૅન્કિંગ મુજબ કોહલીએ રોહિત પાસેથી મોખરાનું સ્થાન આંચકી લીધું છે.

હવે કોહલી (જુલાઈ ૨૦૨૧ બાદ) સાડાચાર વર્ષે ફરી નંબર-વન બન્યો છે અને ન્યૂ ઝીલૅન્ડનો ડેરિલ મિચલ નંબર-ટૂ અને રોહિત નંબર-થ્રી છે.

રોહિત અને કોહલી, બન્ને દિગ્ગજ ખેલાડી ટેસ્ટ અને ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્ત થઈ ગયા છે.■




**રાજકોટવાસીઓ રોહિત-વિરાટની નિવૃત્તિ માટે તૈયાર નથી જ:** રાજકોટમાં ગઈ કાલે રોહિત અને વિરાટ ભલે મોટી ઈનિંગ્સ ન રમી શક્યા, પરંતુ રો-કો તરીકે ઓળખાતા બન્ને દિગ્ગજ પ્રત્યે રાજકોટવાસીઓને ખૂબ પ્રેમ છે અને એની ઝલક આ બૅનરમાં જોવા મળી. (પીટીઆઇ)

## ભારત સામે કંઇ ઊપજતું ન હોય તો આઇસીસીનું કશું મહત્ત્વ નથી : અજમલ

કરાચી: પાકિસ્તાનના ભૂતપૂર્વ ઑફ સ્પિનર સઈદ અજમલે કહ્યું હતું કે જો આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી) પોતાની કામગીરીમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) ના વર્તમાન ''પ્રભુત્વ'' નો સામનો કરવામાં નિષ્ફળ રહે છે તો તેના અસ્તિત્વનો કોઈ અર્થ છે. અજમલે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે, ''જો આઈસીસી વિશ્વ ક્રિકેટના એકંદર હિતમાં ન્યાયી અને સૈદ્ધાંતિક નિર્ણયો લઈ શકતી નથી, તો તેણે કામગીરી બંધ કરી દેવી જોઈએ.'' તેણે કહ્યું હતું કે, ''જો આઈસીસી ભારતીય બૉર્ડ પર તેના નિર્ણયો લાગુ કરી શકતી નથી, તો તેના અસ્તિત્વનો કોઈ અર્થ નથી.''

અજમલે દાવો કર્યો હતો કે મોટાભાગના ટેસ્ટ રમતા દેશો આ ભાવના સાથે સંમત છે, પરંતુ તેઓ જાહેરમાં પોતાનું વલણ સ્પષ્ટ કરી શકશે નહીં. તેમણે કહ્યું હતું કે ભારતનો પાકિસ્તાનમાં રમવાનો ઇનકાર વૈશ્વિક સ્પર્ધાઓમાં પણ આઈસીસીની ''લાચારી'' નું મુખ્ય ઉદાહરણ છે. અજમલે કહ્યું હતું કે, ''ભારત પાસે પાકિસ્તાનમાં ન રમવાનું કોઈ તાર્કિક કારણ નથી, પરંતુ આઈસીસી લાચાર છે કારણ કે તેમાં હવે ભારતીયોનું પ્રભુત્વ છે.'' ■

## વિરાટ કોહલી પર લગામ તાણવાનું મુશ્કેલ: જેમિસન

વડોદરા: ન્યૂઝીલેન્ડના ઓલરાઉન્ડર કાઈલ જેમિસને ભારતીય બેટ્સમેન વિરાટ કોહલીની બેટિંગની પ્રશંસા કરી હતી. તે ભારતીય બેટ્સમેનની બેટિંગની પ્રતિભાને જોઈને દંગ રહી ગયો હતો. તેણે કહ્યું હતું કે આ દિગ્ગજ ખેલાડી પર અંકુશ લગાવવો એ કોઈપણ બોલર માટે મુશ્કેલ કાર્ય છે.

કોહલીએ રવિવારે ન્યૂ ઝીલેન્ડ સામેની પ્રથમ વન-ડે મેચમાં ૯૩ રન કર્યા હતા. તેણે જેમિસને આઉટ કર્યો હતો. ભારતે મેચ ચાર વિકેટથી જીતી લીધી હતી. આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુમાં કોહલી સાથે ડ્રેસિંગ રૂમ શેર કરનારા જેમિસને કહ્યું હતું કે ભારતીય બેટ્સમેન હાલમાં તેના શ્રેષ્ઠ ફોર્મમાં છે કે નહીં તે નક્કી કરવું મુશ્કેલ છે.

મેચ બાદ પત્રકારોને જેમિસને કહ્યું હતું કે ''આ તેનું શ્રેષ્ઠ પ્રદર્શન છે કે નહીં તે કહેવું મુશ્કેલ છે. તે લાંબા સમયથી ખૂબ જ સારું પ્રદર્શન કરી રહ્યો છે. ■

# રાહુલે સેન્ચુરી ફટકાર્યા પછી કેમ સીટી વગાડી? કારણ જાણી લો...

રાજકોટ: વિકેટકીપર-બૅટ્સમૅન કે. એલ. રાહુલ (૧૧૨ અણનમ, ૯૨ બૉલ, ૧૨૧ મિનિટ, એક સિક્સર, અગિયાર ફોર)ની સૌથી મોટી ખાસિયત એ છે કે ટીમ ઇન્ડિયા જ્યારે પણ મુસીબતમાં હોય, વિરાટ-રોહિત જેવા દિગ્ગજો નિષ્ફળ ગયા હોય અને ભારતે મોટી કસોટી આપવાની હોય ત્યારે તે ટીમને ઉગારી જતો હોય છે અને બુધવારે રાજકોટમાં તે ન્યૂ ઝીલૅન્ડ સામે એવી જ ઇનિંગ્સ રમ્યો હતો અને આઠમી વન-ડે સેન્ચુરી પૂરી કર્યા બાદ તેણે આનંદિત મૂડમાં સીટી વગાડી હતી.

ભારતે જ્યારે ૧૧૨ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી, રોહિત તેમ જ ગિલ, કોહલી અને શ્રેયસ આઉટ થઈ ગયા હતા ત્યારે રાહુલ ક્રીઝમાં અડીખમ રહ્યો હતો અને જેવી સેન્ચુરી પૂરી થઈ કે તેણે ઉત્સાહિત થઈને જે જશન મનાવ્યું એ સોશ્યલ મીડિયામાં વાઇરલ થઈ ગયું.

### છગ્ગા સાથે પૂરી કરી આઠમી સેન્ચુરી

રાહુલે છગ્ગો ફટકારીને સેન્ચુરી પૂરી કરી હતી. તેણે ત્યાર બાદ હેલ્મેટ ઉતારી હતી, બૅટ ઊંચુ કર્યું હતું અને સીટી વગાડી હતી. અગાઉ તેણે આ રીતે સીટી વગાડીને ક્યારેય સેલિબ્રેશન નહોતું કર્યું.

સવાલ એ છે કે આ વખતે તેણે શા માટે આવું કર્યું. વાસ્તવમાં રાહુલે તેની પુત્રી માટે આ સીટી વગાડી હતી. બેંગલૂરુમાં જન્મેલા અને મેંગલોરમાં ઉછરેલા રાહુલે જાન્યુઆરી ૨૦૨૩માં અભિનેતા સુનીલ શેટ્ટીની ઍક્ટ્રેસ-પુત્રી આથિયા સાથે લગ્ન કર્યા હતા. આથિયાએ ૨૦૨૫ની ૨૪મી માર્ચે બાળકીને જન્મ આપ્યો હતો.

રાહુલનો જન્મ બેંગલૂરુમાં થયો હતો. તે ૩૩ વર્ષનો છે. મુંબઈમાં જન્મેલી આથિયા પણ ૩૩ વર્ષની છે.



### રાજકોટમાં વન-ડે સદી ફટકારનાર પ્રથમ ભારતીય

રાહુલ રાજકોટમાં વન-ડેમાં સદી ફટકારનારો પહેલો જ ભારતીય ખેલાડી છે. રોહિત શર્મા કે વિરાટ કોહલી જેવા દિગ્ગજો પણ આ ગ્રાઉન્ડ પર ક્યારેય વન-ડેમાં સદી નહોતા ફટકારી શક્યા. તે વન-ડેના બૅટ્સમેનોના રૅન્કિંગમાં પાંચમા નંબરે છે. ■

## હરમનપ્રીત ડબ્લ્યૂપીએલમાં ૧,૦૦૦ રન પૂરા કરનારી ભારતની પહેલી ખેલાડી

નવી મુંબઈ: હરમનપ્રીત કૌરે ભારતને મહિલા વન-ડેમાં પ્રથમ વર્લ્ડ કપ ટ્રોફી અપાવનાર કૅપ્ટન તરીકે તો અપ્રતિમ ખ્યાતિ મેળવી જ છે, વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં મુંબઈ ઇન્ડિયન્સને ત્રણમાંથી બે ટ્રોફી અપાવનાર સુકાની સાથે તેણે આ વખતની આ ભારતીય ટી-૨૦ લીગમાં પ્રવેશ કર્યો છે અને હવે તેણે વધુ એક અસાધારણ સિદ્ધિ હાંસલ કરી છે.

ડબ્લ્યૂપીએલમાં ૧૦ હાફ સેન્ચુરી ફટકારનાર પ્રથમ ખેલાડી બનનાર મુંબઈ ઇન્ડિયન્સની હરમનપ્રીતે મંગળવારે અહીં મંગળવારે ડી. વાય. પાટીલ સ્ટેડિયમની મૅચ દરમ્યાન ડબ્લ્યૂપીએલમાં ૧,૦૦૦ રન પૂરા કરનારી પ્રથમ ભારતીય પ્લેયર બની હતી. ઇંગ્લૅન્ડની નૅટ સિવર-બ્રન્ટે તેની અગાઉ આ સિદ્ધિ મેળવી હતી. યોગાનુયોગ નૅટ સિવર-બ્રન્ટ તેની જ ટીમની ખેલાડી છે.

### મુંબઈને ગુજરાત સામે જિતાડ્યું

મુંબઈ ઇન્ડિયન્સે હરમનપ્રીતને વર્તમાન ટૂર્નામેન્ટ પહેલાં ૨.૫૦ કરોડ રૂપિયામાં રીટેન કરી હતી. તેને મંગળવારે ૧,૦૦૦ રન પૂરા કરવા પંચાવન રનની જરૂર હતી, જ્યારે તેણે ગુજરાત જાયન્ટ્સ સામેની એ મૅચમાં અણનમ અને મૅચ-વિનિંગ ૭૧ રન કર્યા હતા. તેણે એ ૭૧ રન ૪૩ બૉલમાં બે સિક્સર અને સાત ફોરની મદદથી કર્યા હતા.

એશ્લેઇ ગાર્ડનરના નેતૃત્વમાં ગુજરાતે પાંચ વિકેટે ૧૯૨ રન કર્યા બાદ મુંબઈએ ૧૯.૨ ઓવરમાં ત્રણ વિકેટે ૧૯૩ રન બનાવીને આ ટૂર્નામેન્ટમાં બીજી જીત મેળવી હતી. હરમનપ્રીતને પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

**ડબ્લ્યૂપીએલમાં કોના સૌથી વધુ રન?**

(૧) નૅટ સિવર-બ્રન્ટ (મુંબઈ): ૩૧ મૅચમાં ૧,૧૦૧ રન

(૨) હરમનપ્રીત કૌર (મુંબઈ): ૩૦ મૅચમાં ૧,૦૧૬ રન

(૩) મેગ લેનિંગ (દિલ્હી, યુપી): ૨૯ મૅચમાં ૯૯૬ રન

(૪) એલીસ પેરી (બેંગલૂરુ): ૨૫ મૅચમાં ૯૭૨ રન

(૫) શેફાલી વર્મા (દિલ્હી): ૨૯ મૅચમાં ૮૮૭ રન ■




**મુંબઈ મૅરથનના રોમાંચક રુટ-મૅપની જાહેરાત:** દક્ષિણ મુંબઈમાં રવિવાર, ૧૮મી જાન્યુઆરીએ સવારે યોજાનારી ટાટા મુંબઈ મૅરથન (ટીએમએમ) માટેના રુટ-મૅપની ગઈ કાલે જાહેરાત સમયે પ્રોકૅમના મંદાર પંડ્યા, એમએમઆરસીએલના તેજસ મિશ્રા, રેસ ડિરેક્ટર હ્યુ જોન્સ, બીસીડીએએના વાઇસ પ્રેસિડન્ટ હોમિયાર મિસ્ત્રી, રાહુલ પંડિત, ડૉ. આશિષ કૉન્ટ્રૅક્ટર, પ્રોકેમના વિવેક સિંહ, ડીજીએમ પીઆર વૈદેહી ખડસે.

# બીજા દિવસે પણ પીછેહઠ ચાલુઃ સેન્સેક્સમાં ૨૪૫ પોઈન્ટનો ઘટાડો, નિફ્ટી ૨૫,૭૦૦ની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ આંતરરાષ્ટ્રીય સ્તરે ભૌગોલિક રાજકીય તણાવમાં વધારો થવાને કારણે આઇટી, કન્ઝમ્પશન અને પસંદગીના બેંકિંગ બ્લુ-ચિપ શેરોમાં વેચવાલીનું દબાણ વધી જતાં સત્ર દરમિયાન પોઝિટિવ અને નેગેટિવ ઝોનમાં અથડાતાં રહીને અંતે ઇક્વિટી બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં બુધવારે સતત બીજા દિવસે પીઠેહઠ જારી રહી હતી.

સેન્સેક્સમાં ૨૪૫ પોઈન્ટનો ઘટાડો થયો છે અને નિફ્ટી ફરીથી ૨૫,૭૦૦ની નીચે સરકી ગયો છે. ટીસીએસ અને મારુતિ સુઝુકી જેવા શેરોમાં બે ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. પાછલા આઠમાંથી સાત સત્રમાં બેન્ચમાર્કે ખાધેલી પછડાટ બજારના નાજૂક માનસનું ચિત્ર સ્પષ્ટ કરે છે. વ્યાપક બજારમાં મિડકેપ અને સ્મોલ કેપ શેરોમાં લેવાલીનો ટેકો જળવાઇ રહ્યો હોવાથી બંને ઇન્ડેક્સ પોઝિટિવ ઝોનમાં સ્થિર થયા હતા.

ત્રીસ શેરો ધરાવતો બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૨૪૪.૯૮ પોઈન્ટ અથવા ૦.૨૯ ટકા ઘટીને ૮૩,૩૮૨.૭૧ પોઈન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૪૪૨.૪૯ પોઈન્ટ અથવા ૦.૫૨ ટકા ઘટીને ૮૩,૧૮૫.૨૦ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે પચાસ શેરો ધરાવતો એનએસઇ નિફ્ટી ૬૬.૭૦ પોઈન્ટ અથવા ૦.૨૬ ટકા ઘટીને ૨૫,૬૬૫.૬૦ પોઈન્ટની સપાટી પર બંધ થયો હતો.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલી અને ટેરિફ-સંબંધિત નવી અનિશ્ચતતાએ પણ રોકાણકારોનું માનસ ડહોળ્યું હતું. અમેરિકાએ ઇરાન સાથે વેપાર કરનારા દેશો પર વધુ ૨૫ ટકા ટેરિફ લાદવાની ચીમકી ઉચ્ચારી છે, એ જોતાં ભારત પરની કુલ ટેરિફ ૭૫ ટકા જેવી થાય છે. આ ટેરિફનો વધારો ભારતની નિકાસને ફટકો મારશે એવી ભીતિએ સેન્ટિમેન્ટ ખરડાયું હતું અને આઇટી શેરોમાં વેચવાલી વધી હતી. દરમિયાન ટીસીએસ અને એચસીએલ ટેકના પરિણામો નિરાશાજનક રહ્યાં હોવાથી પણ આઇટી સેકટરમાં વેચવાલીને વેગ મળ્યો હતો.

સેન્સેકસની કંપનીઓમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, એશિયન પેઇન્ટ્સ, મારુતિ, સન ફાર્મા, હિન્દુસ્તાન યુનિલિવર, આઇસીઆઇસીઆઇ બેંક, કોટક મહિન્દ્રા બેંક, ટેક મહિન્દ્રા, એચડીએફસી બેંક અને લાર્સન એન્ડ ટુબ્રો સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા, જ્યારે બીજી બાજુ, ટાટા સ્ટીલ, એનટીપીસી, એક્સિસ બેંક અને અલ્ટ્રાટેક સિમેન્ટ ટોપ ગેઇનરમાં સામેલ હતા.

લોજિસ્ટિક સર્વિસ પ્રોવાઇડર શેડોફેક્સનો આઇપીઓ ૨૦ જાન્યુઆરીએ ખુલશે, પ્રાઇસ બેન્ડ રૂ. ૧૧૮ટી રૂ. ૧૨૪ પ્રતિ શેર છે. આ આઇપીઓમાં રૂ. ૧,૦૦૦ કરોડના નવા શેરનો ઇશ્યૂ અને હાલના શેરધારકો દ્વારા રૂ. ૯૦૭.૨૭ કરોડનો ઓફર ફોર સેલ રહેશે. આનાથી કુલ ઇશ્યૂનું કદ રૂ. ૧,૯૦૭.૨૭ કરોડ થશે. સબ્સ્ક્રિપ્શન ૨૪ જાન્યુઆરીએ બંધ થશે. લોજિસ્ટિક્સ સર્વિસ ફર્મની જાહેર જાહેરાત અનુસાર, એન્કર રોકાણકારો માટે બિડ ૧૯ જાન્યુઆરીએ ખૂલશે.

સ્ટોક બ્રોકિંગ પ્લેટફોર્મ ગ્રોની પેરેન્ટ કંપની બિલિયનબ્રેઇન્સ ગેરેજ વેન્ચર્સે બીજા ક્વાર્ટર્સમાં ૨૮ ટકાના ઘટાડા સાથે રૂ. ૫૪૭ કરોડનો નફો નોંધાવ્યો છે. કુલ આવકમાં ૨૬ ટકાનો વધારો થયો હતો. એક્ઝિક્યુટિવ સેન્ટર ઇન્ડિયાને રૂ. ૨,૬૦૦ કરોડના આઇપીઓ માટે સેબીની મંજૂરી મળી ગઇ છે.

નિફ્ટીમાં ટાટા સ્ટીલ, એનટીપીસી, ઓએનજીસી, એક્સિસ બેંક, હિન્ડાલ્કો ઇન્ડસ્ટ્રીઝ મુખ્ય વધનારા શેરોમાં સામેલ હતા, જ્યારે ટાટા કન્ઝ્યુમર, ટીસીએસ, એશિયન પેઇન્ટ્સ, મારુતિ સુઝુકી, એચયુએલ ટોપ લુઝર શેરોની યાદીમાં સામેલ હતા. ક્ષેત્રીય મોરચે, મેટલ, પીએસયુ બેંક, પાવર, ઓઇલ અને ગેસ ઇન્ડેક્સ અડધાથી બે ટકા સુધી વધ્યા છે, જ્યારે ઓટો, આઇટી, રિયલ્ટી ઇન્ડેક્સમાં અડધાથી એક ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે. બુધવારે, આઇટી સેવાઓ ક્ષેત્રની અગ્રણી કંપની ઇન્ફોસિસે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં સંયુક્ત ચોખ્ખા નફામાં ૨.૨ ટકાનો ઘટાડો નોંધાવ્યો હતો અને તે ૬,૬૫૪ કરોડ રૂપિયા નોંધાયો હતો. બેંગલુરુમાં મુખ્ય મથક ધરાવતી આ કંપનીએ ગયા વર્ષના સમાન સમયગાળામાં




૬,૮૦૬ કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. ઇન્ફોસિસની કામગીરીમાંથી આવક ૮.૮૯ ટકા વધીને ૪૫,૪૭૯ કરોડ રૂપિયા થઈ હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ત્રીજા ક્વાર્ટરમાં ૪૧,૭૬૪ કરોડ રૂપિયા હતી. બજારની હલચલમાં, ૭.૯૮ લાખ શેર (૦.૫૩ ટકા ઇક્વિટી)ના હસ્તાંતરણ પછી પોલિકેબ ઇન્ડિયાના શેરના ભાવમાં ત્રણ ટકા ઘટાડો થયો, ત્રીજા ક્વાર્ટરના નફામાં ૪૫ ટકા ઘટાડો થતાં ટાટા એલેક્સીના શેરના ભાવમાં ટાર ટકાનો ઘટાડો થયો હતો. સી. ઇ. ઇન્ફો સિસ્ટમ્સ, પોલી મેડિક્યુર, ટ્યુબ ઇન્વેસ્ટમેન્ટ, કોહાન્સ લાઇફ, ગોદરેજ પ્રોપર્ટીઝ, વ્હર્લપૂલ ઓફ ઇન્ડિયા, ડિક્સન ટેક્નોલોજીસ, બાટા ઇન્ડિયા, આઇઆરસીટીસી, હેપીએસ્ટ માઇન્ડ્સ, આઇટીસી, બ્રેઇનબીઝ સોલ્યુશન્સ, બીએએસએફ, મહારાષ્ટ્ર સીમલેસ સહિત ૧૫૦થી વધુ શેર બાવન અઠવાડિયાના નીચલા સ્તરે પહોંચ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં ટાટા સ્ટીલ ૩.૭૦ ટકા, એનટીપીસી ૩.૨૧ ટકા, એક્સિસ બેન્ક ૨.૯૮ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૬૫ ટકા, ઈટર્નલ ૧.૬૦ ટકા, બીઈએલ ૧.૧૧ ટકા, રિલાયન્સ ૦.૪૮ ટકા, ટ્રેન્ટ ૦.૨૭ ટકા અને એચસીએલ ટેકનોલોજી ૦.૨૨ ટકા વધ્યા હતા, જ્યારે એશિયન પેઈન્ટ ૨.૩૯ ટકા, તાતા કન્સલ્ટન્સી ૨.૩૦ ટકા, મારુતિ ૧.૭૭ ટકા, સન ફાર્મા ૧.૬૯ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૫૩ ટકા, કોટક બેન્ક ૧.૩૮ ટકા, ટેક મહિન્દ્ર ૧.૩૦ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૨૮ ટકા અને એચડીએફસી બેન્ક ૧.૨૦ ટકા ઘટ્યા હતા. દરમિયાન, ભારતીય શેરબજાર પણ ૧૫ જાન્યુઆરીએ મ્યુનિસિપલ ચૂંટણીઓ માટે બંધ રહેવાનું છે. મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓને કારણે આજે ગુરુવાર, ૧૫ જાન્યુઆરીએ ભારતીય શેરબજાર ટ્રેડિંગ માટે બંધ રહેશે. બીએસઇ અને એનએસઇ બંનેએ સુધારેલા પરિપત્રો જારી કરીને પુષ્ટિ આપી છે કે ગુરુવારે વિવિધ સેગમેન્ટમાં કોઈ ટ્રેડિંગ થશે નહીં. એક પરિપત્રમાં, બીએસઇએ જણાવ્યું હતું કે ઇક્વિટી સેગમેન્ટ, ઇક્વિટી ડેરિવેટિવ્ઝ, કોમોડિટી ડેરિવેટિવ્ઝ અને ઇલેક્ટ્રોનિક ગોલ્ડ રિસિપ્ટ્સમાં ટ્રેડિંગ ૧૫ જાન્યુઆરીના રોજ બંધ રહેશે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૧,૪૯૯.૮૧ કરોડના ઇક્વિટી વેચ્યા હતા, અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૧,૧૮૧.૭૮ કરોડના શેર ખરીદ્યા હતા, એમ એક્સચેન્જ ડેટા દર્શાવે છે. જાન્યુઆરીમાં એફઆઇઆઇએ અત્યાર સુધીમાં રૂ. ૧૬,૬૦૦ કરોડના શેર વેચ્યા છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ઊંચો સ્થિર થયો હતો, જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નીચો બંધ થયો હતો. યુરોપના બજારો ઊંચા ભાવે ક્વોટ થઈ રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૯૯ ટકા ઘટીને ૬૪.૮૨ ડોલર પર બંધ થયો. મંગળવારે, સેન્સેક્સ ૨૫૦.૪૮ પોઈન્ટ અથવા ૦.૩૦ ટકા ઘટીને ૮૩,૬૨૭.૬૯ પર બંધ થયો. નિફ્ટી ૫૭.૯૫ પોઈન્ટ અથવા ૦.૨૨ ટકા ઘટીને ૨૫,૭૩૨.૩૦ પર બંધ થયો.

ભારે અફડાતફડી છતાં મંગળવારના સત્રમાં રોકાણકારોને સરખામણીએ વધુ નોંધપાત્ર નુકસાની થઇ નથી, માર્કેટ કેપમાં ઉલ્ટાનો વધારો જોવા મળ્યો હતો. સેક્ટરલમાં સેક્ટરલમાં મેટલ અને પીએસયુ સૌથી અધિક વધ્યા હતા. જ્યારે, ફોકસ્ડ આઈટી, રિયલ્ટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સૌથી અધિક ઘટ્યા હતા અને માર્કેટ કેપમાં રૂ. ૩૯૦૦૦ કરોડની વૃદ્ધિ જોવા મળી હતી. સેન્સેક્સની ૧૨ સ્ક્રિપ્સ વધી હતી જ્યારે ૧૮ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૧૬ ટકા ઘટ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૨૫ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૧૦ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૦૪ ટકા ઘટ્યો હતો. બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૮૩,૮૭૮.૧૭ના બંધથી ૨૪૪.૯૮ પોઈન્ટ્સ (૦.૨૯ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૩,૩૫૮.૫૪ ખૂલી ઊંચામાં ૮૩,૮૦૯.૯૮ અને નીચામાં ૮૩,૧૮૫.૨૦ સુધી જઈને છેવટે ૮૩,૩૮૨.૭૧ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૬૭.૭૯ લાખ કરોડથી રૂ.૦.૩૯ લાખ કરોડ વધીને રૂ.૪૬૮.૧૮ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડેક્સમાં બીએસઈ મેટલ ૨.૬૭ ટકા, પીએસયુ બેન્ક્સ ૨.૪૩ ટકા, કોમોડિટીઝ ૧.૫૯ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૭૬ ટકા, પાવર ૦.૬૭ ટકા, યુટિલિટિઝી ૦.૬૬ ટકા, એનર્જી ૦.૬૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૫૯ ટકા અને બેન્કેક્સ ૦.૪૩ ટકા વધ્યા હતા, જ્યારે ફોકસ્ડ આઈટી ૧.૩ ટકા, રિયલ્ટી ૦.૯૮ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૯૬ ટકા ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૯૬ ટકા, ઓટો ૦.૬૨ ટકા, એફએમસીજી ૦.૫૩ ટકા અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૪૨ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૪૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૦૧૭ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૧૫૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૭૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૮૮ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૨૨ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૨ સ્ટોક્સને ઉપલી જ્યારે ૧૧ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૬૬.૮૦ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૮૧૧ સોદામાં ૨,૧૮૬ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈકિવટી ફ્યુચર્સ મળીને કુલ ૫૧,૧૨,૭૦૯ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૯,૧૦,૨૬,૨૮૬.૫૭ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા નબળો પડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે સંભવીતપણે રિઝર્વ બૅન્કનો હસ્તક્ષેપ રહેતાં સત્ર દરમિયાન એક તક્કે ડૉલર સામે રૂપિયો ૨૯ પૈસા મજબૂત થયો હતો, પરંતુ ત્યાર બાદ વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં ઊંચી સપાટીએથી જોવા મળેલી સાધારણ નરમાઈ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જળવાતી પીછેહઠ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોના બાહ્યપ્રવાહનું વલણ જળવાઈ રહ્યું હોવાથી આજે સત્રના અંતે ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે વધુ ૧૧ પૈસા નબળો પડીને ૯૦.૩૪ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૨૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૦.૨૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામા ૯૦.૩૨ અને ઉપરમાં ૮૯.૯૪ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૧ પૈસાના ઘટાડા સાથે ૯૦.૩૪ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે આજે સત્રના આરંભમાં રિઝર્વ બૅન્કના સંભવીત હસ્તક્ષેપ સાથે થોડો સુધારો જોવા મળ્યો હતો, પરંતુ ત્યાર બાદ ડૉલર ઈન્ડેક્સમાં સુધારો, ઈક્વિટી માર્કેટમાં પીછેહઠ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીના નિર્દેશો સાથે રૂપિયામાં સુધારો ધોવાઈ ગયો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે વૈશ્વિક બજારોની સ્થિતિ તેમ જ ભૂરાજકીય તણાવોને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેતાં ૮૯.૯૫થી ૯૦.૫૦ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના વધ્યા મથાળાના બંધ સામે સાધારણ ૦.૦૨ ટકા ઘટીને ૯૯.૧૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૪૪.૯૮ પૉઈન્ટનો અને ૬૬.૭૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૪૯૯.૮૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૦૪ ટકા ઘટીને બેરલદીઠ ૬૪.૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી અને રિઝર્વ બૅન્કના સંભવીત હસ્તક્ષેપને કારણે રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હતો.

### ભૂરાજકીય તણાવ વધતાં વૈશ્વિક ચાંદી ૯૦ ડૉલરની પાર

# સ્થાનિક ચાંદીમાં ₹ ૧૪,૪૮૦ની આગઝરતી તેજી, સોનામાં ₹ ૧૭૩૧ની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ, વધી રહેલી રાજકોષીય અનિશ્ચિતતાઓ અને અમેરિકી ફેડરલ રિઝર્વની સ્વાયત્તતા જેવાં પરિબળોને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સોના અને ચાંદીમાં સલામતી માટેની માગ પ્રબળ રહેતાં ભાવ વિક્રમ સપાટીએ પહોંચ્યાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે ખાસ કરીને ચાંદીમાં કિલોદીઠ રૂ. ૧૪,૪૮૦ની આગઝરતી તેજી આવી હતી અને ભાવ રૂ. ૨.૭૭ લાખની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૨૪થી ૧૭૩૧ની આગેકૂચ જળવાઈ રહી હતી. આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ચાંદીમાં ઝડપી તેજીનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૪,૪૮૦ ઉછળીને રૂ. ૨,૭૭,૫૧૨ના મથાળે પહોંચ્યા હતા. જોકે, તેજીના આ તોફાનમાં માત્ર ઔદ્યોગિક વપરાશકારોની જ ખપપૂરતી માગ જોવા મળી હતી. આ સિવાય જ્વેલરી ઉત્પાદકો અને સ્ટોકિસ્ટોની માગ નિરસ રહી હતી. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ તેજીની આગેકૂચ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૨૪



વધીને રૂ. ૧,૪૧,૪૪૬ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૭૩૧ વધીને રૂ. ૧,૪૨,૦૧૫ના મથાળે રહ્યા હતા. તેમ જ ચાંદીની જેમ સોનામાં પણ ઊંચી સપાટીએથી સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહી હતી. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૪૬૨૭.૭૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, ગઈકાલે એક તબક્કે ઔંસદીઠ ૪૬૩૯.૪૩ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા હતા. તેમ જ આજે સોનાના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૪૬૩૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૯૧.૫૩ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ચાર ટકા વધીને ૯૦.૪૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવૅલ સામે ફોજદારી કાર્યવાહી કરવાની ડૉનલ્ડ ટ્રમ્પે ધમકી આપી હોવાથી ફેડરલ રિઝર્વની સ્વાયત્તતા સામે પ્રશ્નાર્થ ઊભો થયો છે. જોકે, વિશ્વના ઘણાં દેશોએ જૅરોમ પૉવૅલને ટેકો આપવાની જાહેરાત કરી હોવાથી બન્ને પક્ષે ગજગ્રાહ વધવાની ભીતિ તેમ જ વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ અને વધી રહેલી રાજકોષીય અનિશ્ચિતતાઓને કારણે આજે સોના અને ચાંદીને સલામતી માટેની માગનો મજબૂત ટેકો મળ્યો હોવાનું નેમો મનીનાં વિશ્લેષક જેમી દત્તાએ જણાવ્યું હતું.

વધુમાં ઈરાન ખાતે વધી રહેલા દેખાવોને કારણે ભૂરાજકીય તણાવમાં વધારો થયો હોવાથી સલામતી માટેની માગને ઈંધણ મળ્યું છે. આ સિવાય ગત ડિસેમ્બર મહિનામાં અમેરિકા ખાતે ફુગાવો વર્ષાનુવર્ષ ધોરણે ૦.૨ ટકા વધીને ૨.૬ ટકાની સપાટીએ રહ્યો હોવાના નિર્દેશ સાથે ટ્રમ્પે પુનઃ ફેડરલ રિઝર્વને વ્યાજદરમાં નોંધપાત્ર કાપ મૂકવા માટેની હાકલ કરી હોવાનું દત્તાએ જણાવતાં ઉમેર્યું હતું કે વર્તમાન પરિબળોને ધ્યાનમાં લેતા લાંબાગાળે સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૫૦૦૦ ડૉલર અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૧૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા વ્યક્ત કરી હતી.

# ટીનમાં ₹ ૩૬૮નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં કોપર અને ટીનમાં પુરવઠાસ્થિતિ તંગ રહેતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે ખાસ કરીને ટીનના ભાવમાં ૫.૨ ટકાનો ઉછાળો આવ્યાના નિર્દેશો અને કોપરના ભાવ ટનદીઠ ૧૩,૦૦૦ ડૉલરની ઉપર ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ટીન અને કોપર સહિતની અન્ય ધાતુઓમાં પણ સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૬૮નો તોતિંગ ઉછાળો આવ્યો હતો. આ સિવાય એકમાત્ર નિકલમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. છના ઘટાડાને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં કિલોદીઠ રૂ. ત્રણથી ૧૩ સુધીની તેજી આગળ ધપી હતી. આજે શાંઘાઈ ફ્યુચર એક્સચેન્જ ખાતે ટીનમાં ચાઈનીઝ રોકાણકારોની વ્યાપક લેવાલી નીકળતાં ભાવ નવ ટકા વધીને ટનદીઠ ૪,૧૩,૧૭૦ યુઆન (૫૯,૨૧૨ ડૉલર) ક્વૉટ થઈ રહ્યા હોવાથી લંડન ખાતે સત્રના આરંભે ટીનના ભાવ ગઈકાલના બંધ સામે ૫.૨ ટકા વધીને ૫૨,૦૮૫ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા. તેમ જ કોપરના ભાવ પણ ટનદીઠ ૧૩,૦૦૦ ડૉલરની ઉપર ક્વૉટ થઈ રહ્યા હતા અને અન્ય ધાતુઓમાં પણ સુધારો જોવા મળ્યો હતો.

દરમિયાન આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૩૬૮ના ઉછાળા સાથે રૂ. ૪૮૦૬ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર વાયરબારમાં પણ સ્ટોકિસ્ટોની માગ વધુ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૧૨૮૯ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ટીનની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગને ટેકે જે ધાતુઓના ભાવમાં તેજી આગળ ધપી હતી તેમાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૧૨૧૧, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૧૨૦૦ અને રૂ. ૧૧૮૫, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૧૦૯૬, બ્રાસ શીટ કટિંગ્સ. બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ.પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૨૦, રૂ. ૭૧૫ અને રૂ. ૩૨૫ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૨૩૦, રૂ. ૩૧૮ અને રૂ. ૧૯૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર નિકલમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. છના ઘટાડા સાથે રૂ. ૧૬૪૨ના મથાળે રહ્યા હતા.

# ખાંડમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૫૯૦થી ૩૬૪૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. આમ મથકો પરના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં હાજરમાં અને નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૨થી ૩૮૨૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૨થી ૩૯૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૯૦થી ૩૭૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૧૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



# શિકાગો પાછળ આયાતી તેલમાં આગળ ધપતો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૯૬ સેન્ટનો સુધારો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં અને મથકો પાછળ દેશી તેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચથી ૨૦નો સુધારો આગળ ધપ્યો હતો. જોકે, આજે માત્ર સિંગતેલમાં ટકેલું વલણ રહ્યું હતું. સ્થાનિક ટ્રેડરોના જણાવ્યાનુસાર આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૧ રિંગિટનો ઘટાડો આવ્યો હતો, પરંતુ હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા કામકાજો રહેતાં તેની બજાર પર કોઈ અસર નહોંતી જોવા મળી. આજે હાજરમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૨૦, કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સરસવમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૮૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦, પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૭૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૭ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૭ અને ગોકુલ એગ્રોના ફેબ્રુઆરી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા. આજે મકર સંક્રાંતને કારણે ગુજરાતની મંડીઓ બંધ રહી હતી. તેમ છતાં રાજકોટ મથકે સિંગતેલના તેલિયા ટીનના ભાવ ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૪૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦ ટકેલા ધોરણે ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૫૦,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૮૫૦થી ૫૧૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૨૦૦થી ૫૩૨૫માં થયાના અહેવાલ હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૦, સન રિફાઈન્ડના રૂ. ૧૫૮૦, સિંગતેલના રૂ. ૧૬૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ અને સરસવના રૂ. ૧૫૧૦ના મથાળે રહ્યા હતા.

# ઉત્તરાયણના દિવસે સૌરાષ્ટ્ર-કચ્છની ધરા ધ્રૂજી, ચાર સ્થળોએ હળવા આંચકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ફરી એકવાર ભૂસ્તરિય હલચલ તેજ બની છે. છેલ્લા ૩૦ કલાકમાં રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં ભૂકંપના કુલ ચાર હળવા આંચકા નોંધાતા લોકોમાં ફાળ પડી હતી. ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના કેટલાક પંથકોમાં ધરા ધ્રૂજી ઊઠી હતી. જોકે, રાહતની વાત એ છે કે તમામ આંચકાઓની તીવ્રતા ઓછી હતી, જેના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર પ્રાપ્ત થયા નથી. તહેવારના માહોલ વચ્ચે કુદરતી આફતના આ કંપને સ્થાનિકોમાં ચર્ચા જગાવી છે.

બુધવારે ૧૪મી જાન્યુઆરી, ઉત્તરાયણના પવિત્ર પર્વની વહેલી સવારે જ્યારે લોકો પતંગબાજીની તૈયારીમાં હતા, ત્યારે જ મોડી રાત્રે ૦૨:૨૩ વાગ્યે બે અલગ-અલગ જિલ્લાઓમાં આંચકા અનુભવાયા હતા. સૌરાષ્ટ્રના અમરેલીથી ૩૭ કિમી દૂર ૨.૫ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો, જેનું કેન્દ્રબિંદુ જમીનથી ૧૧ કિમી ઊંડે હતું. તેની સાથે જ દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના વાંસદા નજીક ૧.૬ની તીવ્રતાનો અતિ હળવો આંચકો અનુભવાયો હતો. રાજ્યના બે જિલ્લા એક સાથે ધ્રણધણી ઉઠતા સિસ્મોલોજી વિભાગ પણ સતર્ક બન્યું હતું.

મંગળવારના રોજ પણ રાજ્યના બે મહત્ત્વના વિસ્તારોમાં ભૂકંપની અસર જોવા મળી હતી. કચ્છના રણમાં આવેલા ઐતિહાસિક ધોળાવીરા પાસે વહેલી સવારે ૦૩:૦૫ વાગ્યે ૨.૭ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. આ ઉપરાંત, સૌરાષ્ટ્રના દરિયાકાંઠે પોરબંદરથી ૪૬ કિલોમીટર દૂર અરબી સમુદ્રમાં પણ સવારે ૦૯:૫૮ કલાકે ૨.૭ની તીવ્રતા સાથે ધરતી ધ્રૂજી હતી. આમ, રાજ્યના વિવિધ સિસ્મિક ઝોનમાં સતત હલચલ જોવા મળી રહી છે.

ગુજરાતના જુદા જુદા ભાગોમાં નોંધાયેલા આ આંચકા દર્શાવે છે કે રાજ્યના ફોલ્ટ લાઈન વાળા વિસ્તારોમાં હજુ પણ ભૂસ્તરિય દબાણ યથાવત્ છે. અમરેલી, વાંસદા, ધોળાવીરા અને પોરબંદર જેવા વિભિન્ન ભૌગોલિક સ્થળોએ આંચકા અનુભવાયા હોવા છતાં તેની તીવ્રતા ૨.૭ થી નીચે રહી હતી. નિષ્ણાતોના મતે, આ પ્રકારના નાના આંચકાઓથી ગભરાવાની જરૂર નથી, પરંતુ તે જમીનની નીચે થતા ઊર્જાના નિકાલની પ્રક્રિયાનો એક ભાગ હોઈ શકે છે.

# ઉત્તરાયણે અકસ્માતની બે ઘટનામાં બેનાં મોત, એકની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલીઃ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના માણેકવાડા રોડ પર જઈ રહેલા એક પરિવારને અકસ્માત નડતા ઉત્તરાયણનો તહેવાર માતમમાં ફરી ગયો હતો. જિલ્લાના બગસરાના માણેકવાડા રોડ પર ભલગામ તરફ જઈ રહેલી એક કાર પરથી ચાલકે નિયંત્રણ ગુમાવી દેતા કાર રોડ પરથી નીચે ઊતરી ગઈ હતી અને પલટી મારી ગઈ હતી. આ અકસ્માતે એક મહિલાનો જીવ લીધો હતો જ્યારે અન્ય લોકો બચી ગયા હતા. ચક્કરગઢ દેવળીયા ગામનો પરિવાર કાર લઈને ભલગામ તરફ જઈ રહ્યો હતો. કારનો કસ્માત થતા હેતલ જાદવ નામની મહિલાનું મોત થયું હતું. જોકે કારમાં એક બાળક હતું જેનો આબાદ બચાવ થયો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

મહિલાના મોતથી પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.

તો બીજી એક ઘટનામાં પાટડી - માંડલ તાલુકાના રખિયાણા ગામના ૨૨ વર્ષીય જતીન રસીકભાઈ ઠાકોરના લગ્ન એક વર્ષ પૂર્વે દસાડાના હરીપુરા ગામે કોમલ સાથે થયા હતા. ઉત્તરાયણ પર્વની ઉજવણી માટે આ દંપતી પોતાના સાસરિયામાં આવ્યું હતું. ત્યાંથી બાઈક પર સવાર થઈ તેઓ સચાણા ગામે જઈ રહ્યા હતા ત્યારે પૂરપાટ ઝડપે આવતા છકડો રિક્ષાચાલકે બાઈકને ટક્કર મારતા જતીનનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું અને પત્ની કોમલને ગંભીર ઈજા થતા પહેલા વીરમગામ અને પછી અમદાવાદ હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં.

પરિવારના અન્ય સભ્યો બીજા વાહનમાં આવતા હતા. યુવાન દીકરાનો નજર સામે જીવ જતો જોઈ પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. છકડોચાલક નાસી ગયો હતો. પોલીસે તેને શોધવા કાર્યવાહી હાથ ધરી હતી.

# સુરેન્દ્રનગરમાં સાવકી માતાએ મિલક્ત પચાવી પાડતા દીકરીએ કમિશનર સામે કરી રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગરમાં એક યુવતી પોલીસ કમિશનરની કચેરીમાં આવી હતી અને તેણે સાવકી માતા અને પોલીસ અધિકારી બન્ને વિરુદ્ધ ફરિયાદ કરી હતી. મળતી વિગતો અનુસાર યુવતીના પિતાએ બીજાં લગ્ન કર્યાં હતાં. થોડા સમય પહેલા પિતા મૃત્યુ પામ્યાં હતાં ત્યારે સાવકી માતાએ તમામ મિલકત હડપ કરી લીધી હતી અને દીકરીને કંઈ જ આપ્યું ન હતું.

યુવતીએ આ અંગે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી, પરંતુ છએક મહિના બાદ પણ કોઈ મદદ ન મળતા અંતે તે પોલીસ કમિશનર પાસે આવી હતી અને તેમની સામે રજૂઆત કરી હતી. અહીં તેની પાસેથી લેખિતમાં ફરિયાદ લેવામાં આવી હતી, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

# ગોંડલમાં પતંગ ચગાવવા જેવી નજીવી બાબતે યુવકના મોતથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એક તરફ પતંગની દોરીથી ચિરાઈ જતા કે પતંગ પકડવા જતા લોકોના મોત નિપજવાની ઘટના બહાર આવે છે તો બીજી બાજુ ગોંડલમાં પતંગ ચગાવવાની બાબતમાં ઝગડો થતાં બે જણના મોત થયાની ઘટના બહાર આવી હતી.

ગોંડલમાં સામા કાંઠા વિસ્તારમાં આવેલા ભગવતપરાના વણકરવાસમાં પતંગ ચગાવવા મામલે બે જૂથ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ બોલાચાલીએ જોતજોતાંમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા મારામારી થઈ ગઈ હતી અને અનીલ લુણેસિયા નામના એક ૪૦ વર્ષીય યુવકને છરી લાગી જતા તેને પહેલા ગોંડલ અને પછી રાજકોટ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેનું સારવાર પહેલા જ મોત નિપજ્યું હતું. અન્ય બેને ઈજા થતા તેમને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોલીસે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

બીજી બાજુ રાજકોટમાં પણ એક અજાણ્યા યુવકને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. હત્યારાઓ ફરાર થઈ ગયા હતા. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો હતો અને તેની ઓળખ મેળવવા તેમ જ હત્યારાઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# આદિપુરના સેવાકુંજ માર્ગ ઉપર ચુસ્ત પોલીસ બંધોબસ્ત વચ્ચે એક મસ્જિદ સહિત ૨૦ દબાણો હટાવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ઔદ્યોગિક પાટનગર ગાંધીધામ સંકુલમાં મહાનગર પાલિકા દ્વારા છેડવામાં આવેલી મેગા ડિમોલિશન ડ્રાઈવ ફરી આગળ વધી છે અને આદિપુર શહેરની ઘોડા ચોકીથી ઓમ મંદિર સુધીના વિસ્તારમાં એ મંદિર અને ચબૂતરો હટાવ્યા બાદ સેવાકુંજ માર્ગ પર એક મસ્જિદ, વાણિજ્ય સંકુલ સહિતના અતિક્રમણોને મધ્યરાત્રીના એક વાગ્યા બાદ ચૂસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મહાનગરપાલિકાના વહીવટી તંત્રે દૂર કરીને અંદાજિત પાંચ કરોડના મૂલ્યની ૨૦૦૦ ચોરસ મીટર જમીન દબાણ મુક્ત કરી હતી.

આ અંગે દબાણ હટાવ ઇન્સ્પેક્ટર ગાયત્રી પ્રસાદ જોશીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગાંધીધામ મનપાના મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરુવાણીનાં માર્ગદર્શન હેઠળ નાયબ મ્યુનિસિપલ કમિશનર સંજય રામાનુજ, મેહુલ દેસાઈ, મહાનગરપાલિકાના એન્જિનિયરિંગ ફાયર સહિતના વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન તથા ગાંધીધામ ડેવલપમેન્ટ ઓથોરિટી,પીજીવીસીએલ તથા આરોગ્ય વિભાગના સંકલન સાથે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ત્રણ હિટાચી, ચાર જેસીબી, બે બ્રેકર, બે ડમ્પર અને છ ટ્રેક્ટર સાથે મોડી રાતના એકાદ વાગ્યે વહીવટી તંત્ર દબાણ સ્થળ ઉપર પહોંચ્યું હતું અને ગેરકાયેદેસર ચણવામાં આવેલી મસ્જિદને હટાવવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ એક પછી એક કોમર્શિયલ દબાણોને હાડ થીજાવતી ઠંડી વચ્ચે દૂર કરાયાં હતાં.

મહાનગરપાલિકાના દ્વારા અગાઉ અહીં નોટિસ આપવામાં આવી હતી. જેના પગલે દબાણકારો દ્વારા સ્વેચ્છાએ દબાણ દૂર કરવાનું શરૂ કરાયું હતું. સમયમર્યાદા પૂર્ણ થતાં અતિક્રમણોને દૂર કરીને જમીન ખુલ્લી કરાવી હતી.

આદિપુરની ઘોડા ચોકીથી ઓમ મંદિર સુધી નવા માર્ગના નિર્માણ કાર્યમાં આ દબાણો નડતરરૂપ હતાં. તાજેતરમાં એક મંદિર સહિતનાં ધાર્મિક દબાણ હટાવ્યાં હતાં અને હવે અહીં મનપાની જમીન ઉપરથી મસ્જિદ સહિતનાં કોમર્શિયલ દબાણો દૂર કરવામાં આવ્યાં હોવાનું જોશીએ ઉમેર્યું હતું.




ભાવનગરના પાલીતાણા તાલુકાના હણોલ ખાતે આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાયો હતો જેમાં ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન કપિલ દેવ તથા રામાયણ સીરીયલના રામના પાત્રથી લોકપ્રિય બનેલા અભિનેતા અને સાંસદ અરુણ ગોવિલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બંને મહાનુભાવોએ પતંગબાજીની મજા માણી હતી... (તસ્વીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

# રોકાણકારો સાથે કરોડોની છેતરપિંડી કરનારા ભુજના નકલી તબીબ ઝૈનુલ અમીરઅલી કાંજાણીના જામીન નામંજૂર

ભુજઃ શહેરમાં મલ્ટિસ્પેશિયાલીટી હૉસ્પિટલ ખોલી, તેમાં રોકાણના બહાને શહેરના શિવાલિકા ગ્રૂપ સહિતના વિવિધ લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવાના, તબીબી જગતમાં ભારે ચકચારી બનેલા કેસના આરોપી એવા બોગસ એમ.ડી તબીબ એવા ઝૈનુલ અમીરઅલી કાંજાણીના નિયમિત જામીન અદાલતે ફરી એકવાર નામંજૂર કરીને તેને ઝટકો આપ્યો હતો. ભુજના શિવાલિકા ગ્રૂપવાળા વેપારી અંકિત અનુપગિરિ ગોસ્વામીએ સીઆઇડી ક્રાઇમ-ભુજમાં આરોપી ઝૈનુલ કાંજાણી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં નોંધાવ્યું હતું કે, ઝૈનુલે યુક્રેનમાં તબીબ અભ્યાસ કરીને ભુજના ઘનશ્યામ નગરમાં પીપીસી ક્લબની સામે 'કાજાણી મલ્ટિ-સ્પેશિયાલીટી હોસ્પિટલ' ચાલુ કરી હતી. પોતાને ઉચ્ચકક્ષાનો સર્જન દર્શાવી, પોતાની હૉસ્પિટલમાં રોકાણની જરૂર હોઈ, ફરિયાદીને વિશ્વાસમાં લઇ કરોડો રૂપિયાની માગણી કરતાં શરૂઆતમાં ૧૦ લાખ અને બાદમાં મિલકત ઉપર લોન કરાવી એક કરોડ આપ્યા હતા. થોડા સમય બાદ જાણકારી મળી હતી કે, કાંજાણીએ ભુજના વેપારી અર્જુન કિશોર અજાણી સાથે પણ એક કરોડ રૂપિયાનું રોકાણ કરાવ્યું છે, તેની પાસેથી પણ આ રીતે રોકાણ કરાવી હૉસ્પિટલમાં ન ખર્ચીને પોતાના અંગત વપરાશમાં લઇ નાસી છૂટયો છે. તપાસમાં એવું પણ ખુલ્યું હતું કે, આરોપી ઝૈનુલ કાંજાણીએ અન્ય મહિલા તબીબના મેડિકલ સર્ટિફિકેટ સાથે ફોટોશોપ વડે છેડછાડ કરી પોતાના નામે બોગસ સર્ટિફિકેટ બનાવીને આ હૉસ્પિટલ શરૂ કરવાની મંજૂરી મેળવી હતી. આ ફરિયાદના આધારે સી.આઇ.ડી ક્રાઇમ-ભુજે ફરાર થઇ ગયેલા આરોપી ઝૈનુલની ધરપકડ કરી રિમાન્ડ મેળવી આરોપીને પાલારા જેલ હવાલે કરવામાં આવ્યો હતો. આરોપી ઝૈનુલે ભુજની સેશન્સ કોર્ટમાં નિયમિત જામીન મેળવવા અરજી કરતાં જજ તુષાર એમ. ખંધડિયાએ ગુનાની ગંભીરતા અને સમાજ ઉપર અસર તથા પ્રાથમિક સંડોવણી તેમજ તપાસ નાજુક તબક્કે હોવાના તારણો આપી જામીન નામંજૂર કર્યા હતા. આ કેસમાં મૂળ ફરિયાદી અંકિત તથા અર્જુન વતી અધિક જિલ્લા સરકારી વકીલ પ્રવીણ વી. વાણિયા સાથે ખાનગી વકીલો સંતોષસિંહ આર. રાઠોડ, ચિન્મય એચ. આચાર્ય,જિગરદાન એમ. ગઢવી, રોહિત એમ.મહેશ્વરી હાજર રહ્યા હતા.

# ભુજમાં પોલીસ-અપરાધી વચ્ચેના દિલધડક કાર ચેસથી ભય પ્રસર્યો, ત્રણ ખાનગી કાર વડે પોલીસે સતત ૯ કિ.મી સુધી ફિલ્મીઢબે પીછો કર્યા બાદ આરોપી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરમાં ભરબપોરે સર્જાયેલા પોલીસ-આરોપીના દિલધડક કાર ચેસનો બનાવ બહાર આવ્યો હતો જેમાં તાલુકાના વરનોરાથી કારમાં ગૌ-માંસ ભરીને લઈને આવતા શખ્સને પકડવા માટે સ્થાનિક ગુન્હાશોધક શાખાના કર્મીઓએ આત્મારામ સર્કલથી ત્રણ ખાનગી કારમાં આરોપીનો પીછો કર્યો હતો અને શહેરના અત્યંત વ્યસ્ત માર્ગો પર ૯ કિલોમીટર સુધી કાર ચેસ બાદ આરોપી કાર સમેત પલાયન થઇ ગયો હતો.

આ બનાવ અંગે હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ ભાગવતસિંહ ગઢવીએ ભુજના બી ડીવીઝન પોલીસ મથકે કેમ્પ વિસ્તાર રામનગરીમાં રહેતા ઇમ્તિયાજ અબ્દુલ જુણેજા તથા તેની સાથેના અન્ય શખ્સો વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત મંગળવારે એલસીબીની ટુકડી ત્રણ ખાનગી કારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. એ દરમિયાન ઈમ્તિયાઝ જુણેજા તેની ગ્રે રંગની કારમાં વરનોરા ગામ તરફથી ગૌમાંસ લઈને આવી રહ્યો હોવા અંગે એલસીબીની ટુકડીને મળતાં ભુજના એન્ટ્રી પોઇન્ટ એવા આત્મારામ સર્કલની આજુબાજુ વોચમાં ગોઠવાયા હતા. ત્યારબાદ બપોરે દોઢ વાગ્યાના અરસામાં સ્વીફ્ટ કારમાં પસાર થયેલો આરોપી શખ્સ જથ્થાબંધ બજારના અંદરના રસ્તેથી આર.ટી.ઓ સર્કલ તરફ જવા નીકળ્યો હતો. એ દરમિયાન ઈમ્તિયાઝ ખાનગી કારમા રહેલા પોલીસ કર્મીને જોઈ ગયો હતો અને તેમની કારને ટક્કર મારીને કેમ્પ વિસ્તાર તરફ ભાગ્યો અને ત્યાંથી લાલ ટેકરી થઈ ડીવાયએસપી બંગ્લોઝ સુધી જોખમી રીતે કાર દોડાવી મૂકી હતી.

ત્યાંથી ભુજ ઈંગ્લીશ સ્કૂલ તરફ જતા રસ્તે થઈ હૉસ્પીટલ રોડ પર ફરીથી પોલીસની ખાનગી કારને ટક્કર મારી હતી. આરોપીએ હૉસ્પીટલ રોડ તથા કેમ્પ વિસ્તારમાં પાર્ક કરેલા વાહનો તથા રસ્તામાં ચાલતા વાહનોને પણ ઠોકરે ચડાવ્યા હતા. આખરે પોલીસને ચકમો આપીને આત્મારામ સર્કલ બાજુથી પલાયન થઇ ગયો હતો.

પોલીસને જોઇને બેફામ રીતે કાર હંકારનાર આરોપીએ પોલીસ પકડથી બચવા પીછો કરી રહેલી પોલીસની બે ખાનગી કારને ત્રણ વખત ટક્કર મારી અને ૧.૭૦ લાખનું નુકસાન પહોંચાડ્યું હતું. જ્યારે વાયબલ હૉસ્પિટલ સામે પડેલી સાહિલ મનોજભાઈ મહેશ્વરીની બલેનો કારને ટક્કર મારી અન્ય વાહનોને પણ હડફેટે લીધા હતા.

આત્મારામ સર્કલથી પીછો કરતી પોલીસને આરોપી ઇમ્તિયાજ સહિતના કારમાં બેઠેલા દેખાયા હતા. આરોપીઓ સામે ગૌમાંસ અને ગૌ હત્યાના ગુના નોધાયેલા હતા અને એલસીબી કચેરી ખાતે તપાસ કરવા માટે પણ બે-ત્રણ વાર રૂબરૂ બોલાવ્યા હોવાથી પોલીસને ઓળખી ગયા હતા જેથી પકડાઈ જવાના ડરથી ભાગ્યા હોવાનું ફરિયાદમાં ઉમેર્યું હતું. આરોપીને ટ્રેસ કરવાની તજવીજ ચાલુમા હોવાનું જાણવા મળ્યું હતું.

# મોરબીમાં સગીરાએ કર્યો આપઘાત, અભ્યાસના તણાવને કારણે ૧૧મા માળેથી ઝંપલાવ્યું

અમદાવાદઃ મોરબીના રવાપર ઘૂનડા રોડ પર આવેલા એક એપાર્ટમેન્ટ રહેતી સગીરાએ આત્મહત્યા કરી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. સગીરાએ વહેલી સવારે ૧૧મા માળેથી ઝંપલાવીને જીવનલીલા સંકેલી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. પોલીસ દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં અભ્યાસના તણાવને કારણે આત્મહત્યા કરી હોવાનું અનુમાન છે. જો કે, આ કારણ ચોક્કસ નથી. સાચું કારણ જાણવા માટે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. ઘટનાની મળતી વિગતો અનુસાર મોરબીના રવાપર ઘૂનડા રોડ પર આવેલા કસોરા ૧૧ એપાર્ટમેન્ટના બ્લોક નંબર ૫૦૩માં રહેતા સુનીલ માલાસણાની ૧૬ વર્ષીય દીકરી દેવાંગીએ વહેલી સવારે બિલ્ડિંગની છત પરથી ઝંપલાવી દીધું હતું. ૧૧મા માળેથી પટકાવાને કારણે દેવાંગી ગંભીર રીતે ઘાયલ થઈ હતી. આ સગીરાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું તેવું જાણવા મળ્યું છે. આ સમગ્ર મામલે જાણ થતા જ મોરબી એ-ડિવિઝન પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે આ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને આગળની તપાસ શરૂ કરી દીધી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછ પ્રમાણે મૃતક દેવાંગી કેટલાક સમયથી અભ્યાસના ભારણને લીધે માનસિક તણાવમાં રહેતી હતી. આ ટેન્શનમાં જ તેણે આઘાતજનક પગલું ભર્યું હશે તેવી ચર્ચાઓ ચાલી રહી છે. પોલીસે સગીરાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોરબીની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો છે. એ-ડિવિઝન પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે.

# ભાવનગરમાં ઘરકામ કરવા રાખેલ મહિલાએ જ ₹ ૪.૮૦ લાખની મતાની ચોરી કર્યાની પોલીસ ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં હિમાલયા મોલ નજીક આવેલા હિમાલયા સ્કાય ફ્લેટમાં ઘરકામ માટે રાખવામાં આવેલી મહિલાએ જ ઘરમાંથી રોકડ રકમ અને સોનાના ઘરેણાં મળી કુલ રૂ. ૪ લાખ ૮૦ હજારની ચોરી કર્યાની પોલીસ ફરિયાદ નોંધાય હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગરના હિમાલય લયામોલ બાજુમાં આવેલા હિમાલયા સ્કાય ફ્લેટમાં રહેતા હાર્દિકભાઈ મહેશચંદ્રભાઈ કારેલીયાના ઘરે ઘરકામ માટે રાખવામાં આવેલી છાયાબેન સોલંકી પર ચોરીની શંકા વ્યક્ત કરવામાં આવી છે. હાર્દિકભાઈએ પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમની પત્નીના બન્ને પગમાં ઓપરેશન થયેલું હોવાથી ઘરકામ માટે છાયાબેનને રાખવામાં આવ્યા હતા. ઘરકામ શરૂ થયા બાદ ઘરેથી રોકડા રૂપિયા ઓછા થતા હોવાની શંકા ઊભી થઈ હતી.

રોકડ અને સોનાના ઘરેણાં મળી કુલ ૪ લાખ ૮૦ હજારની ચોરી તા.૧૦ ડિસેમ્બરથી આજદિન સુધીમાં ઘરમાંથી રોકડા રૂ. ૨,૬૦,૦૦૦ તેમજ સોનાના દાગીના ગુમ થતાં હોવાની ફરિયાદ નોંધાઈ છે. તપાસ દરમિયાન ફરિયાદીના દીકરાએ કબાટમાં રાખેલા રૂ.૫,૦૦૦ પણ છાયાબેન ઘરેથી ગયા બાદ ગાયબ મળતા શંકા વધુ મજબૂત બની હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ અલગ અલગ સમયમાં ઘરમાંથી કુલ રૂ. ૪,૮૦,૦૦૦ની ચોરી કરવામાં આવી છે. જેમાં રોકડા રૂપિયા ઉપરાંત સોનાના દાગીનામાં અંદાજે એક નેકલેસ જેનું વજન આશરે ૩૦ ગ્રામ જેની કિ.રૂ.૭૦,૦૦૦, એક જલેબી ડિઝાઈનનો ચેઇન વજન આશરે ૨૮ ગ્રામ જેની કિ.રૂ. ૬૫,૦૦૦, એક ડિસ્કો ચેઇન જેનું વજન આશરે ૧૭ ગ્રામ જેની કિ.રૂ.૪૫,૦૦૦ રોડીયમનો ચેઇન સાથે હિરાનું પેન્ડલ જેનુ વજન આશરે ૧૪ ગ્રામ જેની કિ.રૂ.૪૦,૦૦૦નું સામેલ છે.આ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# લખપત તાલુકાના મોટી છેરના અકરી થર્મલ પાવર સ્ટેશનના મટીરિયલ હેન્ડલિંગ પ્લાન્ટમાં ધમાકો થતાં એક કર્મી ગંભીર રીતે ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના લખપત તાલુકામાં આવેલા ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડ હસ્તકના અકરી મોટા થર્મલ પાવર મથકના એમ.એચ.પી. વિભાગમાં એક બ્રેકરમાં જોરદાર ધડાકો થતાં એક કર્મચારીને ગંભીર ઇજાઓ પહોંચી હોવાના અહેવાલો મળ્યા હતા.

આ અંગે ગુજરાતના ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થના ડાયરેક્ટર સમક્ષ રજૂઆતમાં લખપત તાલુકા ભાજપના પૂર્વ મહામંત્રી હરેશ દવેએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી મોટી છેર ખાતે આવેલા અકરી થર્મલ પાવર મથકમાં આ પ્રકારના અકસ્માતો થઇ રહ્યા છે. સલામતીના નિયમોના અભાવે તેમજ પાવર જનરેશનના ટાર્ગેટ પૂરા કરવા દબાણ કર્યા કરતા તંત્રની લાપરવાહીના લીધે અહીં કામકાજ કરતા કામદારોના જીવ જોખમમાં મુકાઇ રહ્યા છે. અહીં થયેલા ધડાકાને લીધે સર્જાયેલા અકસ્માતની તપાસ કરી, જવાબદાર અધિકારીઓ સામે ફોજદારી કરવા માગ કરી છે.

આ બનાવમાં મટીરિયલ હેન્ડલિંગ પ્લાન્ટ (એમ.એચ.પી.)ના કર્મચારી રમેશ ગોસ્વામીને ગંભીર ઇજાઓ થઇ હતી. અગાઉના એક અકસ્માતમાં યુવાન કર્મચારીનું મૃત્યુ થયું તેને માંડ દોઢ મહિનો થયો છે ત્યારે વારંવાર અકસ્માત થાય તે સુરક્ષામાં બેદરકારી હોવાનો ગંભીર આક્ષેપ દવેએ કર્યો હતો.

# મુંદરાના આદર્શ ટાવર નજીક પૂર્વ સરપંચ વિજયસિંહ જાડેજા પર અજ્ઞાત લોકોએ લાકડીઓ વડે હુમલો કરતાં ચકચાર

ભુજઃ કચ્છના મુંદરા તાલુકાના સમાઘોઘા ગામના પૂર્વ સરપંચ અને મુંદરા બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ વિજયસિંહ જાડેજા પર મકરસંક્રાંતિની પૂર્વ સંધ્યાએ કેટલાક અજાણ્યા શખ્સો દ્વારા હુમલો કરવામાં આવતાં ભારે ચકચાર મચી જવા પામી હતી. શહેરના આદર્શ ટાવર નજીક બનેલા આ બનાવ અંગે મળી રહેલી માહિતી અનુસાર, વિજયસિંહ જાડેજાની કારને નંબર પ્લેટ વિહોણી મારુતિ સ્વિફ્ટ કારમાં આવેલા અજાણ્યા શખ્સોએ ટક્કર મારી હતી. જ્યારે વિજયસિંહ ગાડીમાંથી નીચે ઉતર્યા, ત્યારે હુમલાખોરોએ લાકડીઓ અને ધોકા વડે તેમના પર હુમલો કર્યો હતો.